અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

05 NOVEMBER-2025 WEDNESDAY | Vol. : 17 | Issue : 124 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  નિર્દોષ ભારતીય 43 વર્ષ અમેરિકાની જેલમાં રહ્યો : હવે કોર્ટે નિર્દોષ જાહેર કર્યો.....

4  દેવ દિવાળી એટલે ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા અને વિશ્વાસનું જતન કરવાનો અવસર.......

6  દેશ ભારતીય મહિલા ટીમના ઐતિહાસિક જીતની ઉજવણી:PM મોદીથી લઈને સચિન તેંડુલકર અને વિરાટ સુધી બધાએ....

7  સ્ટેન્ડઅલોન નફો વાર્ષિક ધોરણે 10% વધીને ₹20,160 કરોડ થયો......



## NEWS BRIEF

### અમદાવાદ શહેરના ટ્રાફિક પીઆઈ એફ.એલ. રાઠોડ કયા પ્રકારનું કરી રહ્યા છે ઉઘરાણુ

#### ટ્રાફિક નિયમનનું ભંગ કરનારાઓ સામે લાંલ આખ કરવાની જગ્યાએ કેમ આંખ આડા કાન

#### મોટી ગાડીઓથી લઈને નાની ગાડીઓના નંબર અને તેઓની આખી લીસ્ટ રાઠોડ સાહેબના વહિવટદાર પાસે

અમદાવાદ શહેરના નારોલ સર્કલ, કાંકરીયા ગેટ નં. 3, એસટી બીટ, અસલાલી, પીરાણા, કોઝી હોટેલ જેવા વિસ્તારમાં પ્રાઈવેટ વાહન ચાલકો પાસેથી ટ્રાફિક પીઆઈશ્રી એફ.એલ. રાઠોડનાઓના વહિવટદાર દ્વારા કયા પ્રકારનું ઉઘરાણુ કરવામાં આવી રહ્યું છે, સ્થાનિક પ્રાઈવેટ વાહન ચાલકો દ્વારા જણાવવામાં આવ્યા અનુસાર આ પ્રાઈવેટ વાહન ચાલકો પાસેથી જેમ કે પીયુસી લાઈસન્સ અન્ય દસ્તાવેજના હોવા છતાં પણ પોતાના વાહનો ચલાવી શકે અને ઓવરલોડેડ વાહનોને પણ છાવરી લે તેવી રીતનું ઉઘરાણુ કરવામાં આવે છે, અને જો કોઈ પ્રાઈવેટ વાહન ચાલક ઉઘરાણુ ન આપે તો તેઓની ગાડી જમા લેવાની વાતો કરે છે. એક પ્રાઈવેટ વાહન ચાલકે તો અહીંયા સુધી પણ જણાવ્યું કે, આ ઉઘરાણુ ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચતો હોય છે અમારે વધારે કહી નહી કહેવુ પરંતુ એટલુ સમજી લો કે, રાઠોડ સાહેબનુ ઉઘરાણુ નિયમિત ના થાય તો અમારી પણ રોજીરોટી બંધ થઈ જાય એમ છે.

### ભારતને UNSCમાં સામેલ કરો નહીંતર નબળું જ રહેશે સંયુક્ત રાષ્ટ્ર



ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખ એલેક્ઝાન્ડર સ્ટબે ભારતની તરફેણમાં મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, 'જો ભારતને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં સામેલ નહીં કરવામાં આવે તો સંયુક્ત રાષ્ટ્ર નબળું પડી જશે. તેમણે યુએનએસસીમાં ભારતનો સમાવેશ કરવાની કડક શબ્દોમાં હિમાયત કરી છે.

મીડિયા રિપોર્ટ મુજબ ફિનલેન્ડના રાષ્ટ્રપ્રમુખે વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi) અને વિદેશ મંત્રી એસ.જયશંકર (S. Jaishankar)નો ઉલ્લેખ કરીને કહ્યું છે કે, 'વૈશ્વિક સ્થિરતા જાળવી રાખવામાં અને વૈશ્વિક વિકાસમાં ભારતની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે.

એલેક્ઝાન્ડર સ્ટબે કહ્યું કે, 'હું ભારતનો ખૂબ મોટા પ્રશંસક છું અને મને લાગે છે કે અમેરિકા અને ચીન સાથે ભારત આપણો આગામી સુપરપાવર હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હોય કે વિદેશ મંત્રી જયશંકર, વર્તમાનમાં ભારત જે કરી રહ્યું છે, તેમાં વ્યૂહાત્મક વિચારધારાની ઝલક જોવા મળે છે, જેના કારણે વિશ્વભરમાં તેઓને સન્માન મળે છે.'

તેમણે કહ્યું કે, 'મેં યુએનની મહાસભામાં બે વખત આ વાત કહી છે. હું સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો વિસ્તાર વધે, તેવું ઈચ્છું છું, તેમાં સભ્ય સંખ્યા ઓછામાં ઓછી બમણી થવી જોઈએ. ભારત જેવા દેશો સુરક્ષા પરિષદમાં ન હોય તે ખોટું છે. લેટિન અમેરિકામાંથી એક, આફ્રિકામાંથી બે અને એશિયામાંથી બે સભ્યોને આમાં સામેલ કરવા જોઈએ.'

### મહાદેવ એપ કૌભાંડ કેસનો મુખ્ય આરોપી દુબઈમાંથી લાપતા, પ્રત્યાર્પણની આશા રાખનાર ભારતને ઝટકો

6000 કરોડ રૂપિયાનાના મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી એપ કૌભાંડના મુખ્ય આરોપી અને એપનો પ્રમોટર રવિ ઉપ્પલ યુએઈમાંથી કથિત ગુમ થઈ ગયો હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. યુએઈના અધિકારીઓએ ભારતીય એજન્સીઓને આ અંગેની જાણ કરી છે, જેના કારણે સીબીઆઈ, ઈડી અને છત્તીસગઢ પોલીસ દ્વારા ચાલી રહેલી તપાસને મોટો ફટકો પડ્યો છે. ઉપ્પલ અને તેના સહ-માલિક સૌરભ ચંદ્રાકર પર ગેરકાયદે સટ્ટાબાજી દ્વારા હજારો કરોડ રૂપિયાની છેતરપિંડી કરવાનો આરોપ છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, આ કૌભાંડના બીજા મુખ્ય આરોપી અને સહ-માલિક સૌરભ ચંદ્રાકરને ઓક્ટોબર 2024માં ઈન્ટરપોલના રેડ નોટિસના આધારે યુએઈના અધિકારીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યો હતો, જોકે બાદમાં તેને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. ફરાર થયેલા હોવાની શંકા ધરાવતા રવિ ઉપ્પલને ડિસેમ્બર 2023 માં પણ યુએઈ અધિકારીઓએ ટૂંકા સમય માટે અટકાયતમાં લીધો હતો, પરંતુ ત્યારબાદ તેને મુક્ત કરી દેવાયો હતો. CBI અને EDએ આ ઘટના અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરી નથી. રવિ ઉપ્પલની ગેરહાજરીથી તેના ભાગી જવાની શંકા ઘેરી બની છે. રિપોર્ટ મુજબ, યુએઈએ પ્રત્યાર્પણની પ્રક્રિયા બંધ કરવાની શરૂઆત કરી દીધી છે. 50 વર્ષથી ઓછી ઉંમરનો રવિ ઉપ્પલ સૌરભ ચંદ્રાકર સાથે મળીને 6000 કરોડ રૂપિયાના કૌભાંડનો આરોપી છે.

## હાવડા રૂટ પર ચાલી રહેલી પેસેન્જર ટ્રેન અને માલગાડી વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી

# વિલાસપુરમાં પેસેન્જર ટ્રેન-માલગાડી વચ્ચે ટક્કર : 5નાં મોત

**બિલાસપુર, તા.04**

છત્તીસગઢના બિલાસપુર જિલ્લામાં મંગળવારે કોરબા પેસેન્જર ટ્રેન માલગાડી સાથે અથડાઈ હતી. રેલવેએ પાંચ લોકોના મોતની પુષ્ટિ કરી છે, જ્યારે બાળકો સહિત 11 અન્ય લોકોની રેલવે હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ અકસ્માત ગટૌરા સ્ટેશનના લાલ ખંડ નજીક થયો હતો.

આ અકસ્માતની માહિતી મળતાં જ રેલવે અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. એક બાળકને પણ બચાવી લેવામાં આવ્યું હતું અને તેને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યું હતું. હાલમાં બચાવ કામગીરી ચાલી રહી છે. બચાવ ટીમે ઘણા મુસાફરોને બચાવ્યા છે, જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ટ્રેનની અંદર સારવાર આપવામાં આવી રહી છે.

રેલવે વહીવટીતંત્રે તાત્કાલિક તબીબી એકમો અને વિભાગીય અધિકારીઓને ઘટનાસ્થળે મોકલ્યા હતા. સમગ્ર રૂટ પર ટ્રેન કામગીરી અટકાવી દેવામાં આવી છે. ઘણી એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનો રદ કરવામાં આવી છે અથવા ડાયવર્ટ કરવામાં આવી છે. SP રજનીશ સિંહ અને કલેક્ટર પણ ઘટનાસ્થળે પહોંચ્યા છે.



### બિલાસપુર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ પર મુસાફરોમાં અફરા-તફરી

બિલાસપુર રેલવે સ્ટેશન પ્લેટફોર્મ પર મુસાફરો ગભરાટમાં છે, તેઓ નક્કી કરી શકતા નથી કે કઈ ટ્રેન કેટલા સમય મોડી છે. પ્લેટફોર્મ નંબર 6 પર રાયપુર જતી લોકલ ટ્રેનની રાહ જોઈ રહેલા મુસાફરોને અચાનક ખ્યાલ આવ્યો કે ટ્રેન પ્લેટફોર્મ નંબર 1 પર છે, અને મુસાફરો દોડવા લાગ્યા. બિલાસપુરમાં ગેસ કટરથી પેસેન્જર ટ્રેનના ડબ્બાને કાપવામાં આવી રહ્યો છે. આ ડબ્બામાં મહિલાઓ અને બાળકો ફસાયેલા હોવાના અહેવાલ છે.

## કોર્ટ દસ્તાવેજમાં ષડયંત્રનો ખુલાસો થયો : અમેરિકામાં મોટો આતંકી હુમલો ટળ્યો

### FBIએ પાંચમાંથી બે વ્યક્તિની કરી ધરપકડ, હથિયારો જપ્ત

**વોશિંગ્ટન, તા.04**

અમેરિકામાં એક મોટો આતંકવાદી હુમલો થતો અટકાવવામાં આવ્યો છે. ફેડરલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (FBI)એ આ માહિતી આપી છે. FBIના ડિરેક્ટર કાશ પટેલે કહ્યું કે, એફબીઆઈએ એક મોટા નરસંહાર થતો અટકાવ્યો છે. મિશિગનના બે વ્યક્તિઓએ ડેટ્રોઈટ નજીક હેલોવીન આતંકી હુમલાની યોજના બનાવી હતી. તેમના ષડયંત્રમાં હથિયારો એકઠા કરવા, હુમલા માટે ટાર્ગેટ શોધવો અને ગન રેન્જની તાલીમ સામેલ હતી. ફેડરલ પ્રોસિક્યુટર્સે આ બે વ્યક્તિઓ પર





મિશિગનમાં આતંકી હુમલાનું ષડયંત્ર રચીને અમેરિકામાં હુમલો કરવાની યોજના બનાવવાનો આરોપ મૂક્યો છે. આ માહિતી સોમવારે જાહેર કરાયેલા કોર્ટ દસ્તાવેજમાંથી મળી છે. એફબીઆઈના સોગંદનામા મુજબ, મોહમ્મદ અલી અને માજિદ મહમૂદે તાજેતરના મહિનાઓમાં રાઈફલો સહિતના હથિયારો ખરીદ્યા હતા અને ઓનલાઇન વાતચીત કરી હતી. આનાથી સંકેત મળ્યા છે કે, તેઓને હુમલાના ષડયંત્રની જાણ હતી. અલી અને મહમૂદ પર એક ફેડરલ કાયદા હેઠળ આરોપ મૂકવામાં આવ્યો છે. તેમના પર હથિયારો અને દારુગોળો ટ્રાન્સફર કરવાનો પ્રયાસ અથવા ષડયંત્ર રચવાનો આરોપ લગાવાયો છે. આ આરોપ આતંકવાદી પ્રવૃત્તિઓમાં ગણવામાં આવશે. આ ઉપરાંત બંને પર ISISને મદદ કરવાનો પણ આરોપ મુકાયો છે. સરકારી વકીલની દલીલ છે.

## માઈ-બહેન યોજનાના એકસાથે ₹30 હજાર આપીશું : તેજસ્વી

### સરકાર બની તો કર્મચારીઓનું 70 kmના વિસ્તારમાં ટ્રાન્સફર; 15 સભાઓ કરી

**પટના, તા.04**

પટનામાં તેજસ્વી યાદવે મંગળવારે (4 નવેમ્બર) પ્રેસ કોન્ફરન્સ કરીને જાહેરાત કરી કે જો અમારી સરકાર બનશે તો માઈ-બહેન યોજના હેઠળ એક વર્ષની પૂરી રકમ 30 હજાર રૂપિયા એકસાથે મહિલાઓના ખાતામાં મોકલીશું. માઈ-બહેન યોજના હેઠળ રાજદએ મહિને અઢી હજાર આપવાનો વાયદો કર્યો છે. તેજસ્વીએ કહ્યું, 'સરકાર બન્યા પછી 14 જાન્યુઆરીના રોજ અમારી સરકાર એક વર્ષનું ભંડોળ એકસાથે આપશે, જેથી મહિલાઓને તેનો ફાયદો થઈ શકે. સાથે જ જીવિકા દીદી કમ્યુનિટી મોબલાઈઝરને કાયમી કરીશું. તેમને દર મહિને 2 હજાર આપીશું.'



પટનામાં પ્રેસ કોન્ફરન્સ પછી નેતા પ્રતિપક્ષ તેજસ્વી યાદવ સહરસા પહોંચ્યા. આ દરમિયાન તેમણે જિલ્લામાં 3 જનસભાઓને સંબોધિત કરી. ચૂંટણી સભાઓમાં તેમણે ઘણા મોટા વાયદાઓની જાહેરાત કરી. તેમણે કહ્યું, 'મહાગઠબંધનની સરકાર બનવા પર દરેક પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપવામાં આવશે. આ સાથે જ 'માઈ-બહેન યોજના' હેઠળ દરેક પરિવારની મહિલાના ખાતામાં 30 હજાર મોકલવામાં આવશે.'

## ભારત સાથે કેમ પંગો લેવા માંગે છે બાંગ્લાદેશના યુનુસ? પાકિસ્તાન બાદ તુર્કીયેને આપી વિવાદિત નકશો દર્શાવતું પેઈન્ટિંગ

**નવી દિલ્હી, તા.04**

મોહમ્મદ યૂનુસ જ્યારથી બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર બન્યા છે, ત્યારથી તેઓ ભારત વિરુદ્ધ ઝેર ઓંકવાનું, સંબંધો બગાડવાનું, ભારતના દુશ્મન દેશને સમર્થન આપવાનું અને આડકતરી રીતે ભારતને ટાર્ગેટ કરવાનું કામ કરી રહ્યા છે. થોડા દિવસો પહેલા યૂનુસે પાકિસ્તાનને એક વિવાદાસ્પદ પેઈન્ટિંગવાળો નકશો આપ્યો હતો, ત્યારે હવે તેમણે આવો જ નકશો તુર્કેઈને આપ્યો છે. આ નકશામાં ભારતના પૂર્વોત્તર ક્ષેત્રને બાંગ્લાદેશનો ભાગ દેખાડાયો છે. વિવાદાસ્પદ રાજકીય ગેમ રમનારા યૂનુસે તુર્કીના સંસદીય પ્રતિનિધિમંડળને એક આર્ટવર્ક ભેટ આપી છે, જેમાં કથિત રીતે ભારતના પૂર્વોત્તર ક્ષેત્રને બાંગ્લાદેશના હિસ્સા તરીકે દર્શાવવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ તુર્કીના પ્રતિનિધિમંડળને



સોંપવામાં આવેલા દસ્તાવેજોમાં ભારત સાથે યુદ્ધ અને ત્યારબાદની યોજનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ પહેલા યૂનુસે પાકિસ્તાનના વરિષ્ઠ સૈન્ય અધિકારી જનરલ સાહિર શમશાદ મિર્ઝા ને પણ આ જ પ્રકારનો વિવાદાસ્પદ નકશો ભેટ આપ્યો હતો, જેના પર ભારતે સખત નારાજગી વ્યક્ત કરી હતી.

**વોટ ચોરી નહીં થાય તો મહાગઠબંધનની સરકાર બનશે**

## ગયામાં રાહુલ ગાંધીએ કહ્યું- બિહારમાં આરોગ્ય વ્યવસ્થા પડી ભાંગી, નીતિશ- મોદીએ યુવાનોને બેરોજગારી ભેટ આપી



**ઔરંગાબાદ, તા.04**

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગયાના ઔરંગાબાદમાં એક જાહેર સભાને સંબોધી હતી. બંધારણ બતાવતા તેમણે કહ્યું કે તેમાં લખ્યું છે કે એક વ્યક્તિનો એક વોટ હોવો જોઈએ. મોદી અને શાહ ચૂંટણી પંચ સાથે મળીને વોટ ચોરી કરી રહ્યા છે.

મોદીએ આ વખતે કહ્યું, અબ કી બાર 400 પાર, પણ તે થયું નહીં. જો વોટ ચોરી ન થઈ હોત, તો દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધન સત્તામાં હોત. બિહારમાં એવું નહીં થાય; બિહારના યુવાનો આ વખતે તેમને રોકશે.

નરેન્દ્ર મોદી અને નીતિશ કુમાર બિહારમાં વોટ ચોરી વગર ચૂંટણી જીતી શકતા નથી. જો જનતાએ વોટ ચોરી રોકશે તો બિહારમાં મહાગઠબંધનની સરકાર બનશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે બિહારના યુવાનો દેશના અન્ય રાજ્યોમાં મજૂરી કરે છે. કારણ કે નીતિશ કુમાર અને નરેન્દ્ર મોદીએ બિહારના યુવાનોને બેરોજગારી ભેટ આપી છે. દેશ જાણે છે કે બિહારીઓમાં શક્તિ અને ઉર્જાની કમી નથી, પરંતુ કોઈ કારણોસર યુવાનોને બિહારમાં રોજગાર મળી શકતો નથી. અગાઉ ઔરંગાબાદમાં, રાહુલ ગાંધીએ લોકોને પૂછ્યું, 'તમે કેમ છો? તમારો મૂડ કેવો છે? તમારી પાસે નીતિશ કુમારને હટાવવાનો પ્લાન છે? તમારું કામ ચાલુ છે. તે ચાલી રહ્યું છે. નીતિશ કુમાર 20 વર્ષથી સરકાર ચલાવી રહ્યા છે.

**લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર**

## વારાણસીમાં ફ્લાઈટનો ઈમરજન્સી દરવાજો ખોલવાનો પ્રયાસ

### ટેકઓફ પહેલાં રોક્યું, બધા મુસાફરોને નીચે ઉતાર્યા અને તપાસ કરી; આરોપી કસ્ટડીમાં





**વારાણસી, તા.04**

વારાણસીના લાલ બહાદુર શાસ્ત્રી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક મુસાફરે ફ્લાઈટનો ઈમરજન્સી દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો. મુંબઈ માટે ટેકઓફ કરતા પહેલા વિમાન એપ્રોનથી રનવે તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે મુસાફરની કૃત્યથી અફરા-તફરી મચી ગઈ. ક્રૂએ તાત્કાલિક પાઈલટને ઘટનાની જાણ કરી. પછી ATCનો સંપર્ક કરવામાં આવ્યો, અને વિમાનને એપ્રોન પર પાછું લાવવામાં આવ્યું. આરોપીને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

અન્ય તમામ મુસાફરોને પણ નીચે ઉતારવામાં આવ્યા હતા અને વિમાનની તપાસ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, ધરપકડ કરાયેલો યુવાન જૌનપુરના મુંગારાબાદ શાહપુરનો રહેવાસી છે. તેની ઓળખ સુજીત સિંહ તરીકે થઈ છે. પોલીસ અને ગુપ્તચર ટીમો તેની પૂછપરછ કરી રહી છે. આ ઘટના સોમવારે સાંજે બની હતી. નિરીક્ષણ પછી, વિમાનને સાંજે 7:45 વાગ્યે ઉડાન ભરવાની મંજુરી આપવામાં આવી હતી.

મુંબઈ જતી ફ્લાઈટની ઘટના એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકાસા એરલાઈન્સની ફ્લાઈટ QP-1498 સાંજે 4 વાગ્યે મુંબઈથી રવાના થઈ હતી અને 6:20 વાગ્યે વારાણસી એરપોર્ટ પર પહોંચી હતી. મુસાફરોને ઉતાર્યા પછી, તે સાંજે 6:45 વાગ્યે મુંબઈ માટે ઉડાન ભરવાની હતી. સાંજે 6:45 વાગ્યે (QP-1497), વિમાને ATCનો સંપર્ક કર્યો અને એપ્રોનથી ટેકઓફ માટે રનવે તરફ આગળ વધ્યું.

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કુમાઉ યુનિવર્સિટી પહોંચ્યા :**

## વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ આપ્યા; કૈંચી ધામના દર્શન કર્યા, નૈના દેવી મંદિરમાં આરતી કરી

**હલ્દવાની, તા.04**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે પહેલી વાર નૈનીતાલમાં કુમાઉ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી. તેમણે 20 વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ આપ્યા હતા. તે પહેલાં તેમણે બાબા નીમ કરોલીના દર્શન કર્યા હતા. દેશના કોઈ રાષ્ટ્રપતિએ કૈંચી ધામની મુલાકાત લીધી હોય તેવો આ પહેલો પ્રસંગ હતો.



રાષ્ટ્રપતિના આગમન પહેલાં મંદિર ભક્તો માટે બંધ હતું, પરંતુ બપોરે 12 વાગ્યા પછી જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું. રાષ્ટ્રપતિએ પગપાળા મંદિરની પરિક્રમા કરી. અગાઉ, રાષ્ટ્રપતિએ શક્તિપીઠ મા નૈના દેવી મંદિરની મુલાકાત લીધી અને પૂજા-અર્ચના કરી હતી. તેમણે રાષ્ટ્રની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

## ન્યૂઝ ટ્રેક

## વડોદરા જિલ્લામાં 24 કલાકમાં 5 અકસ્માત, 5ના મોત

**વડોદરા, તા.04**

વડોદરા શહેર સહિત જિલ્લામાં અવાર નવાર અકસ્માતના બનાવોમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. વિતેલા 24 કલાકમાં અકસ્માતના પાંચ બનાવો સામે આવ્યા છે. જેમાં પાંચ વ્યક્તિના મોત નિપજ્યા છે. વડોદરાના વાઘોડિયા, વડુ, સાવલી, વરણામા અને ડભોઈ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આ અકસ્માત સર્જાયા હતા. વડોદરાના વરણામા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા અકસ્માતમાં ગઈકાલે બપોરે પોર ગામ સુરત તરફથી વડોદરા જતા નેશનલ હાઈવે 48 પર પોર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક જવાના માર્ગે અજાણ્યા વાહન ચાલકે રોડ ક્રોસ કરતા મોહનસિંહ ઉત્તમસિંહ ચૌહાણ ઉંમર (વર્ષ 56 રહેવાસી 121 વોર્ડ નંબર 10 નાયકા દફાઈ નોરોજાબાદ તાલુકો કુદરી જિલ્લો ઉમરીયા મધ્યપ્રદેશ )ને ટક્કર મારી અજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. આ ઘટનામાં ઘટનાસ્થળે જ આ વ્યક્તિનું મોત નીપજ્યું હતું. આ મામલે પોલીસે ફરાર વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે.




બીજા બનાવમાં વાઘોડિયા ચંપાલિયાપૂરા ગામની સીમમાં આજવા વડોદરા રોડ પર ફોર વ્હીલર ચાલક દ્વારા બેદરકારી પૂર્વક કાર ચલાવી વાઘોડિયાના 20 વર્ષીય યુવક વિક્રમભાઈ જાગાભાઈ ભરવાડને ટક્કર મારી કાર સ્થળ પર મૂકી ફરાર થઈ જતા પોલીસે શોધખોળ હાથ ધરી છે. આ અકસ્માતમાં વિક્રમનું કરુણ મોત નીપજ્યું છે.

ત્રીજા બનાવમાં સાવલીના સમલાયા વેમાર જવાના માર્ગે અજાણ્યા વાહન ચાલકે ધીરુભાઈ મનસુખભાઈ રાઠોડીયા (ઉંમર વર્ષ 59, રહે કમલાપુરા નવી નગરી, વાઘોડિયા) ચાલતા જતા હતા તે દરિમયાન ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં ધીરૂભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ સંદર્ભે સાવલી પોલીસે અકસ્માત સર્જનાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

ચોથા બનાવમાં ડભોઈના કુંઢેલા ગામની સીમમાં દરબાર રેસીડેન્સી પાસે એક ફોર વ્હીલર ચાલકે બેદરકારી પૂર્વક વડોદરાથી ડભોઇ તરફ જતા ટુ વ્હીલર વાહનને ટક્કર મારી રફુચક્કર થઈ ગયો હતો. આ અકસ્માતની ઘટનામાં સલીમભાઈ કરીમભાઈ મન્સૂરી ( ઉંમર 57 રહે પીપળસર ગામ બારીયા ફળિયું તાલુકો સંખેડા જીલ્લો છોટાઉદેપુર)નું કરૂણ મોત નીપજ્યું હતું. આ મામલે સાવલી પોલીસે ચાલકને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

પાંચમાં બનાવમાં વડુ પોલીસ મથક વિસ્તારમાં આવેલ પાદરા જંબુસર રોડ પર અજાણ્યા ટ્રક ચાલકે ભગવાન ઉર્ફે ભગો હરમાનભાઈ પઢીયાર (ઉંમર વર્ષ 48 રહે ગામેઠા પીપળાવાળું ફળિયુ પાદરા જીલ્લો વડોદરા) રોડ ક્રોસ કરતા હતા તે દરમિયાન ટ્રક ચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાઓને લઈ કરૂણ મોત નિપજ્યું હતું.

## રાજકોટ મનપાનાં સિવિક સેન્ટર બહાર અરજદારોની લાંબી લાઈનો, જુદા-જુદા પોર્ટલથી જન્મ-મરણ વિભાગ મૂંઝવણમાં

**ગાંધીનગર**

રાજકોટ મહાનગરપાલિકાના જન્મ-મરણ વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી અરજદારોની લાંબી કતારો જોવા મળી રહી છે, જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. હાલ મનપા, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના એમ 3 અલગ-અલગ પોર્ટલ ઉપર ડેટા વિભાજિત હોવાને લઈ જન્મ-મરણના દાખલા કઢાવવા માટેની પ્રક્રિયા અત્યંત ધીમી પડી ગઈ છે. જેનાથી લોકો પરેશાની ભોગવી રહ્યા છે. ત્યારે અધિકારીએ લાઈનોનું કારણ તેમજ ત્રણેય પોર્ટલની જાણકારી આપી હતી. અને ટૂંક સમયમાં લાઈનો ઓછી થવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાજકોટ મહાપાલિકાના અધિકારી પ્રેરિત જોશીએ આ અંગે જણાવ્યું હતું કે, લાંબી લાઈનો થવા પાછળનું મુખ્ય કારણ તાજેતરમાં ગયેલી દિવાળીના તહેવારની 9 દિવસની રજાઓ છે. રજાઓના કારણે જે અરજદારો દાખલા કઢાવી શક્યા નહોતા, તે તમામ લોકો એકસાથે આવતા આ પ્રશ્ન ઉભો થયો છે. હાલમાં સ્થિતિ લગભગ સામાન્ય જેવી જ છે અને આગામી 15 દિવસમાં આ પેન્ડન્સી પૂરી થઈ જશે અને ત્યારબાદ કામગીરી રૂટિન થઈ જશે. કેન્દ્ર સરકારનું સીઆરએસ નામનું પોર્ટલ નવું એડોપ્ટ કર્યું હોવાનું જણાવીને અધિકારીએ ઉમેર્યું કે, કેન્દ્ર સરકારની લિંક મળ્યા બાદ ડેટાબેઝ શિફ્ટ કરવામાં થોડો સમય લાગશે. જોકે, કેન્દ્ર સરકારના આ પોર્ટલ પર મહાપાલિકા કોઈ ફેરફાર (સુધારો) કરી શકતી નથી અને તેના પર માત્ર 2020 પછીની એન્ટ્રી થઈ શકે છે. આ ઉપરાંત, 2020 પહેલાનો ડેટા રાજ્ય સરકારના પોર્ટલ ઉપર હોવાથી તેનો પણ ઉપયોગ કરવો પડે છે. જોકે આ માટે અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. અને લોકોને કોઈ મુશ્કેલી ન પડે તેનો પ્રયાસ કરાઈ રહ્યો છે. વધુમાં તેમણે જણાવ્યું કે, જ્યારે જન્મ-મરણની કામગીરી ડિજિટાઈઝ થઈ, ત્યારે સૌપ્રથમ કોર્પોરેશને પોતાનો સોફ્ટવેર બનાવ્યો હતો. ત્યારબાદ રાજ્ય સરકારે 2020માં 'ઈ ઓળખ' પોર્ટલ બનાવ્યું અને હવે 2025ના સપ્ટેમ્બર મહિનાથી મનપા કેન્દ્ર સરકારના પોર્ટલ પર કામ કરી રહી છે. આમ, ત્રણ જુદી જુદી જગ્યાએ ડેટાબેઝ હોવાથી જે અરજદારનો ડેટા જે પોર્ટલમાં હોય તેમાંથી કાઢીને આપવો પડે છે. જોકે આ સમસ્યા ઉકેલવા પ્રયાસ ચાલી રહ્યા છે. જેને લઈને ગણતરીના દિવસોમાં આ સમસ્યા હલ થવાની શક્યતા છે. જન્મ-મરણ વિભાગે કામગીરીને સરળ બનાવવા માટે અઠવાડિયાના 6 દિવસ માટે વર્ષવાઈઝ કામગીરીનો 'વારો' નક્કી કર્યો છે. જેમાં સોમ અને મંગળવારે 2020 પહેલાના દાખલાનું કામ થાય છે. તો બુધ અને ગુરુવારે 2020થી 2025 વચ્ચેના દાખલાનું કામ કરવામાં આવે છે. જ્યારે શુક્ર અને શનિવારે 2025 એટલે કે હાલના તમામ જન્મ-મરણની નોંધણીનું કામ કરવામાં આવી રહ્યું છે.

### ભાવનગર જિલ્લાનો પાક નુકસાનીનો સર્વે પૂર્ણ

# 11 તાલુકાના 699 ગામમાં પંચરોજકામ કરાયું, મગફળી-કપાસમાં વધુ નુકસાન, સરકારને રિપોર્ટ સોંપાશે......

■ **ડિજિટલ સર્વેનો વિરોધ થતાં સરકારે પંચરોજકામ કરી સર્વેની સૂચના આપી હતી**

**ભાવનગર, તા.04**

હવામાન વિભાગની આગાહીના પગલે છેલ્લા 1 સપ્તાહમાં ભાવનગર જિલ્લામાં કમોસમી માવઠાંએ તારાજી સર્જી હતી, જેમાં ખેડૂતો મહેનત પર પાણી ફરી વળ્યું છે. જિલ્લામાં સાર્વત્રિક કમોસમી ધોધમાર વરસાદ પડયો છે, જેના કારણે ખેડૂતોના ખીરફ મગફળી, કપાસ, ડુંગળી, ઘાસચારો સહિતના પાકોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. ત્યારે ખેડૂતોના ઉગ્ર વિરોધ બાદ રાજ્ય સરકારે પંચરોજકામ કરી સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં ભાવનગર જિલ્લાના 10 તાલુકા અને 1 સિટી મળી કુલ 11 તાલુકાના 699 ગામોમાં સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હતી. સર્વેના આધારે જિલ્લાના તમામ ગામોનો રિપોર્ટ તૈયાર કરી સરકારને સોંપવામાં આવશે. હવમાન વિભાગની આગાહીના પગલે ઓક્ટોબર-2025 દરમિયાન ભાવનગર જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં પડેલા કમોસમી વરસાદના કારણે કપાસ, મગફળી તથા શાકભાજી જેવા વિવિધ પાકોને ભારે નુકસાન પહોંચ્યું હતું. પ્રથમ સરકાર દ્વારા ડિજિટલ સર્વે કામગીરીની સૂચનાઓ આપવામાં આવી હતી, જેમાં જિલ્લાના ખેડૂતો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યું હતો. ત્યારેબાદ સરકાર તરફથી પંચરોજકામ કરી સર્વે અંગે સૂચનાઓ આપવામાં આવી હતી, જેને લઈ સરકારે તાત્કાલિક પાક નુકસાન સર્વે પ્રક્રિયા શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. જિલ્લાની દરેક તાલુકામાં ગ્રામ સેવક (ખેતી), તલાટી કમ મંત્રી અને અન્ય વર્ગ-3ના કર્મચારીઓની ટીમો બનાવીને સ્થળ પર પાક નુકસાનના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જે પાક નુકસાની સર્વે કામગીરી ગતરોજ પૂર્ણ કરવામાં આવી છે.



તસ્વીર પ્રતિકાત્મક છે

### પંચરોજકામ સહિતની સર્વેની કામગીરી પૂર્ણઃ અધિકારી

આ અંગે જિલ્લા ખેતીવાડી અધિકારી મહંમદ રિઝવાને જણાવ્યું હતું કે, ઓક્ટોબર 2025માં કમોસમી વરસાદથી જે ખેતી અને બાગાયતી પાકોને નુકસાન થયું છે એ નુકસાની બાબતે સર્વે કરવાની સરકાર તરફથી સૂચનાઓ મળી હતી, તેના આધારે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પછી સરકાર તરફથી સૂચનાને લઇ પંચ રોજકામ સહિતની સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### '11 તાલુકાના 699 ગામનો સર્વે, કપાસ-મગફળીમાં વધુ નુકસાન'

વધુમાં ઉમેર્યું કે, મુખ્યત્વે ભાવનગર જિલ્લામાં બે મુખ્ય પાકો કપાસ અને મગફળી છે તેમાં વધુ નુકસાની જોવા મળી છે. આ ઉપરાંત ડુંગળી, શાકભાજી, ઘાસચારો અને અન્ય પાકોમાં જ્યાં-જ્યાં જે ગામોમાં નુકસાની જોવા મળી છે, તેનો સર્વેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ભાવનગરના 10 અને સિટી મળી કુલ 11 તાલુકાના 699 ગામનો સમાવેશ થાય છે, તે તમામ ગામોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## રાજકોટને બાનમાં લેનાર લુખ્ખાઓ સામે ક્રાઈમ બ્રાંચ એક્શનમાં

**ગેરકાયદે પ્રવૃત્તિ વિશે માહિતી આપવા વ્હોટ્સએપ નંબર જાહેર કર્યો, માહિતી આપનારનું નામ ગુપ્ત રાખી યોગ્ય ઈનામ અપાશે**

**રાજકોટ તા.04**

રાજકોટ શહેરમાં છેલ્લા એક પખવાડિયાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કફોડી બની છે અને ગુનેગારો બેખોફ બન્યા છે. ત્યારે રાજકોટ શહેરને ફરી શાંત અને સલામત બનાવવા માટે શાહે પોલીસે કમર કસી છે. હવે ક્રાઈમ બ્રાન્ચ એક્શનમોડમાં આવી છે. રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા 6359929896 વ્હોટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ગેરકાયદે પ્રવૃત્તિ અંગે માહિતી આપવા લોકોને અપીલ કરવામાં આવી છે. તેમાં ખાસ માહિતી આપનારનું નામ-શરનામું ગુપ્ત રાખવા તેમજ યોગ્ય ઈનામની પણ જાહેરાત કરવામાં આવી છે.



કાળીચૌદશની રાત્રે થયેલ ટ્રીપલ મર્ડર બાદ તાજેતરમાં મંગળા રોડ પર ગેંગવોરને કારણે બે જૂથે અંધાધૂંધ ફાયરિંગ કરતાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. આ ઘટના બાદ પોલીસ કમિશનર એક્શન મોડમાં આવી તાત્કાલિક તમામ ડીસીપી, એસીપી, પીઆઇ અને ક્રાઈમ બ્રાન્ચ તેમજ SOGના અધિકારીઓ સાથે બેઠક બોલાવી કડક કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા.

### સ્થાનિક પોલીસની ઢીલી નીતિને કારણે લુખ્ખાઓ બેફામ

આ અગાઉ પણ લુખ્ખાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે ક્રાઈમ બ્રાંચે દ્વારા મોબાઈલ નંબર જાહેર કરવામાં આવ્યો હતો અને ફરી હવે વધુ એક વખત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વ્હોટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, શહેરમાં છેલ્લા ઘણા સમયથી લુખ્ખાઓએ માઝા મૂકી છે, જેમાં સ્થાનિક પોલીસની ઢીલી નીતિને કારણે જ લુખ્ખાઓ બેફામ બન્યા છે. આસ્થિતિમાં હવે લુખ્ખાઓને શાનમાં લાવવાની જવાબદારી ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવી છે, જે બાબત સ્થાનિક પોલીસ અને તેના ઈન્ચાર્જ માટે શરમજનક ગણાય તેવી છે.

## ઈચ્છાપોર ગ્રામ પંચાયતના 28.85 લાખના ઉચાપત કેસ

**માજી સરપંચ અને ઉપ સરપંચની ધરપકડ, તલાટી મંત્રીની ધરપકડ બાદ કોર્ટનો સ્ટે હટતાં કાર્યવાહી**

**સુરત, તા.04**

વર્ષ 2014માં થયેલા ઈચ્છાપોર ગ્રામ પંચાયતના એક મોટા આર્થિક કૌભાંડમાં આખરે કાયદાનો સકંજો કસાયો છે. ગ્રામ પંચાયતના તત્કાલીન માજી સરપંચ, ઉપ સરપંચ અને મહિલા તલાટી કમ મંત્રીએ એકબીજાના મેળાપીપણામાં ખોટા બિલો બનાવીને અને સરકારી નાણાંની ઉચાપત કરીને કુલ રૂ. 28.84 લાખની રકમ ચાંઉં કરી હોવાનું સામે આવ્યું હતું. આ કેસમાં અગાઉ તલાટી કમ મંત્રીની ધરપકડ થઈ ચૂકી હતી, અને હવે કોર્ટે આપેલા સ્ટેની મુદત પૂરી થતાં ઈચ્છાપોર પોલીસે માજી સરપંચ અને ઉપ સરપંચની પણ ધરપકડ કરી છે.

2014માં ઈચ્છાપોર ગ્રામ પંચાયતમાં તત્કાલીન માજી સરપંચ અનુરાગ મનુભાઈ પટેલ (રહે. બ્રાહ્મણ મહોલ્લો, ઈચ્છાપોર), ઉપ સરપંચ મનોજ ભગુભાઈ પટેલ (રહે. જયરાજ સોસાયટી, બસ સ્ટેન્ડ પાસે, ઈચ્છાપોર) અને તલાટી કમ મંત્રી નિમિતાબેન પટેલની ત્રિપુટીએ આ કૌભાંડ આચર્યું હતું. આ ત્રણેયે પદનો દુરુપયોગ કરીને ગ્રામ પંચાયતના ઘરવેરા સહિત અન્ય વેરાની આવક બેંકમાં જમા કરવાના બદલે પોતાની પાસે રાખી લીધી હતી.

રૂ. 12,03,000ની રકમ વાઉચર વિના જ રોજમેળમાં બતાવીને સરકારી નાણાંની ઉચાપત કરી હતી.ટ્રાન્સપોર્ટના નામે ખોટા બિલ રૂ. 7,92,500ના રોજમેળમાં દર્શાવ્યા હતા.

### મલેકવદરમાં સેન્ટિંગ પ્લેટોની ચોરી : દિવાળીની રજાઓમાં 81 લોખંડની પ્લેટો અજાણ્યા શખસો બોલેરામાં ભરી ફરાર, ફરિયાદ દાખલ

**ભાવનગર તા.04**

ભાવનગર જિલ્લાના મલેકવદર ગામે સરકારી ગ્રામ પંચાયત ઓફિસના નિર્માણ કાર્ય દરમિયાન સેન્ટિંગ કામ માટે રાખવામાં આવેલી 81 લોખંડની પ્લેટોની ચોરી કરી અજાણ્યો ઈસમ ફરાર થઈ જતા સેન્ટિંગ કામ કરનાર માલિકે ઘોઘા પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી.આ બનાવ અંગે ઘોઘા પોલીસે મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર, ફરિયાદી પરેશભાઈ રાઠોડ જે સેન્ટિંગનું કામ કરે છે, તેમણે કોન્ટ્રાક્ટર કીર્તિભાઈ નટવરલાલ મહેતા પાસેથી મલેકવદર ગામે સરકારી ગ્રામ પંચાયત ઓફિસ બનાવવાનું કામ લીધું હતું. આ કામ માટેનો સેન્ટિંગનો સામાન તેમણે દિવાળીના આશરે છ દિવસ પહેલા નવી બનતી ઓફિસ પાસે ખુલ્લી જગ્યામાં મૂક્યો હતો. દિવાળીના તહેવારને કારણે પાંચ દિવસની રજા રાખવામાં આવી હતી અને સ્થળ પર કોઈ ચોકીદાર રાખવામાં આવ્યો ન હતો. 27 ઓક્ટોબર, 2025ના રોજ સવારે આશરે સાડા દસ વાગ્યે પરેશભાઈ તેમના કાકા નારણભાઈ મુળજીભાઈ રાઠોડ સાથે કામ પર ગયા, ત્યારે તેમણે જોયું કે તેમની 81 લોખંડની સેન્ટિંગ પ્લેટો ગાયબ હતી.

## જિલ્લા ભાજપના હોદ્દેદારોની નિમણુંક મામલે પ્રદેશ કમિટીના સભ્યો વડોદરામાં

**પસંદગીમાં વિસ્તાર ને ઉંમર સાથે કાર્યકર્તાની વિશેષ ક્ષમતા ધ્યાને લેવાશે, અંતિમ નિર્ણય પ્રદેશ સમિતિ કરશે**

**વડોદરા, તા.04**

વડોદરા શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખની નિમણૂક બાદ હવે મહામંત્રી, ઉપપ્રમુખ સંગઠનના કરવા મામલે પ્રદેશ નિરીક્ષકો વડોદરા ખાતે આવ્યા છે. જેમાં તેઓએ કાર્યકર્તાઓને સાંભળવાના શરૂ કર્યા છે. પ્રદેશ ભાજપ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની નિમણૂક પહેલાં વડોદરા શહેર અને જિલ્લાના ભાજપના પ્રમુખની નિમણૂક કરાઈ હતી. પરંતુ જે તે સમયે પ્રદેશ પ્રમુખના નામની જાહેરાત કરાઈ ન હોવાથી સ્થાનિક કક્ષાએ મહામંત્રી, ઉપપ્રમુખ, કાર્યાલય મંત્રીની નિમણૂક ઘોંચમાં પડી હતી. હવે જ્યારે પ્રદેશ પ્રમુખની નિમણૂક થઈ ચૂકી છે ત્યારે પક્ષના સ્થાનિક અન્ય હોદ્દેદારોની નિમણૂકની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને આજે જિલ્લા કાર્યાલય ખાતે અહીંના



નિરીક્ષક ગણપત વસાવા (પૂર્વ મંત્રી) તથા ધારાસભ્ય મનન દાણી આવ્યા છે. આ અંગે નિરીક્ષક તરીકે આવેલ ગણપત વસાવાએ જણાવ્યું હતું કે, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તથા મહામંત્રી રત્નાકરના માર્ગદર્શન હેઠળ જિલ્લા સંગઠનની રચનાની પસંદગીની કવાયત શરૂ કરવામાં આવી છે.

## બોરસદમાં દુકાનદારના ગળામાંથી 3 તોલાની સોનાની ચેઈન સ્નેચિંગ

■ **આઇસ્ક્રીમ લેવાના બહાને આવેલો શખ્સ ચેઈન ઝૂંટવીને બાઇક પર ફરાર થઇ ગયો આઇસ્ક્રીમ લેવાના બહાને આવેલો શખ્સ ચેઈન ઝૂંટવીને બાઇક પર ફરાર થઇ ગયો**

**આણંદ, તા.04**

આણંદ જિલ્લાના બોરસદમાં પી. ચંદ્ર ટાવર નજીક આવેલી એક આઈસ્ક્રીમની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલા એક અજાણ્યા ઈસમે દુકાનદારના ગળામાંથી આશરે ત્રણ તોલા વજનની સોનાની ચેઈન આંચકી લીધી હતી. આ ઘટના બાદ આરોપી પોતાના સાગરીતની મોટરસાયકલ પર બેસીને ફરાર થઈ ગયો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે. બોરસદની કૃષ્ણનગર સોસાયટી (ભાગ-2)માં રહેતા 39 વર્ષીય ભાવિનકુમાર અશોકભાઈ પટેલ આણંદ ચોકડી પાસેના પી.ચંદ્ર ટાવરમાં 'હેતવી સેલ્સ વાડીલાલ




આઈસ્ક્રીમ' નામની દુકાન ચલાવે છે. ગતરોજ સાંજે સાત વાગ્યાના અરસામાં ભાવિનકુમાર અને તેમના કર્મચારી કેતનભાઈ હર્ષદભાઈ પટેલ દુકાને હાજર હતા. તે સમયે એક અજાણ્યો શખ્સ દુકાને આવ્યો હતો.

## સુરતમાં નેશનલ પ્લેયર યુવતીની છેડતી

**VNSGU સ્પોર્ટ્સ કેમ્પસમાં તાલીમ આપનાર જુનિયર કોચે અડપલાં કર્યા**

**સુરત, તા.04**

રાષ્ટ્રીય કક્ષાએ રનિંગમાં શહેરનું નામ રોશન કરતી એક યુવતીએ તેના જુનિયર કોચ સામે છેડતી અને ધમકી આપવાની ગંભીર ફરિયાદ વેસુ પોલીસ મથકમાં નોંધાવી છે. VNSGU સ્પોર્ટ્સ કેમ્પસમાં તાલીમ દરમિયાન જુનિયર કોચ અમિત શર્મા શારીરિક અડપલાં કરી પ્રેમ સંબંધ રાખવા દબાણ કરતો હતો. જ્યારે યુવતીએ પ્રેમ સંબંધની ના પાડી તો અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી. યુવતીની ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી જુનિયર કોચની ધરપકડ કરી અને કાયદેસરની તપાસ હાથ ધરી છે. શહેરની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્પોર્ટ્સ કેમ્પસમાં આ યુવતી રાબેતા મુજબ રનિંગની તાલીમ લેતી હતી.




તે સિનિયર કોચના માર્ગદર્શન હેઠળ જુનિયર કોચ અમિત જગદંબા શર્મા (રહે. પાંડેસરા) પાસેથી તાલીમ લઈ રહી હતી. ફરિયાદ મુજબ, તારીખ 10/7/2025થી 1/9/2025 સુધીના સમયગાળા દરમિયાન, જુનિયર કોચ અમિત શર્માએ તાલીમ આપતી વખતે યુવતી સાથે અયોગ્ય વર્તન કર્યું હતું.

## રાજ્યમાં 10 નવેમ્બર સુધી વરસાદની સંભાવના : અમદાવાદમાં હળવા ઝાપટા વરસી શકે

**બે દિવસમાં તાપમાન 4 ડિગ્રી ઘટતા ઠંડીનો અનુભવ થશે : ગઈકાલની સાંજથી અનેક જિલ્લામાં વરસાદ**

**અમદાવાદ, તા.04**

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે રાજ્યમાં વરસાદને લઈને આગાહી કરવામાં આવી છે. આજથી એટલે કે, 4 નવેમ્બરથી લઈને 10 નવેમ્બર સુધી છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. ખાસ કરીને, આ વરસાદ પૂર્વ અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં અને તેની નજીકના ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં રહેશે. તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છના દક્ષિણ ભાગો, દરિયાકાંઠાના વિસ્તારો અને પશ્ચિમી કચ્છના જિલ્લાઓમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના રહેશે.



તેના આગળના દિવસો, એટલે કે 5થી 10 નવેમ્બર સુધી સૂકું હવામાન રહેશે. હાલમાં પવનની દિશા પશ્ચિમ દિશામાંથી છે. આજે અમદાવાદમાં આકાશ સામાન્ય રીતે વાદળછાયું રહેશે, હળવા વરસાદ અને ગાજવીજની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. મહત્તમ તાપમાન લગભગ 32 ડિગ્રી સેલ્સિયસની આસપાસ અને ન્યૂનતમ તાપમાન લગભગ 22 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના છે.

અત્યારે રાજ્યમાં ન્યૂનતમ તાપમાનની જે સ્થિતિ છે, તેમાં આગામી સાત દિવસો માટે 2થી 4 ડિગ્રી સેન્ટિગ્રેડનો ધીમેધીમે ઘટાડો થવાની શક્યતા છે. દરિયાકાંઠાના વિસ્તારમાં પવનની દિશા દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશામાં છે અને તેની ઝડપ 15થી 20 નોટ્સ રહેવાની શક્યતા છે. રાજ્યમાં જે વરસાદની સ્થિતિ છે, તેમાં 97 મિમી વરસાદ થયો છે, જ્યારે સામાન્ય સ્થિતિ 21.4 મિમી છે, જે સામાન્ય કરતા 353% વધુ છે.અરબ સાગરમાં સર્જાયેલી ડિપ્રેશનની સિસ્ટમ નબળી પડી ગઈ છે, પરંતુ એની અસર હજુ રાજ્યના વાતાવરણમાં જોવા મળી રહી છે.

### 7 દિવસ સુધી તાપમાનમાં કોઈ બદલાવ જોવા મળશે નહીં

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું, આજે કેટલાક જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ થઈ શકે છે, પરંતુ એક અઠવાડિયા સુધી વાતાવરણમાં મોટો ફેરફાર નહીં થાય અને તાપમાનમાં પણ કોઈ બદલાવ નહીં આવે. એક અઠવાડિયા સુધી વાતાવરણમાં કોઈપણ વધારે બદલાવ જોવા નહીં મળે. હવામાન વિભાગની બે દિવસ છૂટાછવાયા વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે અમદાવાદ, ગાંધીનગર, પાટણ, ખેડા અને કચ્છમાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. 3 નવેમ્બરને સોમવારે સવારના 6 વાગ્યાથી રાતના 10 વાગ્યા સુધીમાં ગુજરાતના કુલ 56 તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો.

# નિર્દોષ ભારતીય 43 વર્ષ અમેરિકાની જેલમાં રહ્યો : હવે કોર્ટે નિર્દોષ જાહેર કર્યો

■ **વળતરની તો વાત દૂર, US સરકાર ડિપોર્ટ કરવાના પ્રયાસમાં, કોર્ટનો સ્ટે**





**વોશિંગ્ટન, તા.04**

અમેરિકામાં 43 વર્ષ સુધી ખોટા આરોપમાં જેલમાં રહેલા ભારતીય મૂળના સુબ્રહ્મણ્યમ વેદમને હાલમાં રાહત મળી છે. બે અલગ-અલગ અદાલતોએ હાલમાં તેના ડિપોર્ટેશન પર રોક લગાવી દીધી છે.

સૌથી પહેલા એક ઈમિગ્રેશન જજે સોમવારે તેના ડિપોર્ટેશન પર સ્ટે આપ્યો છે, જ્યાં સુધી બોર્ડ ઑફ ઈમિગ્રેશન અપીલ (BIA)એ નક્કી ન કરી લે કે શું તેનો કેસ ફરીથી સાંભળવામાં આવે કે નહીં. બીજી તરફ, યુ.એસ. ડિસ્ટ્રિક્ટ કોર્ટ પેન્સિલવેનિયાએ પણ એ જ દિવસે તેની ડિપોર્ટેશન પ્રક્રિયાને હટાવવાનો આદેશ આપ્યો.

NBC ન્યૂઝ મુજબ હવે મામલો ઈમિગ્રેશન અપીલ બોર્ડમાં જશે, જેનો નિર્ણય આવવામાં કેટલાક મહિનાઓ લાગી શકે છે. 64 વર્ષના વેદમને આ જ વર્ષે 3 ઓક્ટોબરના રોજ મુક્ત કરવામાં આવ્યો હતો. તે અમેરિકી રાજ્ય પેન્સિલવેનિયાનો કાયમી નિવાસી છે. 1980માં તેના પર પોતાના ક્લાસમેટની હત્યાનો આરોપ લાગ્યો હતો.

જોકે વેદમે હંમેશાં પોતાની નિર્દોષતાનો દાવો કર્યો, તેમ છતાં તેને 1983 અને 1988માં બેવાર દોષી ઠેરવવામાં આવ્યો અને પેરોલ વિના આજીવન કેદની સજા સંભળાવવામાં આવી. રિહાઈ પછી જેલમાંથી નીકળતા જ ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટે તેને ફરી કસ્ટડીમાં લઈ લીધો હતો. વેદમ હજી લુઈઝિયાનાના એક ડિપોર્ટેશન સેન્ટરમાં બંધ છે.

સુબ્રહ્મણ્યમ વેદમ અને થોમસ કિન્સર બંને 1980માં પેન્સિલવેનિયા સ્ટેટ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી હતો. તે લગભગ 19 વર્ષનો હતો અને એકબીજાને ઓળખતા હતા.

અહેવાલ મુજબ, વેદમે થોમસ કિન્સરને કહ્યું કે તેને ડ્રગ્સ ખરીદવા માટે ક્યાંક જવું પડશે. તેણે કિન્સર પાસે લિફ્ટ માગી. પછી બંને સાથે નીકળી ગયા. કિન્સરને છેલ્લે એ સમયે દેખાયો હતો.

થોડા દિવસો પછી કિન્સરની વાન તેના એપાર્ટમેન્ટની બહાર પાર્ક કરેલી મળી આવી, પરંતુ તે પોતે ગુમ હતો. નવ મહિના પછી યાત્રાળુઓને જંગલવાળા વિસ્તારમાં એક લાશ મળી, જે પાછળથી થોમસ કિન્સરનો હોવાનું બહાર આવ્યું.

તેને ગોળી મારવામાં આવી હતી. કિન્સર છેલ્લે વેદમ સાથે દેખાયો હતો અને પોલીસ માને છે કે હત્યા પછી વેદમે શંકાસ્પદ વર્તન દર્શાવ્યું હતું, આનાથી તરત જ વેદમ શંકાસ્પદ બની ગયો, પરંતુ કેસમાં કોઈ સાક્ષી નહોતા. કોઈ સીધો પુરાવો નહોતો. આમ છતાં, વેદમ પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો અને તેને દોષિત ઠેરવવામાં આવ્યો.

આ વર્ષે ઓગસ્ટમાં કિન્સરના હત્યાકેસમાં નવા પુરાવા સામે આવ્યા. તપાસમાં જાણવા મળ્યું કે હત્યામાં વપરાયેલી બંદૂક વેદમ સાથે સંકળાયેલી ન હોવાનું માનવામાં આવે છે. આનો અર્થ એ થયો કે વેદમ સામેનો આરોપ ખોટો સાબિત થયો, કારણ કે ગોળી અને હથિયાર મેળ ખાતાં નહોતાં.

વેદમ પર 1980માં તેના મિત્ર થોમસ કિન્સરની હત્યા કરવાનો આરોપ હતો. કિન્સરને જોનાર તે છેલ્લી વ્યક્તિ હતી. સાક્ષીઓ કે નક્કર પુરાવા વિના તેને બે વાર દોષિત ઠેરવવામાં આવ્યા અને આજીવન કેદની સજા ફટકારવામાં આવી.

બાદમાં એવું જાણવા મળ્યું કે પ્રોસિક્યુશન (સરકારી વકીલ)એ જાણીજોઈને કોર્ટથી આ પુરાવા છુપાવ્યા હતા. ત્યાર બાદ કોર્ટે તેમની સજા રદ કરી અને તેને મુક્ત કરવાનો આદેશ આપ્યો.

તે 3 ઓક્ટોબરે જેલમાંથી મુક્ત થવાનો હતો, પરંતુ એ જ દિવસે ઈમિગ્રેશન વિભાગે તેને ફરીથી કસ્ટડીમાં લીધો અને દેશનિકાલની પ્રક્રિયા શરૂ કરી.

સુબ્રહ્મણ્યમ વેદમ નવ મહિનાની ઉંમરે તેમનાં માતા-પિતા સાથે કાયદેસર રીતે યુનાઈટેડ સ્ટેટ્સ આવ્યો હતો. તેના પિતા પેન સ્ટેટ યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા અને પરિવાર સ્ટેટ કોલેજમાં રહેતો હતો.

વેદમ યુનાઈટેડ સ્ટેટ્સના પર્મનેન્ટ રેસિડન્સી છે. વકીલોના મતે તેની નાગરિકતા અરજી મંજૂર કરવામાં આવી હતી, પરંતુ 1982માં તેના પર હત્યાનો ખોટો આરોપ મૂકવામાં આવ્યો અને તેની ધરપકડ કરવામાં આવી.

તેમણે કહ્યું- તે 43 વર્ષથી એક એવા ગુના માટે જેલમાં રહ્યો, જે તેણે કર્યો જ નથી અને તેણે પોતાનું આખું જીવન યુનાઈટેડ સ્ટેટ્સમાં વિતાવ્યું છે. તેને હમણાં ડિપોર્ટ કરવો ખોટું હશે.

વકીલોનો દલીલ છે કે વેદમે પોતાનું શિક્ષણ પૂર્ણ કર્યું અને 40 વર્ષ સુધી ખોટી રીતે જેલમાં રહ્યો છતાં અન્ય કેદીઓને શિક્ષણ આપ્યું, તેથી જૂનો કેસ દેશનિકાલ માટેનો આધાર ન હોવો જોઈએ.

# ટ્રમ્પ મેક્સિકોમાં સેના મોકલવાની તૈયારીમાં

## ડ્રગ્સ માફિયાઓ સામે ડ્રોન સ્ટ્રાઈકનો પ્લાન, ગુપ્તચર એજન્સી CIA પણ સામેલ થશે



**વોશિંગ્ટન, તા.04**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ડ્રગ્સની દાણચોરી સામે લડવા માટે અમેરિકન સેના અને ગુપ્તચર અધિકારીઓને મેક્સિકો મોકલવાની તૈયારી કરી રહ્યા છે.

અમેરિકન ન્યૂઝ ચેનલ NBC ન્યૂઝના એક અહેવાલમાં આ દાવો કરવામાં આવ્યો છે. બે વર્તમાન અને બે નિવૃત્ત યુએસ અધિકારીઓને ટાંકીને અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA) પણ આ મિશનમાં સામેલ હોઈ શકે છે.

આ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્રે મેક્સિકોમાં ડ્રગ્સ માફિયાઓને નિશાન બનાવવા માટે આ ઓપરેશનના પ્લાનિંગ પર કામ શરૂ કરી દીધુ છે.

અધિકારીઓએ એમ પણ કહ્યું કે આ સંભવિત મિશન માટે પ્રારંભિક ટ્રેનિંગ શરૂ થઈ ગઈ છે. યોજનાઓ સૂચવે છે કે આ ઓપરેશન મેક્સીકન ભૂમિ પર પણ થઈ શકે છે, પરંતુ સેના મોકલવા અંગે હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

NBC ન્યૂઝના અહેવાલ મુજબ, આ ઓપરેશનમાં અમેરિકાના જોઈન્ટ સ્પેશિયલ ઓપરેશન્સ કમાન્ડ (JSOC) ની ટીમો સામેલ થઈ શકે છે, જે CIA ના અધિકારક્ષેત્ર હેઠળ કામ કરશે.

આ મિશનમાં ડ્રગ્સ લેબ્સ અને સાગરીતોને નિશાન બનાવીને ડ્રોન સ્ટ્રાઈકનો પ્લાન છે. ઘણા ડ્રોન એવા છે જેને ચલાવવા માટે જમીન પર ઓપરેટરોની જરૂર પડે છે.

ફેબ્રુઆરીમાં, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે 6 મેક્સીકન કાર્ટેલ, MS-13 ગેંગ અને વેનેઝુએલાના ટ્રેન ડી અરાગુઆને વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કર્યા હતા. આનાથી યુએસ સૈન્ય અને CIAને ગુપ્ત કાર્યવાહી કરવાની છૂટ મળે છે. ટ્રમ્પે અગાઉ કહ્યું છે કે તેમણે વેનેઝુએલામાં CIAને કાર્યવાહીની મંજુરી આપી છે અને જો જરૂરી હોય તો તેઓ જમીન પર કાર્ટેલ્સને નિશાન બનાવશે.

મેક્સિકોને વિશ્વના સૌથી મોટા ડ્રગ્સ ટ્રાફિકિંગ નેટવર્કનું ઘર માનવામાં આવે છે, જ્યાંથી કોકેન, હેરોઈન, મેથ અને ફેન્ટાનાઈલ જેવા અત્યંત ખતરનાક ડ્રગ્સ યુનાઈટેડ સ્ટેટ્સ પહોંચે છે. યુએસ એજન્સીઓ અનુસાર, મેક્સીકન કાર્ટેલ દ્વારા દેશમાં ડ્રગ્સનો સૌથી મોટો સપ્લાય કરે છે.

યુનાઈટેડ સ્ટેટ્સ વિશ્વનું સૌથી મોટું ડ્રગ્સ માર્કેટ છે. દર વર્ષે લાખો લોકો વ્યસની બને છે, અને ફેન્ટાનાઈલ જેવા ડ્રગ્સ હજારો મૃત્યુનું કારણ બને છે. યુએસ સરકાર પર ડ્રગ્સ દાણચોરીને રોકવા માટે સતત પગલા ભરે છે, અને પરિણામે, તેની નજર મેક્સીકન કાર્ટેલ પર રહે છે.

બીજી બાજુ, મેક્સિકોમાં ડ્રગ્સ માફિયાઓ એટલા શક્તિશાળી બની ગયા છે કે ઘણા વિસ્તારોમાં તેઓ પોલીસ અને સરકારને પડકાર ફેંકે છે. હથિયારધારી ગેંગ, ધાકધમકી, ભ્રષ્ટાચાર અને હિંસા ઘણીવાર સ્થાનિક તંત્ર પણ તેમને રોકી શકતું નથી.

ઈતિહાસમાં યુએસ લશ્કર મેક્સિકોમાં માત્ર થોડી વાર જ પ્રવેશ્યું છે. સૌથી મહત્વપૂર્ણ કાર્યવાહી 1916માં થઈ હતી, જ્યારે જનરલ જોન પર્સિંગે મેક્સીકન ક્રાંતિકારી પેનચો વિલાનો પીછો કરવા માટે સૈનિકો મોકલ્યા હતા. ત્યારથી, યુએસએ મેક્સિકોમાં સીધી લશ્કરી કાર્યવાહીથી દુર રહે છે.



લાલુએ પોતાને ધર્મનિરપેક્ષ ફ્રોન્ટ્સ સાથે જોડ્યા, તેઓ સોનિયા ગાંધી, મુલાયમ સિંહ યાદવ અને ડાબેરી નેતાઓ સાથે સંયુક્ત રેલીઓમાં જોવા મળ્યા.

# જોધપુરમાં લગ્ન સમારોહમાં સિલિન્ડર બ્લાસ્ટ

## 11 લોકો દાઝ્યા, 2ની હાલત ગંભીર, રાજસ્થાનમાં 3 દિવસમાં ત્રીજી દુર્ઘટના





**જોધપુર, તા.04**

જોધપુરમાં લગ્ન સમારોહમાં સિલિન્ડર બ્લાસ્ટ થઈ ગયો. દુર્ઘટનામાં 11 લોકો ઘાયલ થઈ ગયા. 8 ઘાયલોને જોધપુર રિફર કર્યા છે. આમાં 2ની હાલત ગંભીર છે. દુર્ઘટના બાવડીની પાસે હરઢાણીમાં મંગળવારે સાંજે થઈ.

દુર્ઘટનાની સૂચના હાલમાં જોધપુરના એમજીએચ હોસ્પિટલ પ્રશાસનને નથી મળી. જોકે, હોસ્પિટલ અધિક્ષક ડૉ. ફતેહસિંહે જણાવ્યું કે ડૉક્ટરોની ટીમ હંમેશા એલર્ટ મોડ પર રહે છે. જેથી, દાઝી ગયેલા લોકોના જોધપુર પહોંચતા જ તેમની તાત્કાલિક સારવાર શરૂ કરી શકાય.

બાવડી ચોકી પ્રભારી એએસઆઈ ધર્મેન્દ્રએ જણાવ્યું- એક ઘરમાં લગ્નની તૈયારીની વચ્ચે સિલિન્ડરમાં બ્લાસ્ટ થઈ ગયો. દાઝી ગયેલા લોકોને બાવડી સીએચસી લાવવામાં આવ્યા. પ્રાથમિક સારવાર પછી ખાનગી વાહનોથી બધાને જોધપુર રિફર કરવામાં આવ્યા.

દુર્ઘટનામાં ઘાયલ એક વ્યક્તિએ જણાવ્યું કે તેના નાક અને મોં પર ઈજા થઈ. ખબર જ ન પડી કે સીએનજી ગેસની ટાંકી ફાટી કે સિલિન્ડર બ્લાસ્ટ થયો. તેજ ધમાકો થયો અને કેટલાક પથ્થર જેવા આવીને પડ્યા. મને કેવી રીતે ઈજા થઈ ખબર જ ન પડી. એકદમથી ધૂમાડો થઈ ગયો હતો. ગામમાં રહેતા સુરતા રામે જણાવ્યું કે પહેલીવાર બ્લાસ્ટ થયો તો ત્રણ-ચાર લોકો ઘાયલ થયા હતા. આથી તેમને બાવડીની હોસ્પિટલમાં લઈને આવ્યા હતા. બીજીવાર ફરીથી બ્લાસ્ટ થયો, જેમાં ઘણા લોકો ઘાયલ થઈ ગયા. ગામમાં ખેડૂત વીરમ રામના દીકરા મહેન્દ્ર અને દીકરી ગોગીના લગ્ન 15 અને 16 નવેમ્બરના રોજ થવાના હતા. આને લઈને ઘરમાં તૈયારી કરવામાં આવી રહી હતી. ઘરમાં રંગ-રોગાન કરવામાં આવી રહ્યું હતું. લગ્ન સમારોહને જોતા ગેસ સિલિન્ડર અને અન્ય સામાન પણ રાખેલો હતો. ઘાયલોની સાથે આવેલા હનુમાનરામે જણાવ્યું- લવેરા બાવડીના હરધાણી ગામમાં લગ્ન સમારોહનો કાર્યક્રમ હતો. મહેમાનો માટે ચા બનાવવામાં આવી રહી હતી. અચાનક સિલિન્ડરમાં બ્લાસ્ટ થઈ ગયો. ઘાયલોને જોધપુરની મહાત્મા ગાંધી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. બધાને બાવડીમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી.

# કોલકાતામાં SIR વિરુદ્ધ મમતાની કૂચ

## જેમ દરેક ઉર્દૂ ભાષી પાકિસ્તાની નથી, તેવી જ રીતે દરેક બંગાળી ભાષી બાંગ્લાદેશી નથી



**નવી દિલ્હી, તા.04**

પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે કોલકાતામાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સામે વિરોધ કૂચનું નેતૃત્વ કર્યું. તેમની સાથે પાર્ટીના મહાસચિવ અભિષેક બેનર્જી અને મોટી સંખ્યામાં પાર્ટી કાર્યકરો 3.8 કિમી લાંબી રેલીમાં જોડાયા હતા.

દરમિયાન, સીએમ મમતા બેનર્જીએ કહ્યું, '2026ની વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીઓમાં શાંતિથી ફેરફાર કરવા માટે SIRનો ઉપયોગ રાજકીય હથિયાર તરીકે કરવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે જેમ દરેક ઉર્દૂ ભાષી પાકિસ્તાની નથી, તેમ દરેક બંગાળી ભાષી બાંગ્લાદેશી નથી.

દરમિયાન, પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ મમતા બેનર્જીની કૂચને જમાત રેલી ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે, 'તે ભારતીય બંધારણની નૈતિકતાની વિરુદ્ધ છે.' દરમિયાન, બંગાળ ભાજપ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ કહ્યું હતું કે, 'જો મમતા બેનર્જીને કંઈક કહેવું હોય, તો તેમણે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવો જોઈએ.'

આજે, મંગળવારથી 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIR શરૂ થયું. આમાંથી તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળમાં 2026માં ચૂંટણી છે. આસામમાં પણ આવતા વર્ષે ચૂંટણી છે, પરંતુ ત્યાં SIR શેડ્યૂલ હજુ સુધી નક્કી થયું નથી.

# ટ્રમ્પનો વિરોધ છતાં શું મમદાની ન્યૂયોર્કના મેયર બનશે?

## સર્વેમાં આગળ, મોદીને યુદ્ધ ગુનેગાર ગણાવી ચૂક્યા છે

**ન્યૂ યોર્ક, તા.04**

'આપણે મોદીને એ જ રીતે જોવા જોઈએ, જે રીતે આપણે ઈઝરાયલી પીએમ બેન્જામિન નેતન્યાહુને જોઈએ છીએ. 2002નાં ગુજરાત રમખાણોમાં મુસ્લિમો સામે થયેલી હિંસા માટે તેઓ જવાબદાર હતા.'

'અબજોપતિ જેવું કંઈ હોવું જોઈએ નહીં. દુનિયામાં ખૂબ જ અસમાનતા છે. કોઈની પાસે આટલા પૈસા ન હોવા જોઈએ.'

'જ્યાં સુધી યુનાઈટેડ સ્ટેટ્સ ઈઝરાયલ ગાઝા અને પશ્ચિમ કાંઠા પર નાકાબંધી અને કબજો ચાલુ રાખે છે ત્યાં સુધી તેને લશ્કરી સહાય તાત્કાલિક બંધ કરવી જોઈએ.'

ન્યૂ યોર્ક સિટી માટે ડેમોક્રેટિક પાર્ટીના મેયર પદના ઉમેદવાર, ભારતીય-અમેરિકન ઝોહરાન મમદાનીએ છેલ્લા છ મહિનામાં આપેલાં આ ત્રણ વિવાદાસ્પદ નિવેદનો છે.

અનેક સર્વેક્ષણો અનુસાર, ભારતીય ફિલ્મ-નિર્માતા મીરા નાયરના પુત્ર ઝોહરાન મમદાનીને નિશ્ચિત વિજેતા માનવામાં આવે છે. મેયર પદ માટે મતદાન આજે બપોરે 3:30 વાગ્યે ભારતીય સમય મુજબ શરૂ થશે.

ન્યૂ યોર્ક સિટી રેન્કડ-ચોઈસ મતદાન પ્રણાલીનો ઉપયોગ કરે છે. મતદારો પસંદગીના ક્રમમાં ત્રણ ઉમેદવારોને ક્રમ આપી શકે છે (1, 2, 3). જો કોઈ ઉમેદવારને તેમની પ્રથમ પસંદગી તરીકે 50% મત ન મળે તો સૌથી ઓછા મત મેળવનારને દૂર કરવામાં આવે છે અને તેમના મત તેમની બીજી પસંદગીઓમાં વહેંચવામાં આવે છે. આ ત્યાં સુધી ચાલુ રહે છે જ્યાં સુધી કોઈ ઉમેદવાર 50%થી વધુ મત ન મેળવે.

મતદાનના 1-2 દિવસ પછી પ્રારંભિક પરિણામો ઉપલબ્ધ થાય છે, પરંતુ અંતિમ પરિણામો આવવામાં લગભગ એક અઠવાડિયું લાગી શકે છે, કારણ કે મેલ-ઈન બેલેટ અને ગેરહાજર મતોની ગણતરી પછીથી કરવામાં આવે છે.

મમદાનીની જીતમાં બે લોકો અવરોધરૂપ છે. ન્યૂ યોર્કના ભૂતપૂર્વ ગવર્નર એન્ડ્રુ કુઓમો, જે પોતે ડેમોક્રેટિક પાર્ટીના સભ્ય છે, તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. કુઓમો કહે છે કે મમદાનીની નીતિઓ એટલી ખતરનાક છે કે જો તેઓ જીતે છે, તો શહેરના વ્યવસાયો નાશ પામશે. જવાબમાં મમદાનીએ તેમને 'ટ્રમ્પની કઠપૂતળી' કહ્યા છે.

મમદાનીના બીજા પ્રતિસ્પર્ધી રિપબ્લિકન ઉમેદવાર કર્ટિસ સ્લિવા છે, જેમણે મમદાન અને કુઓમો બંનેને શહેરના વિકાસના વિરોધીઓ ગણાવીને ટીકા કરી છે.




ગયા મહિને એક ચર્ચામાં સિલ્વાએ બંનેને ટોણો મારતાં કહ્યું, 'ઝોહરાન, તારો રિઝ્યુમ રૂમાલ પર ફિટ થશે અને એન્ડ્રુ, તારી નિષ્ફળતાઓ આખી લાઈબ્રેરી ભરવા માટે પૂરતી છે.'

જોકે મતદાન દર્શાવે છે કે ન્યૂ યોર્કના ભૂતપૂર્વ ગવર્નર એન્ડ્રુ કુઓમો મમદાનીથી નોંધપાત્ર રીતે પાછળ છે, જ્યારે રિપબ્લિકન કર્ટિસ સ્લિવાની પણ જીતવાની શક્યતા ઓછી છે.

રાજકારણમાં પ્રવેશતાં પહેલાં મમદાની એક હિપ-હોપ રેપર હતા. તેમનું સૌથી પ્રખ્યાત ગીત, 'કાંડા', યુગાન્ડામાં વાઈરલ થયું હતું. આ ગીતમાં યુગાન્ડાની રાજધાની કમ્પાલામાં જીવન અને યુવાનો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોનું ચિત્રણ કરવામાં આવ્યું હતું.

મમદાની કહે છે કે સંગીત દ્વારા તેમને સૌપ્રથમ સમજાયું કે સમાજમાં અસમાનતા અને ઓળખની રાજનીતિ સામે અવાજ ઉઠાવવો મહત્ત્વપૂર્ણ છે.

કોલેજમાંથી સ્નાતક થયા પછી મમદાનીએ ક્વીન્સ સ્થળાંતર કર્યું, જ્યાં તેમણે ઈમિગ્રન્ટ્સ, ભાડૂઆતો અને બ્લેક લાઈવ્સ મેટર માટેનાં આંદોલનોમાં ભાગ લીધો. આ સમય દરમિયાન જ મમદાનીએ 2017માં ડેમોક્રેટિક પાર્ટી સાથે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી.

2020માં તેઓ ન્યૂ યોર્ક સ્ટેટ એસેમ્બ્લી માટે ચૂંટાયા. 2022 અને 2024માં તેઓ બિનહરીફ જીત્યા. તેમના કાર્યકાળ દરમિયાન મમદાનીએ જનતા પર સીધી અસર કરતા મુદ્દાઓ પર લડાઈ લડી, જેના કારણે તેમને ખૂબ જ લોકપ્રિયતા મળી.

**1** ભાડૂઆતો પર મોંઘવારીનો બોજ ન વધે એ માટે ઘરનાં ભાડાં સ્થગિત કરવાં.

**2** બધા માટે મફત બસસેવા, જે મજૂરવર્ગ અને વિદ્યાર્થીઓને રાહત આપે છે.

**3** સરકારી કરિયાણાની દુકાનો ખોલવી, જેથી જરૂરી વસ્તુઓ પોષણક્ષમ ભાવે મળી રહે.

**4** બાળકો માટે મફત ડેકેર સુવિધા, જે કામ કરતા પરિવારોને રાહત આપશે.

તેમણે દરેક ન્યૂ યોર્કર માટે પોષણક્ષમ રહેઠાણને અધિકાર ગણાવ્યો, મફત જાહેર પરિવહનની માગ કરી અને લઘુતમ વેતન $30 પ્રતિ કલાક (લગભગ 2,578) વધારવાનો પ્રસ્તાવ મૂક્યો.

અત્યારસુધીમાં મમદાનીએ વિધાનસભામાં 20 બિલને સમર્થન આપ્યું છે, જેમાંથી ત્રણ કાયદામાં ફેરવાઈ ગયા છે. ભાડાની મર્યાદા સંબંધિત આ બિલમાંથી એક બિલે તેમને શહેરના મધ્યમવર્ગ અને ઈમિગ્રન્ટ વિસ્તારોમાં ખૂબ લોકપ્રિય બનાવ્યા. આ વર્ષની શરૂઆતમાં તેમણે સિરિયન-અમેરિકન કલાકાર રામા દુવાજી સાથે લગ્ન કર્યા. બંને ડેટિંગ એપ હિન્જ પર મળ્યાં હતાં.

મમદાનીની ચૂંટણીનો એજન્ડા સામાન્ય લોકોનાં ખિસ્સાં અને તેમના રોજિંદા જીવન સાથે સીધો જોડાયેલો છે. તેઓ ન્યૂ યોર્કને એક એવું શહેર બનાવવાનું વચન આપે છે, જ્યાં દરેક વ્યક્તિ ગૌરવપૂર્ણ અને સુરક્ષિત જીવન જીવી શકે.

મમદાની કહે છે કે આ યોજનાઓ મોટાં કોર્પોરેશનો અને શહેરના ધનિકો પરના નવા કર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે. તેમનો અંદાજ છે કે આનાથી લગભગ $9 બિલિયન એકત્ર થઈ શકે છે.

## તંત્રી લેખ

# વુમન્સ વર્લ્ડ કપ જીતવામાં એક ગુજરાતી કોચનું યોગદાન

ભારતીય મહિલા ક્રિકેટરોને વર્લ્ડ કપ જીતવામા એક ગુજરાતી કોચ દ્વારા મહત્વનું યોગદાન આપવામાં આવ્યું છે. મૂળ સુરતના અપૂર્વ દેસાઈ નામના કોચની અંડર ભારતીય મહિલા ક્રિકેટરો કોચીંગ મેળવી ચૂકી છે. છેલ્લાં ત્રણ વર્ષની અંડર 19 ટીમ બે વર્લ્ડ કપ પણ જીતી ચૂકી છે. આ સાથે જ ઓગસ્ટ મહિનામાં ઓસ્ટ્રેલિયા ટૂરમાં પણ મહિલા ટીમની મોટા ભાગની ક્રિકેટરો તેમની સાથે જ હતી. ત્યાર બાદ તેઓ વર્લ્ડ કપની ટીમમાં સામેલ થયા હતા.

કોણ છે અપૂર્વ દેસાઈ? અપૂર્વ દેસાઈનો જન્મ સુરતમાં જ થયો છે. 1996- 97માં રણજી ટ્રોફી પણ રમ્યા હતા અને પછી ક્રેક ઈન્જરી થવાના કારણે ક્રિકેટની સફર પર સ્ટોપ લાગી ગયો હતો. ત્યાર બાદ તેઓ ઈંગ્લેન્ડ ગયા હતા અને ઈંગ્લેન્ડમાં પ્રોફેશનલ ક્રિકેટ રમતા હતા. આ સાથે કોચિંગ આપવાનું પણ સ્ટાર્ટ કર્યું છે. 2005માં સુરત આવીને સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એકેડેમી સાથે જોડાઈને કોચિંગ આપવાનું કામ શરૂ કર્યું હતું. સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એકેડેમી સાથે જોડાયા બાદ ક્વોલિફિકેશન લેવલ-1 લેવલ 2 અને લેવલ 3 થયું હતું અને ત્યારબાદ 2010થી નેશનલ ક્રિકેટ એકેડેમી કોચ એન્ડ ફેકલ્ટી તરીકે કામ કરવાનું શરૂ કર્યું હતું. જેમાં અનેક ક્રિકેટ કેમ્પ કર્યા છે. સિનિયર ઇન્ડિયન ટીમ સાથે પણ કામ કર્યું છે. આ સાથે જ IPLની કેકેઆર ટીમ માટે પણ કામ કર્યું છે. ગુજરાત આંધ્રપ્રદેશ ઝારખંડની સ્ટેટ ક્રિકેટ ટીમ માટે પણ કામ કર્યું છે. અપૂર્વ દેસાઈ છેલ્લા 20 વર્ષથી ક્રિકેટ કોચિંગ કરાવે છે. આ સાથે જ મોટાભાગના ઈન્ડિયાની ટીમના ઈન્ટરનેશનલ ખેલાડીઓ સાથે કામ કર્યું છે અને ઇન્ડિયાની ટીશર્ટ પહેરીને કામ કરવાના 20 વર્ષ થયા છે. 2025 ICC U19 T20 વર્લ્ડ કપ વિજેતા ટીમ સાથે અપૂર્વ દેસાઈ. 2025 ICC U19 T20 વર્લ્ડ કપ વિજેતા ટીમ સાથે અપૂર્વ દેસાઈ. 2023ની અંડર 19 વુમન્સ વર્લ્ડ કપ વિજેતા ટીમને કોચિંગ આપ્યું, 2022માં under-19 મહિલા T-20 વર્લ્ડ કપ 14 જાન્યુઆરી 2023 એ યોજવાની ICC દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. બીસીસીઆઈ દ્વારા ચાર કોચ, 18 ખેલાડીઓની ટીમ અને ચાર પ્રોફેશનલ કોચની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં સુરતના અપૂર્વ દેસાઈની નિમણૂક કરાઈ હતી. ત્યારથી અપૂર્વ દેસાઈ BCCI સાથે જોડાયેલા છે. સાત મહિનાની અંદર અંડર 19 મહિલા ક્રિકેટ ટીમ તૈયાર કરીને પહેલો વર્લ્ડ કપ જીત્યો હતો. ભારતીય ઇન્ડિયન ક્રિકેટ વુમન ટીમ 2023માં અંડર 19 T-20 વર્લ્ડ કપ ઈંગ્લેન્ડને હરાવીને પ્રથમ વાર જીત્યો હતો. ત્યારબાદ 2025માં અંડર 19 વર્લ્ડ કપ મલેશિયામાં પણ જીત્યો છે. આ દરમિયાન ઈન્ડિયા એ ટીમ ઓસ્ટ્રેલિયા ખાતે ઓસ્ટ્રેલિયા એ ટીમને એક દિવસની સિરીઝમાં ક્રિકેટની હિસ્ટ્રીમાં પહેલીવાર ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. વર્લ્ડ કપમાં ઇન્ડિયા એ ની ટીમે ન્યૂઝીલેન્ડ સામેની વર્લ્ડ કપ મેચમાં પણ જીત મેળવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ત્રણ થી ચાર વર્ષની અંદર હાલની વર્લ્ડ કપ વિજેતા ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ક્રિકેટરો કોઈને કોઈ જગ્યાએ અપૂર્વ દેસાઈની સાથે કામ કરી ચૂકી છે. U19 એશિયા કપ-2024 વિજેતા ટીમ સાથે અપૂર્વ દેસાઈ. U19 એશિયા કપ-2024 વિજેતા ટીમ સાથે અપૂર્વ દેસાઈ. અપૂર્વ દેસાઈના કોચિંગની અંડર મેળવેલી સફળતાઓ, દક્ષિણ આફ્રિકામાં 2023 માં U19 મહિલા વર્લ્ડ કપ વિજેતા. શેફાલી વર્મા કેપ્ટન હતી અને રિચા ઘોષ રમી હતી.

# દેવ દિવાળી એટલે ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા અને વિશ્વાસનું જતન કરવાનો અવસર.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આજે કારતક સુદ પૂર્ણિમા જેને આપણે દેવ દિવાળી તરીકે ઓળખીએ છીએ. આપણે પુરાણો પરથી એવી કેટલીયે દંત કથાઓ કોઈને કહેતા સાંભળી હશે, વાંચી હશે,અને એમાં બંનેમાં જે ચડિયાતું પાત્ર હોય, એને દેવ કહેવાય અને વિકૃત કે હલકું પાત્ર હોય એને દાનવ કહેવાય. દિવાળી એટલે જીવન સંબંધોને સંવારવાનો અવસર અને દેવ દિવાળી એટલે ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા અને વિશ્વાસનું જતન કરવાનો અવસર, એવું ચિંતન કરી શકાય. કાળ ચક્રના પૈડાંનું એટલે કે જીવનની ગતિવિધિઓનું શાંત રીતે નિરીક્ષણ કરવામાં આવે તો એમાં ઉતાર ચઢાવના મોડ આવતાં જ રહેતાં હોય છે, અને આ કંઈ આજનાં સમયની વાત નથી. સતયુગથી શરૂ કરીને આજે એટલે કે કળિયુગ સુધી આવા ઉતાર ચઢાવનો દોર જોઈ શકાય છે, અને એવું પણ નથી કે દેવને શાંતિ હતી. દેવને પણ પોતાનું સામ્રાજ્ય બચાવવા માટે બહુ જ મહેનત કરવી પડતી હતી. કારણ કે શક્તિશાળી દાનવો એટલે કે બુરાઈ એ સમયે પણ દેવ રુપે અચ્છાઈના અસ્તિત્વને જોખમમાં મૂકી શકે તેમ હતા. જોકે દેવ દાનવ એ કદાચ પહેલાંનાં સમયની શ્રેણી હતી, એટલે આપણે એને દંતકથા રૂપે જોઈએ છીએ, પરંતુ આજે પણ સમાજમાં એ જ રીતે સજ્જન કે વૈષ્ણવો કે પછી સાધુ પુરુષ વ્યક્તિત્વ જોવા મળે છે. દેવ દિવાળી સાથે પણ આવી એક દેવ દાનવની દંતકથા જોડાયેલી છે એને વિશે વાત કરીશું.

પૌરાણિક કથા અનુસાર ત્રિપુરાસુર નામનો એક બહુ જ શક્તિશાળી રાક્ષસ હતો, તે ખુબ જ તપ કરતો હતો. તેની તપની વિધા જોઈને દેવો સમજી ગયા, કે આ કોઈ સામાન્ય તપ કરતો નથી, અને જે ત્રણે લોકનું અહિત કરવા તપ કરી રહ્યો છે, માટે તેમણે તેનું તપ ભંગ કરવા માટે અપ્સરાઓને મોકલી, પરંતુ તે અપ્સરાઓ પણ તપ તોડી ન શકી. તે કામ, ક્રોધ, કે રૂપને વશ થયો નહીં. અને તેણે પોતાનું એ તપ ચાલુ રાખ્યું, અને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા, અને અમરતાનું વરદાન માંગ્યું. બ્રહ્માજીએ તેને કહ્યું કે શરીર છે માટે મૃત્યુ પણ અનિવાર્ય છે, તોય અન્ય વરદાન માંગી લે ત્યારે તેણે કોઈ દેવથી ન મરું, કોઈ રાક્ષસથી ન મરું! કોઇ સ્ત્રીથી ન મરું! કે કોઈ રોગથી ન મરું! એવું વરદાન માંગ્યું, અને બ્રહ્માજી તથાસ્તુ કહીને ચાલ્યા ગયા. ત્રિપુરાસુર એ સમગ્ર પૃથ્વી પર ત્રાસ ફેલાવવાનું શરુ કર્યું, અને અન્ય રાક્ષસો પણ તેની સાથે જોડાયા. તેમણે રાક્ષસોને કહ્યું કે દેવતાઓ પાસેથી સ્વર્ગ છીનવી લેવાનું છે, અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ પણ લઈ લેવાની છે, જો કોઈ ન માને તો તેને મોતને ઘાટ ઉતારી દો. દેવ દાનવનું ભયંકર યુદ્ધ થયું, અને દેવતાઓને સ્વર્ગ છોડવું પડયું. લગભગ દેવતાઓને એવું લાગ્યું કે, આપણે હવે હારી જઈશું, અને જો આ ત્રિપુરાસુર સ્વર્ગ પર કબજો કરી લેશે તો આપણે ક્યાં જઈશુ?




આથી તેઓ બધા શંકરને શરણે જાય છે. ત્રિપુરાસુર ત્યાં પણ પહોંચી જાય છે, અને યુદ્ધ માટે લલકારે છે. બ્રહ્મા, નારદ, અને ઈન્દ્ર, ભગવાન શિવને પ્રાર્થના કરે છે, કે હવે તમે જ આનો કોઈ ઉપાય શોધો. ભગવાન શંકર ત્રિપુરાસુરને એક જ બાણ મારે છે, અને તેનું મૃત્યુ થાય છે, તેથી દેવો પોતાના વિજય માટે કે સ્વર્ગ બચી ગયું એમ કરીને હર્ષોલ્લાસથી નાચવા લાગે છે, અને આ દિવસે કારતકી પૂર્ણિમા હતો, એટલે એ દિવસથી આ તહેવાર ઉજવવામાં આવે છે. એને દેવ દિવાળી કે ત્રિપુરારી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે.

આપણી દિવાળીની જેમ જ પ્રબોધિની એકાદશી કે તુલસી વિવાહથી શરૂ કરીને કારતકી પૂર્ણિમા સુધી દેવ દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે. લગ્નનો પ્રસંગ પાંચ દિવસનો હોય એ રીતે પૂર્ણિમાને દિવસે તુલસી વિવાહની સમાપ્તિ થાય છે. પરંતુ પ્રબોધિની એકાદશીના દિવસે ચિંતનમાં આપણે જોયું કે જલંધર નામનાં એક અસુરના ત્રાસથી બચવા દેવોએ વિષ્ણુને વિનંતી કરી અને આમ એક શક્તિશાળી અસુરને યુદ્ધમાં છેતરપિંડી કરીને મોતને ઘાટ ઉતાર્યો, અને એની પતિવ્રતા પત્ની વૃંદાને કારણે સ્વયં ભગવાન વિષ્ણુ દંડિત થયાં, અને વૃંદા પોતાના પતિ જલંધરનું મસ્તક ખોળામાં રાખી સતી થઈ અને એ રાખમાં તુલસીનો છોડ ઉત્પન્ન થયો. જ્યારે કાર્તિકી પૂર્ણિમાએ બ્રહ્માજી પાસેથી લગભગ અમરતાની નજીકનું વરદાન પ્રાપ્ત કરવા છતાં ભગવાન શંકર એ એને પણ મરણને શરણ પહોંચાડ્યો, અને આ રીતે દેવોનાં સામ્રાજ્યને બચાવ્યું. આ બંને ઘટનામાંથી શું તારવી શકાય! દેવ એટલે ધર્મ અને દાનવ એટલે અધર્મ એમ જો ધારીએ તો અધર્મના નાશ માટે અને ધર્મની પુનઃ સ્થાપના માટે ઈશ્વરે મદદ કરી હોઈ શકે! પણ સવાલ એ છે કે દેવના માનસમાં શું માત્ર ધર્મની વૃત્તિ જ હતી? કે પછી પોતાના ભોગ વિલાસ સલામત રહે એ ભાવનું પ્રાધાન્ય પણ હતું! અને એ જ રીતે દાનવ તો જેવા વિકૃત દેખાતા હતા એવી જ વિકૃત માનસિકતા ધરાવતા હતાં. એટલે કે અન્યને હેરાન પરેશાન કરવામાં જ એમને આનંદ આવતો હતો, કે પછી બીજા પાસેથી પોતાની પસંદગીની વસ્તુઓ છીનવી લેવી, અને આસાનીથી ન માને તો હિંસા કરીને પણ એ મેળવી લેવું. એટલે આમ જોઈએ તો અહીં કોઈ પ્રપંચ નથી! પણ સુંદર અને આકર્ષક દેહમાં અંદર એવું ઘણું હતું, જે એમને અંદરોઅંદર પણ વિરોધ કરાવતાં હતાં! જ્યાં સ્વાર્થ હોય ત્યાં પરમાર્થ કેમ હોય એ પ્રશ્ન પણ ક્યારેક મુંજવણ કરાવે! પણ આ જ ઈશ્વરની માયા છે.

પરંતુ મોરલ એટલે કે નીતિની રીતે જોઈએ તો ખરેખર દેવતા સ્વાર્થી કહેવાય! પોતાના જીવ પર આવે ત્યારે કંઈ પણ કરી શકાય એવી માનસિકતા ખરી! જ્યારે આજે દેવ પણ નહીં અને દાનવ પણ નહીં, અથવા બંને શ્રેણી જે પોતાનામાં સમાવીને બેઠો છે, અને એવો માનવ આજે પણ પોતાનું કામ કઢાવવા દેવ બની જાય છે, અને લાગે કે એ રીતે કામ નહીં થાય ત્યારે જબરદસ્તી કરે છે, એટલે કે દાનવ બની જાય છે. એટલે સીધી રીતે વિચારીએ તો પહેલા શત્રુ બહાર હતો, અને આજે અંદર જ છે! ક્યારે એ કયું સ્વરૂપ ધારણ કરી, પહેલાં ખુદને અને પછી અન્યને છેતરશે એ કહી શકાય નહીં? મારી રીતે તો દેવ દાન કરતાં માનવ શ્રેષ્ઠ છે, અને માનવ બની માનવતાનો સૌથી શ્રેષ્ઠ ધર્મ નિભાવી શકીએ, અને સમગ્ર વિશ્વને વસુધૈવ કુટુંબકમની ભાવનાથી અપનાવી આ પૃથ્વીને સ્વર્ગ બનાવી શકીએ, કુદરત કે પ્રકૃતિ જેવા નિર્મળ અને સુંદર છે, એવી જ રીતે એનું જતન કરીને, સર્વ જીવ સૃષ્ટિની સલામતી માટે વિચારીએ.સૌને દિવાળી કે દેવ દિવાળી જેમ સ્નેહથી સત્કારી શકીએ, અને સૌમાં એજ પરમ કૃપાળુ પરમાત્મા કે જેણે વરદાન આપતી વખતે એ દેવ છે કે દાનવ એવો ભેદ ક્યારેય નથી કર્યો, એના દર્શન કરીએ તો ચોક્કસ સમાજમાં શાંતિ સ્થપાય.

# ઓઝોન પોલ્યુશન : દેશમાં ફેલાઈ રહી છે નવી ક્લાઈમેટ ક્રાઈસિસ

**2020માં આવેલા આંકડામાં મિડલ ઈસ્ટ અને સાઉથ એશિયાના દેશો તથા ઈસ્ટ એશિયામાં સાઉથ કોરિયામાં સૌથી વધારે ઓઝોન પોલ્યુશન હતું. તે ઉપરાંત 2021માં દુનિયાના 79 ટકા દેશોમાં ઓઝોન પ્રદૂષણનું પ્રમાણે વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણીના સ્તરે પહોંચી ગયું હતું : આ પ્રદુષિત ગેસ જ્યારે શરીરમાં પ્રવેશે છે ત્યારે શ્વાસનળીમાં બળતરા થવી, ખાંસી થવી, શ્વાસ ચડવો, શ્વાસ લેવામાં મુશ્કેલી જેવી સમસ્યાઓ થવા લાગે છે. જાણકારોના મતે મોટા શહેરોમાં આ સમસ્યા વધી રહી છે : જાણકારોના મતે ઓઝોન પ્રદૂષણને કારણે વિશ્વમાં 4.89 લાખ લોકોનાં મોત થયા છે. આ ઉપરાંત વૃદ્ધો અને નવજાત બાળકોના સ્વાસ્થ્યને ગંભીર અસર થઈ રહી છે. તેઓ જણાવે છે કે, જે દેશમાં વૃદ્ધો અને બાળકોની સંખ્યા વધારે છે તે દેશ માટે આ પ્રદૂષણ વધારે જોખમી બની શકે**

2020માં આવેલા આંકડામાં મિડલ ઈસ્ટ અને સાઉથ એશિયાના દેશો તથા ઈસ્ટ એશિયામાં સાઉથ કોરિયામાં સૌથી વધારે ઓઝોન પોલ્યુશન હતું. તે ઉપરાંત 2021માં દુનિયાના 79 ટકા દેશોમાં ઓઝોન પ્રદૂષણનું પ્રમાણે વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણીના સ્તરે પહોંચી ગયું હતું : આ પ્રદુષિત ગેસ જ્યારે શરીરમાં પ્રવેશે છે ત્યારે શ્વાસનળીમાં બળતરા થવી, ખાંસી થવી, શ્વાસ ચડવો, શ્વાસ લેવામાં મુશ્કેલી જેવી સમસ્યાઓ થવા લાગે છે. જાણકારોના મતે મોટા શહેરોમાં આ સમસ્યા વધી રહી છે : જાણકારોના મતે ઓઝોન પ્રદૂષણને કારણે વિશ્વમાં 4.89 લાખ લોકોનાં મોત થયા છે. આ ઉપરાંત વૃદ્ધો અને નવજાત બાળકોના સ્વાસ્થ્યને ગંભીર અસર થઈ રહી છે. તેઓ જણાવે છે કે, જે દેશમાં વૃદ્ધો અને બાળકોની સંખ્યા વધારે છે તે દેશ માટે આ પ્રદૂષણ વધારે જોખમી બની શકે




દિવાળી નજીક આવતા જ અને શિયાળાની શરૂઆતના પડઘમ સાથે જ સમગ્ર દેશમાં પ્રદૂષણની સમસ્યા વકરવા લાગે છે. આમ તો દેશના મોટાભાગના રાજ્યોમાં ઓછા વત્તા પ્રમાણમાં પ્રદૂષણ ફેલાયેલું જ છે પણ શિયાળામાં તે વધારે અનુભવાય છે. તેમાંય જે લોકો દિલ્હી, એનસીઆરમાં રહે છે તેમના માટે તો આ પ્રદૂષણ નેક્સ્ટ લેવલની સમસ્યા છે. લોકો ઘણા વખતથી આ પ્રદૂષણ ભોગવી રહ્યા છે અને કદાચ આગામી સમયમાં પણ ભોગવવું પડશે. આ પ્રદૂષણ સાથે સંકળાયેલી નવી સમસ્યાઓ જન્મ લીધો છે. જાણકારી એવી છે કે, દેશના ઘણા શહેરોમાં ઓઝોન પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના એક અહેવાલ અંગે નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલે પણ ચિંતા વ્યક્ત કરી છે કે આ સમસ્યા વકરી રહી છે. જાણકારોના મતે આ સમસ્યાથી માત્ર માણસો અને પ્રાણીઓ જ નહીં પણ તેનાથી વૃક્ષો અને ખેતીને પણ મોટું નુકસાન થવાની શક્યતાઓ રહેલી છે. ઓઝોનનું સ્તર વધારતા આ ઝેરી ગેસ માત્ર શહેરોને જ નુકસાન કરશે તેવું નથી. આ ગેસ લાંબા અંતર સુધી ફેલાય છે તેથી તે ગમે ત્યાં પહોંચી શકે છે. તેનાથી ગ્રામ્ય વિસ્તારોને પણ નુકસાન થવાની શક્યતાઓને નકારી શકાય નહીં.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અહેવાલ પ્રમાણે દિલ્હી-એનસીઆર અને મુંબઈ જેવા મોટા શહેરમાં ગ્રાઉન્ડ લેવલ ઓઝનનું સ્તર અને પ્રદૂષણ ભયાનક સ્તરે વધી રહ્યું છે. એનજીટી દ્વારા આ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. એનજીટીએ સરકાર અને અન્ય એજન્સીઓને આ મુદ્દે ઝડપથી કામગીરી કરવાની અને યોગ્ય પગલા લેવાની જાણ કરી છે. સીપીસીબીના અહેવાલમાં જણાવાયું છે કે, દિલ્હી-એનસીઆરના ૫૭માંથી ૨૫ સ્ટેશનો ઉપર જ્યારે મુંબઈના ૪૫માંથી ૨૨ સ્ટેશનો ઉપર આઠ કલાકની સમય મર્યાદામાંથી મોટાભાગના સમયે ઓઝોન પ્રદૂષણ જોવા મળ્યું હતું. વાહનો, વીજળીઘરો, ઓદ્યોગિક એકમોથી નીકળતા ધુમાડા, નાઈટ્રોજન ઓક્સાઈડ, વીઓસી અને કાર્બન મોનોક્સાઈડના કારણે સૂર્યના પ્રકાશમાં રાસાયણિક પ્રક્રિયા થઈ રહી છે અને તેના પગલે ઓઝોનનું સ્તર વધી રહ્યું છે. આ ગેસ શ્વાસની સમસ્યા, ખાસ કરીને અસ્થમા અને દમના દર્દીઓને મુશ્કેલી વધારે છે, ખેતીને ખૂબ જ નુકસાન પહોંચાડે છે.

સીએસઈ એટલે કે સેન્ટર ફોર સાયન્સ એન્ડ એનવાર્યનમેન્ટના એક અભ્યાસ ઉપરથી આ અહેવાલ તૈયાર કરાયો હતો. અહેવાલમાં જણાવાયું છે કે, ગ્રાઉન્ડ લેવલ ઓઝોનમાં ભયાનક સ્તરે વધારો થયો છે. આ ઓઝોન ગેસ શ્વાસ સંબંધિત સમસયાઓ અને પર્યાવરણની હાનિ સાથે પણ જોડાયેલું છે. તેના કારણે વ્યાપક નુકસાન થાય તેમ છે. જાણકારોએ ચેતવણી આપી છે કે, ગરમી અને સૂર્ય પ્રકાશ ઓઝોનના નિર્માણને ઝડપી બનાવે છે. હાલમાં જોવા જઈએ તો મોટા શહેરોના કેટલાક વિસ્તારો તેના હોટસ્પોટ બની ગયા છે. એનજીટીએ આ મુદ્દે પર્યાવરણ મંત્રાલય અને સીપીસીબીને ગંભીરતા દાખવવા અને તાકીદે પગલા લેવા પણ ટકોર કરી છે. તેના માટે એક વિશેષ સમિતીની રચના કરવાનો પણ પ્રસ્તાવ મુક્યો છે. આ રિપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે, પર્યાવરણ, વન અને જળવાયુ મંત્રાલય તથા સીબીસીબીએ ઓઝોન તથા તેના કારકોને નિયંત્રિત કરવા માટે ચોક્કસ ઉપાય કરવા પડશે. તે સિવાય આ કારણો અને કારકોનો અભ્યાસ કરીને તેને ડામવાના ઉપાયો પણ શોધવાની તાકીદ કરાઈ છે.

જાણકારોના મતે દર વર્ષે થતું વાયુ પ્રદૂષણ અને હવે વકરી રહેલું ઓઝોન પ્રદૂષણ ખૂબ જ જુદા છે. સામાન્ય વાયુ પ્રદૂષણમાં મુખ્યત્વે વાતાવરણમાં પાર્ટિક્યુલેટ મેટર ૨.૫ માઈક્રોનથી નાના હોય તેને ગણીએ છીએ. જેને આપણે પીએમ ૨.૩ કહીએ છીએ તે દેશમાં દરેક જગ્યાએ વત્તા ઓછા પ્રમાણમાં હોય છે. તે ઉપરાંત નાઈટ્રોજન ઓક્સાઈડ, કાર્બનડાયોક્સાઈડ જેવા ગેસનું સ્તર પણ સામાન્ય કરતા ભયજનક સ્તરે વધારે હોય છે અને તેને વાયુ પ્રદૂષણ કહેવાય છે. બીજી તરફ ઓઝોન પ્રદૂષણ એક એવું પ્રદૂષણ છે જે સીધી રીતે હવામાં ઉત્સર્જિત થતું નથી કે, સર્જાતું નથી. વાયુમંડળમાં સૂર્યની જે આકરી ગરમી પ્રવેશ કરે છે તે ગરમીની વાતાવરણમાં રહેલા નાઈટ્રોજન ઓક્સાઈડ અને હાઈડ્રોકાર્બન સાથે રાસાયણિક પ્રક્રિયા થાય છે અને તેના પગલે જે ગેસ બને છે તેને ઓઝોન ગેસ કહેવામાં આવે છે.

ઓઝોન પોલ્યુશન એક જીવલેણ ઓક્સિડેન્ટ છે જે રાસાયણિક રીતે જોઈએ તો લોખંડને કાટ લાગવામાં તેની ભૂમિકા હોય છે. આ પ્રદુષિત ગેસ જ્યારે શરીરમાં પ્રવેશે છે ત્યારે શ્વાસનળીમાં બળતરા થવી, ખાંસી થવી, શ્વાસ ચડવો, શ્વાસ લેવામાં મુશ્કેલી જેવી સમસ્યાઓ થવા લાગે છે. જાણકારોના મતે મોટા શહેરોમાં આ સમસ્યા વધી રહી છે. તેનું કારણ એવું છે કે, અહીંયા નાઈટ્રોજન ઓક્સાઈડ અને હાઈડ્રોકાર્બનનું પ્રમાણ ખૂબ જ વધારે છે અને શહેરોમાં ગરમીનું પ્રમાણ પણ વધારે હોય છે તેના પગલે ઓઝોન ગેસ ઝડપથી બનવા લાગે છે. તેનો સીધો અર્થ છે કે, ઓઝોન ગેસ બનતો રોકવા માટે તેના માટે કારક એવા બંને ગેસનું ઉત્સર્જન ઘટાડવું પડશે. પેટ્રોલ હોય કે ડીઝલ વાહનો, પાવર પ્લાન્ટ ઈન્ડસ્ટ્રી વગેરે આ ગેસને વધારવાના મુખ્ય પરિબળો છે. આ જગ્યાઓએથી પ્રદૂષણ ઓછું થશે તો ઓઝોન ગેસ આપોઆપ ઘટવા લાગશે.

જાણકારોના જણાવ્યા પ્રમાણે ઓઝન ગેસનું પ્રમાણ વધવાથી શ્વાસ લેવામાં તકલીફ થવાની મુખ્ય સમસ્યા વકરે છે. તેનું વધતું પ્રમાણ ફેફસાંને નબળા પાડી દે છે. બીજી તરફ વ્યક્તિની ઈમ્યુનિટીને ઓછી કરી નાખે છે. તેમાં પણ પીએમ ૨.૫નું વધતું પ્રમાણ સ્વાસ્થ્ય ઉપર અન્ય ગંભીર અસર કરે છે. આવી પરિસ્થિતિમાં જે લોકોની ઈમ્યુનિટી કુદરતી રીતે જ ઓછી છે અથવા તો તેઓ નબળા છે તેમના ઉપર દુષ્પ્રભાવ વધારે પડે છે. તે ઉપરાંત આવા પ્રદૂષણમાં રહેનારા લોકોની ઈમ્યુનિટી કુદરતી રીતે જ ઘટતી જાય છે અને તેઓ વારંવાર બેક્ટેરિયા અને વાઈરસજન્ય બિમારીઓનો ભોગ બનતા રહે છે. આ રીતે તમામ પ્રકારના પ્રદુષકોની સ્વાસ્થ્ય ઉપર ગંભીર અને ભયાનક અસર થાય છે. આ તો માત્ર માણસોની જ વાત કરી. આ પ્રદૂષણનું વધતું સ્તર જીવજંતુઓ અને પશુ-પક્ષીઓના સ્વાસ્થ્યને પણ આટલી જ ગંભીર અસર પહોંચાડે છે. તે ઉપરાંત વનસ્પતીઓ અને ખેતીને પણ આ પ્રદૂષણની ભયાનક અસર થાય છે. તેનાથી ઉપજ ઓછી થવા લાગે છે. એકંદરે જોવા જઈએ તો કુદરતનું સમગ્ર ચક્ર વેરવિખેર થવા લાગે છે. ઓઝોન પ્રદૂષણનું વધતું સ્તર દેશ માટે ચિંતાજનક બાબત છે.

મહત્ત્વની વાત એ છે કે, આ સમસ્ય માત્ર ભારતમાં જ વકરી રહી છે તેવું નથી. દુનિયાના મોટાભાગના દેશો જ્યાં પ્રદૂષણ વધારે છે તેવા તમામ દેશોમાં ઓઝોન પ્રદૂષણ પણ વધી રહ્યું છે. બીજી બાબત એ છે કે, જે દેશોએ પીએમ ૨.૫ ઉપર કાબુ મેળવી લીધો છે અથવા તો તેને કાબુમાં રાખી રહ્યા છે તે દેશોમાં પણ ઓઝોન પ્રદૂષણની સમસ્યા તો છે. ઓઝોન પ્રદૂષણ ઘટાડવા માટે એક એવા એક્શન પ્લાનની જરૂર છે જે ઘણા બધા મુદ્દે અને ઘણા બધા તબક્કે એક સાથે કામ કરે અને પ્રદૂષણના બાકીના કારકો ઉપર મજબુતીથી કાબુ લાવે. દરેક દેશે સખત પોલ્યુશન લિમિટ નક્કી કરવી પડશે અને તેનો કડકાઈથી અમલ કરાવવો પડશે તો જ સ્થિતિ કાબુમાં આવે તેમ છે. ભારતે પણ હવે સ્ટેજ સેવ વિશે વિચાર કરવો પડે તેમ છે. તેના દ્વારા એનઓએક્સને કાબુ કરી શકાય તેમ છે. ઈલેક્ટ્રિક વાહનોનો વધુમાં વધુ ઉપયોગ થાય તેના માટે પ્રોત્સાહન આપવું પડશે. તે ઉપરાંત એ માપદંડો પણ કડક કરવા પડશે જેના દ્વારા પાવર પ્લાન્ટ્સ થકી નાઈટ્રોજન ઓક્સાઈડનું ઉત્સર્જન ઓછું થાય. હાઈડ્રોકાર્બનના સ્ત્રોત પર પણ કાબુ લગાવવાની જરૂર છે. તે સિવાય સોલ્વંટનો ઉપયોગ પણ ઓછો થાય તેનું ધ્યાન રાખવું પડશે. તે ઉપરાંત પેટ્રોલપંપોમાંથી ઈવોપરેટિવ એમિશન પણ ઓછું થાય તે સુનિશ્ચિત કરવું પડશે. આપણા દેશમાં હાલમાં માત્ર પીએમ ૧૦ ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે પણ હકિકતે પ્રદૂષણ ફેલાવતા તમામ કારકોને કાબુ કરવા માટે એક સંયુક્ત માપદંડ નક્કી કરવો પડશે અને સંયુક્ત પ્લાન બનાવવો પડશે તો જ એકંદરે સફળતા મળી શકે તેમ છે.

ઓઝોન પ્રદૂષણ પણ બાકીના પ્રદૂષણની જેમ વ્યાપક રીતે વકરી રહ્યું છે. તેના કારણે લોકોના સ્વાસ્થ્યમાં મોટો ફેરફાર આવી રહ્યો છે. જાણકારોના મતે ઓઝોન પ્રદૂષણને કારણે વિશ્વમાં ૪.૮૯ લાખ લોકોનાં મોત થયા છે. આ ઉપરાંત વૃદ્ધો અને નવજાત બાળકોના સ્વાસ્થ્યને ગંભીર અસર થઈ રહી છે. તેઓ જણાવે છે કે, જે દેશમાં વૃદ્ધો અને બાળકોની સંખ્યા વધારે છે તે દેશ માટે આ પ્રદૂષણ વધારે જોખમી બની શકે તેમ છે. બીજી ગંભીર બાબત એ પણ છે કે, ઓઝોન પ્રદૂષણ ક્લાઈમેટ ચેન્જ સાથે પણ સંકળાયેલું છે. હવા જેટલી પાતળ અને ગરમ હશે તેટલું જ ઓઝોન પ્રદૂષણ વધારે ઝડપથી વકરશે. સાદી ભાષામાં વાત કરીએ તો શહેરી વિસ્તારોમાં વધી રહેલી ગરમી અને વકરી રહેલું પ્રદૂષણ ઓઝોન પ્રદૂષણને ઉત્તજન આપી રહ્યું છે અને તેના કારણે એર ક્વોલિટી ખૂબ જ ખરાબ થઈ રહી છે. ઓઝોન પણ ગ્રીનહાઉસ ગેસ જ ગણાય છે અને તેના કારણે તાપમાનમાં પણ વધારે થાય છે. તેથી આ પ્રદૂષણ પણ વૈશ્વિક સ્તરે વધારે નુકસાનકારક છે. અભ્યાસમાં બહાર આવ્યું છે કે, હાલમાં વૈશ્વિક સ્તરે જમીન ઉપર ઓઝોનનું પ્રમાણ ૩૦ ટકાએ પહોંચ્યું છે જે ગત સદી કરતા ૭૦ ટકા વધારે છે. ઓઝોનને વધારકા કારકોનું સૌથી વધારે ઉત્સર્જન અને પૃથ્વીના સરેરાશ તાપમાનમાં થઈ રહેલા વધારાના કારણે ઓઝોન પણ વકરી રહ્યો છે. ઓઝોન પ્રદૂષણના નવા આંકડા હજી આવ્યા નથી પણ ૨૦૨૦માં આવેલા આંકડામાં મિડલ ઈસ્ટ અને સાઉથ એશિયાના દેશો તથા ઈસ્ટ એશિયામાં સાઉથ કોરિયામાં સૌથી વધારે ઓઝોન પોલ્યુશન હતું. તે ઉપરાંત ૨૦૨૧માં દુનિયાના ૭૯ ટકા દેશોમાં ઓઝોન પ્રદૂષણનું પ્રમાણે વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણીના સ્તરે પહોંચી ગયું હતું. હાલમાં સાઉથ એશિયા, ઈસ્ટ એશિયા તથા વેસ્ટ અને સાઉથ આફ્રિકામાં આ પ્રદૂષણ સૌથી વધારે વકરી રહ્યું છે અને ભારત જેવા દેશ માટે સૌથી મોટો ખતરો બની શકે છે.

## SIR ની શરૂઆત અમદાવાદ જીલ્લાથી કરાઈ, BLOએ 2002 અને 2025 ની મતદાર યાદીનું કર્યું મેપિંગ




અમદાવાદ

ભારતીય ચૂટણી પંચે બિહારમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ દેશના 12 રાજ્યમાં 4 નવેમ્બરથી SIR પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગુજરાત, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત અનેક રાજ્યોમાં એસઆઈઆર શરૂ કરાયું છે. 4 તારીખથી ગુજરાતમાં પણ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજ્યાના અમદાવાદ જિલ્લાથી SIRની શરૂઆત કરવામાં આવી છે. BLOએ 2002 અને 2025ની મતદાર યાદીનું શરૂ મેપિંગ કર્યું છે. મેપિંગનું કામ પૂર્ણ થયા બાદ ઘરેઘરે જઈ ફોર્મ અપાશે. મેપિંગનું કામ પૂર્ણ થયા બાદ ઘરેઘરે જઈ ફોર્મ આપવામાં આવશે તથા 2002 ની મતદાર યાદીનો ક્રમાંક અને નવી યાદીનો ક્રમાંક મેચ કરવામાં આશે. આ કામગિરી એક મહીના સુધી ચાલશે જેમાં ખોટા નામ કે ડબલ નામને દૂર કરવાનું કામકાજ થશે.

SIRની પ્રક્રિયા

* 2002 અને 2025ની મતદાર યાદીનો ક્રમાંક મેચ કરાશે
* ખોટા નામ કે ડબલ નામને દૂર કરાશે
* A,B,C,D,E અને F કેટેગરીમાં વર્ગીકૃત કરાયા
* ફોર્મમાં આધાર નંબર, મોબાઈલ નંબરનો ઉલ્લેખ
* માતાપિતા, જીવનસાથી સહિતના નામોનો ઉલ્લેખ
* વિધાનસભા, વોર્ડ અને ભાગ નંબરનો ઉલ્લેખ
* પુરાવા માટે 12 ઓળખપત્રો પૈકી એક જરૂરી

મતદારને SIR હેઠળ ફોર્મ આપી ભરેલું પરત લેવાશે. SIR હેઠળ મતદારોની યાદીને A,B,C,D,E અને F કેટેગરીમાં વર્ગીકૃત કરાયા છે. ગણતરી ફોર્મમાં આધાર નંબર, મોબાઈલ, માતાપિતા, જીવનસાથી સહિતના નામોનો ઉલ્લેખ કરવાનો રહેશે. આ ઉપરાંત વિધાનસભા, વોર્ડ અને ભાગ નંબર સહિતની બાબતો પણ સામેલ કરવામાં આવશે. મતદારે કુલ 12 ઓળખપત્રો પૈકી એક ઓળખપત્રઆપવાનુંરહેશે.

## ખેડા જિલ્લાના મતદારોની લાયકાત ધરાવતા તમામ મતદારોની ખરાઈ અને સમાવેશ અર્થે જાહેર કરાયેલ SIR (Special Intensive Revision) ના દ્વિતીય તબક્કાનો પ્રારંભ

ખેડા,

આજ થી ખેડા જિલ્લાના ૧૬૯૮ બુથ લેવલ અધિકારી તેમના મતદાન મથકમાં સમાવિષ્ટ મતદારોના ઘરે જઈને તા. ૪ નવેમ્બર,૨૦૨૫ થી તા. ૪ ડિસેમ્બર,૨૦૨૫ સુધીમાં ગણતરી ફોર્મ (Enumeration Form)નુ વિતરણ કરશે. તેમજ મતદારની સહી વાળા EF ફોર્મ પરત મેળવી ડિઝિટાઈઝ કરવાની પ્રક્રિયા હાથ ધરશે. આ સમયગાળા દરમિયાન કોઈ પણ પ્રકારનો પુરાવો લેવામાં આવશે નહિ. આથી જિલ્લા ચુંટણી અધિકારીશ્રી દ્વારા ખેડા જિલ્લાના તમામ મતદારોને સહી વાળા ગણતરી ફોર્મ (Enumeration Form) બુથ લેવલ અધિકારીઓને પરત આપવા માટે નમ્ર અપીલ કરવામાં આવે છે.



## ખેડા જિલ્લાના ૧૬૯૮ જેટલા બી.એલ.ઓ મતદારોનો સંપર્ક કરશે

## ખેડા જિલ્લાના લાયકાત ધરાવતા મતદાર મતાધિકારીથી વંચિત ન રહે તે માટે મતદાન સઘન સુધારણા કાર્યક્રમની થશે શરૂઆત

ખેડા,

ખેડા જિલ્લામાં મતદાન સઘન સુધારણા કાર્યક્રમ અંતગર્ત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા મૂજબ તા. ૨૭ નવેમ્બર ના રોજ ભારતના ચૂંટણી પંચ દ્વારા સમગ્ર દેશના ૧૨ જેટલા રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મતદાન સુધારા માટે ખાસ સઘન સુધારણાનો કાર્યક્રમ હાથ ધરાયો છે. જે અન્વયે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા તમામ રાજકીય પક્ષો સાથે પણ બેઠક કરવામાં આવી હતી. તેમને પણ નવી પ્રક્રિયાની સમજ આપવામાં આવી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ખેડા જિલ્લાના ૧૬૯૮ જેટલા બી.એલ.ઓ. દ્વારા જિલ્લાના તમામ ૧૬,૫૫,૦૬૨ મતદારોના ઘરે જઈને તા. ૪ નવેમ્બરથી તા. ૪ ડિસેમ્બર સુધીમાં મતગણતરી ફોર્મ ભરાવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તે દરમિયાન કોઈ પણ પ્રકારનો પુરાવો લેવાનો રહેશે નહી. તા.૪ ડિસેમ્બર સુધીમાં મતગણતરી ફોર્મ વેરીફાઈ થઈને આવશે તેમના નામ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ પરત ન આવેલ ફોર્મની પણ એક યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. વધુમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમિત પ્રકાશ યાદવે SIR પ્રક્રિયા થકી લાયકાત ધરાવતા મતદાર મતાધિકારીથી વંચિત ન રહે તેના માટે ખાસ કામગીરી કરવા જણાવ્યું હતું. વધુમાં મૃત્યુ પામેલા કે કાયમી સ્થળાંતર કરેલા મતદારોં કમી કરીને ચોક્કસ મતદાર યાદી પ્રસિદ્ધ થાય તેવો ઉદ્દેશ્ય મતદાન સઘન સુધારણા કાર્યક્રમનો છે. મતદાન સઘન સુધારણા કાર્યક્રમ માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ છે. તે માટે કર્મીઓની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં તેમણે તા.૪ નવેમ્બરથી તા.૪ ડિસેમ્બર દરમિયાન યોજાનાર આ પ્રક્રિયામાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભારતના ચૂંટણી પંચે ગુજરાત સહિત કુલ 12 રાજ્યો/કિન્દ્રશાસિત પ્રદેશો માટે મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (Special intensive revision - SIR)નું સમય પત્રક જાહેર કર્યું છે.

**પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર રેલવે બોર્ડની સૂચના**

## પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવશે

### કૃપા કરીને અરજીમાં તમારું નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતીની તારીખ, નિવૃત્તિની તારીખ, PPO નકલ અને ફરિયાદનો પ્રકાર દાખલ કરો



અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર રેલવે બોર્ડની સૂચના મુજબ નિવૃત્ત કર્મચારીઓના પેન્શન સંબંધિત પ્રશ્નોના ઝડપી નિકાલ માટે 15 ડિસેમ્બર, 2025 (સોમવાર)ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવશે.અમદાવાદ ડિવિઝનમાંથી જે પણ કર્મચારી સેવાનિવૃત્ત થયા છે તે પેન્શનરો/ફેમિલી પેન્શનરોની પેન્શન સંબંધિત ફરિયાદોના નિરાકરણ માટે ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ખાતે 15.12.2025 ના રોજ પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ ડિવિઝનમાંથી રેલ્વે સેવામાંથી નિવૃત્ત થયેલા તમામ કર્મચારીઓ, પેન્શનરો/કૌટુંબિક પેન્શનરો અને પેન્શન સંબંધિત ફરિયાદો હોય, તેઓ તેમની અરજી (ત્રણ પ્રતિકૃતિમાં) ડિવિઝનલ રેલવે મેનેજર (સ્થાપના) ઑફિસ, અમદાવાદ ડિવિઝન પશ્ચિમ રેલવે, જીસીએસ હૉસ્પિટલ ની સામે અમદુપુરા અમદાવાદ પિનકોડ: ૩૮૨૩૪૫ માં 21.11.2025 સુધી સબમિટ કરી શકે છે. કૃપા કરીને અરજીમાં તમારું નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતીની તારીખ, નિવૃત્તિની તારીખ, PPO નકલ અને ફરિયાદનો પ્રકારદાખલકરો.

## કમોસમી વરસાદથી 30.92 લાખ હેક્ટર જમીનમાં 33 ટકા કરતાં વધુ નુકસાનું અંદાજ

### રાજ્યના કૃષિ વિભાગની 4,784 ટીમોએ 35.44 લાખ હેક્ટર જમીનમાં સરવે કર્યાનો દાવો, 1,574 કરોડનું નુકસાન થયાનો અંદાજ, 16,387 ગામના 17.06 લાખ ખેડૂતો અસરગ્રસ્ત



અમદાવાદ,

રાજ્યમાં હાલ તાજેતરમાં થયેલાં માવઠાના કારણે ખરીફ પાકને વ્યાપક નુકસાન થયું છે. ખેડૂતોની વ્યાથાબાદ સાંભળ્યા બાદ સરકારે સરવે કરીને સહાય આપવાનો નિર્ણય કર્યો છે. તેના ભાગરૂપે કૃષિ વિભાગની ટીમોએ સરવે કરી નુકસાનનો અંદાજ કાઢ્યો છે. કૃષિ વિભાગના પ્રાથમિક સરવેમાં કુલ 71.02 લાખ હેક્ટર વાવેતર વિસ્તાર પૈકી 30.92 લાખ હેક્ટર જમીનમાં 33 ટકા કરતાં વધુ નુકસાન થયાનો અંદાજ છે, સરકારી આંકડા પ્રમાણે 16,387 ગામના 17.06 લાખ ખેડૂતોને 1574.48 કરોડનું નુક્સાન થયું હોવાનો અંદાજ છે.

રાજ્ય સરકારે સરવેમાં આવરી લેવાયેલા 70 ટકા વિસ્તારમાં પ્રાથમિક ચકાસણી કર્યા બાદ આંકડો નક્કી કર્યો છે. મુખ્યમંત્રી રાહત પેકેજની મંગળવારે અથવા બુધવારે જાહેરાત કરે તેવી શક્યતા છે. સરકારની એક એજન્સીએ અગાઉ પ્રારંભિક ૩ અંદાજમાં માવઠાની વ્યાપકતા જોઈને 11 હજાર કરોડનું નુકસાન થયાની સંભાવના વ્યક્ત કરી હતી.

માવઠાના કારણે ઉત્તર ગુજરાતમાં વાવેતર કરાયેલા 18.08 લાખ હેક્ટર ખરીફ પાક પૈકી 4.14 લાખ હેક્ટર જમીનમાં કૃષિ પાકને અસર થઈ છે. કૃષિ વિભાગની ટીમોએ કરેલા સરવેમાં 44,849 ખેડૂતોની 46,125 હેક્ટર જમીનમાં 33 ટકા કે તેથી વધુ નુકસાન થયુ છે. ઉત્તર ગુજરાતમાં કૃષિ વિભાગની 565 ટીમોએ 3,230 ગામમાંથી 1,072નો સરવે કર્યો હોવાનું જાણવા મળ્યું છે. દક્ષિણ ગુજરાતમાં 5.61 લાખ હેક્ટર વાવેતરને માવઠાની અસર થઈ છે. દક્ષિણ ઝોનના કુલ વાવેતરના 79 ટકા ખરીફ પાકને અસર થઈ છે. કૃષિ વિભાગની ટીમોએ 2.51 લાખ હેક્ટર જમીનમાં 35.35 ટકા સરવે કામગીરી પૂર્ણ કરી છે. જેમાં 1.36 લાખ ખેડૂતોની 1.67 લાખ હેક્ટર જમીનમાં 33 ટકા કે તેથી વધુ નુકસાન થયાનો અંદાજ છે. મધ્ય-પૂર્વ ઝોનમાં કુલ 15.55 લાખ હેક્ટર વાવેતર વિસ્તાર પૈકી 8.17 લાખ હેક્ટર વાવેતરને અસર થઈ છે. મધ્ય પૂર્વ ઝોનમાં વાવેતરના 52.54 ટકા ખરીફ પાકને અસર થઈ છે. કૃષિ વિભાગની ટીમોએ 3.71 લાખ હેક્ટર જમીનમાં 45.37 ટકા સરવેની કામગીરી પૂર્ણ કરી છે. આ સરવેમાં 2.59 લાખ ખેડૂતોની 3.18 લાખ હેક્ટર જમીનમાં 33 ટકા કે તેથી વધુ નુકસાન થયાનો અંદાજ છે. સૌરાષ્ટ્રમાં માવઠાથી કુલ 37.71 લાખ હેક્ટર જમીનમાં થયેલા વાવેતર પૈકી 33.53 લાખ હેક્ટર જમીનને અસર થઈ છે. કૃષિ વિભાગની ટીમોએ 28.28 લાખ હેક્ટર જમીનમાં સરવેની 84.34% કામગીરી પૂર્ણ કરી છે. કૃષિ વિભાગે કરેલા સરવેમાં 12.65 લાખ ખેડૂતોની 25.60 લાખ હેક્ટર જમીનમાં 33 ટકા કે તેથી વધુ નુકસાન થયુ હોવાનો પ્રાથમિક અંદાજ છે.

કૃષિ વિભાગની ટીમોએ કરેલા સરવે દરમિયાન નુકસાનના આંકડા બહાર આવ્યા છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં સૌથી વધારે નુકસાન થયાનું સામે આવ્યું છે. સૌરાષ્ટ્ર ઝોનમાં ખેડૂતોને ખરીફ પાકમાં 1218.50 કરોડનું નુકસાન થયું છે. જ્યારે ઉત્તર ઝોનમાં 28.11 કરોડ, દક્ષિણ ઝોનમાં 58.45 કરોડ અને મધ્ય-પૂર્વ ઝોનમાં 296.45 કરોડનું ખેડૂતોને નુકસાન થયું છે. ચારેય ઝોન મળીને ગુજરાતના ખેડૂતોને કુલ રૂપિયા 1574.48 કરોડનું નુક્સાનથયાનોઅંદાજ છે.

## આત્માની મિમાંસા કોઈ કરતું નથી,જગતમાં કોઈ મૂર્ખ નથી બધા ઈશ્વરના અંશ છે. જે બીજાને મૂર્ખ માનેએ પોતે જ મૂર્ખ છે.



**વિશેષ**
ચશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઇએ તો પરમાત્માને પ્રસન્ન કરવા માટે શુદ્ધ પ્રેમ જ જરૂરનો છે. જ્ઞાન વગેરેની મહત્તા ઓછી છે.શબ્દજ્ઞાનની જરૂર નથી.શબ્દ શાન તો ઊલટું ઘણીવાર પ્રભુનું ભજન કરવામાં વિઘ્નરૂપ થાય છે હિરણ્યકશિપુ જેવા માટેભગવાન ભયંકર અને કઠોર છે. પ્રહલાદ જેવા માટે તે કમળ જેવા કોમળ છે.એટલે તો વિષ્ણુસહસ્નનામમાં પણ ભગવાન ને ભયકારક અને સાથોસાથ ભયનાશક કહ્યા છે. ભગવાન દુષ્ટોને માટે ભયકારક અને ભયરૂપ છે.જ્યારે ભક્તો માટે ભક્તોના ભયનું હરણ કરવા વાળા છે, ભયનાશક છે. નૃસિંહ સ્વામી પ્રહલાદને કહે છે, તારી વહારે ધાવા મને વિલંબ થયો તે માટે તારી માફી માગું છું. પ્રહલાદની ભક્તિ કેટલી દિવ્ય કે આજે પ્રભુ તેની માફી માગે છે! પછી ગાય વાછરડાને ચાટે તેમ અતિપ્રેમમાં નૃસિંહસ્વામી પ્રહલાદ ને ચાટવા લાગ્યા. જેમ ચાટે તેમ તેમનો ક્રોધ ઓછો થતો જાય છે. પ્રહલાદએ સત્ત્વગુણ છે. હિરણ્યકશિપુ એ તમોગુણ છે. તમોગુણ અને સત્ત્વગુણએ બંનેનું આ યુદ્ધ છે.તેમાં ભગવાનપ્રહલાદ નો સત્ત્વગુણનો પક્ષ કરે છે.શુદ્ધ સત્ત્વગુણ આગળ તમો ગુણનો નાશ થાય છે.પ્રહલાદનું વચન સત્ય કરવા માટે અને જગતમાં હું સર્વ ઠેકાણે રહેલોછું,એ પોતાની સર્વવ્યાપકતા સિદ્ધ કરવા સ્તંભ માંથી નૃસિંહસ્વામી પ્રગટ થયા છે ઈશ્વર સર્વવ્યાપક છે એ જાણે બધા, અનુભવે છે કોઈક. દૂધમાં માખણ દેખાતું નથી,પણ દૂધના અણુ-પરમાણુમાં માખણ રહેલું છે,તેમ જગતના પ્રત્યેક સ્થૂમ સૂક્ષ્મ પદાર્થમાં ઈશ્વર રહેલા છે. ઈશ્વર અણુ અણુમાં છે અને મોટામાં મોટો છે.તેનો અભાવ કોઈ ઠેકાણે નથી,એટલે તે વ્યાપક છે.સર્વમાં ઈશ્વર બિરાજેલા છે એવું મનુષ્ય સમજે તો જીવનમાં દિવ્યતા આવે.માટે સર્વમાં ઈશ્વર ને નિહાળો. માતૃદેવો ભવ,પિતૃદેવો ભવ અને અંતમાં પરસ્પર દેવો ભવ પરસ્પરમાં ઈશ્વરને જુઓ. લોકો એકબીજા ને મળે ત્યારે રામ રામ કહે છે. એટલે કે તમારામાં રામ છે,મારા માં રામ છે.હું રામ છું, તું રામ છે!વરકન્યા લગ્ન કરીને આવે છે, ત્યારે કન્યાને લક્ષ્મીની ભાવનાથી પૂજવામાં આવે છે.કન્યાએલક્ષ્મી અને વરએ નારાયણ. આજે મારા ઘરે લક્ષ્મી નારાયણ આવ્યાં છે. આ ભાવ કાયમ માટે ટકે તો ઘર વૈકુંઠ બની જાય. પરંતુ ઈશ્વર સર્વવ્યાપક છે,સર્વમાં છે એમ જાણવાથી વિશેષ લાભ નથી,પણ ઈશ્વર સર્વમાં છે એમ જાણી તે પ્રમાણે વ્યવહાર કરવો જોઇએ. ભગવાને ચંદન,પુષ્પ અર્પણ કર્યાં તેટલી જ કાંઈ ભક્તિ નથી.ભક્તિ એટલે શું? સર્વમાં ભાગવત્ ભાવ રાખવો એ ભક્તિ છે.મૂર્તિમાં જેવો ભાગવત ભાવ રાખો છો તેવો સર્વત્ર રાખો. ઈશ્વર સર્વમાં બિરાજેલા છે એવો જે અનુભવ કરે છે તેનું જીવન ધન્ય છે.નિશ્ચય કરોકે,મારે પ્રત્યેક વ્યવહારને ભક્તિમય બનાવવોછે શુદ્ધ વ્યવહારને ભક્તિ કહે છે જેના વ્યવહારમાં દંભ છે, અભિમાન છે એને ભક્તિમાં આનંદ આવતો નથી વ્યવહારની શુદ્ધિ ઈશ્વર સર્વ માં છે તેવો અનુભવ કર્યા વગર થશે નહીં. હું જે કરું છું તે બધું ઠાકોરજી જુએ છે એમ માનો. કોઈ પણ વ્યવહાર એવો નથી કે,જેમાં બોધ ન હોય! ધંધો કરવો એ કંઈ ગુનો નથી. સેના ભગત હજામત કરવાનું કામ કરતા એક દિવસ તેમને વિચાર થયો કે, હું લોકોના માથાનો ભાર ઉતારું છું,પણ મારા માથાનો ભાર મેં ઊતાર્યો નહીં.દરેક મહા પુરુષને પોતાના ધંધામાંથી જ્ઞાન મળ્યું છે. મહાભારતમાં એવા દાખલા છે કે, મહાજ્ઞાની બ્રાહ્મણ પુરુષો પણ વૈશ્યના ઘરે સત્સંગ કરવા જતા.જાજલી ઋષિ મહાન જ્ઞાની હતા. તેને પોતાના જ્ઞાનનું અભિમાનથયું ત્યાં આકાશવાણી સંભળાઈ કે, તમે તુલાધાર વૈશ્યને મળો. જાજલી ઋષિ તુલાધાર વૈશ્યને ઘરે ગયા અને તેની પાસે થી જ્ઞાન લીધું. ઋષિએ તુલાધારને પૂછ્યું,આવું જ્ઞાન તમને કોણે આપ્યું? તુલાધારે કહ્યું, મારો ધંધો એ મારો ગુરુ છે.ત્રાજવાની દાંડી સાથે મારી બુદ્ધિ અને મનને સરળ રાખ્યાં છે.એવું ન માનો કે ભક્તિ મંદિરમાંજ થઈ શકે છે. ભક્તિ સર્વત્ર થઈ શકે છે ઈશ્વર થી વિભક્તિ ન થાય અલગ ન થાય અને વ્યવહાર કરે,તો તેના પ્રત્યેક વ્યવહાર ભક્તિ છે. ગ્રાહક માં ઈશ્વર છે એવું વેપારી સમજે તો વેપારએ પણ ભક્તિ છે વ્યાજબી નફો લેવોએ વૈશ્યનો ધર્મ છે. ગ્રાહકમાં ઈશ્વર રહેલો છે તે ભૂલી જાય છે,તેથી વેપાર પાપ રૂપ થયો છે.કેટલાક તો દુકાનમાં વિરાજેલા ઠાકોરની રૂબરૂમાં પાપ કરેછે.પાંચનો માલ આપેપચીસમાં અને કહેકે પડતર ભાવે આપું છું. મનુષ્ય શરીરથી પાપ કરે તે સમાજ જોઈ શકે છે,પણ મનથી પાપ કરે તે માત્ર ઈશ્વર જ જોઈ શકે છે, તેથી મનથી કરેલું પાપએ મોટામાં મોટું પાપ છે.કારણ કે એ ઈશ્વર સમક્ષ થાયvછે.બિલકુલ પાપ ન કરેએ મહાપુણ્યશાળી છે. ઈશ્વર જડ અને ચેતન લૌકિક દ્રષ્ટિથી પૃથ્વી જડ જેવી લાગે છે, પણ જડમાં પણ ઈશ્વરની ભાવના કરવાની છે.એક મહાત્મા ના બે શિષ્યો હતા.ખૂબ ભણેલા. તે કથા કરવામાં હોંશિયાર. મહાત્માને લાગ્યું કે,મારો દેહ પડયા પછી આ બે શિષ્યો ગાદી માટે ઝઘડશે.માટે ગાદીનો નિર્ણય અત્યારેજ કરી નાખું.આમવિચાર કરી તેમણે બે ફળ મંગાવ્યાં,પછી બંને શિષ્યોને એકએક ફળઆપી કહ્યુંકે,કોઈ તમને ફળ ખાતાજુએ નહીં એવી જગ્યાએ જઈ આ ફળ ખાજો.એકે વિચાર્યું કે, ઓરડો બંધ કરી ફળ ખાઈશ. બંધ ઓરડામાં કોણ જોવાનું છે?તે ઓરડામાં જઈફળ ખાઈને આવ્યો.બીજાએ જ્ઞાન પચાવેલું. એટલે એ તો જ્યાં જાય ત્યાં ઈશ્વર ભાસે છે.તે આખો દહાડો ફર્યો પણ એવી એકાંત જગ્યા મળી નહીં એટલે ફળ ખાધા વગર તે પાછો આવ્યો ગુરૂજીએ નક્કી કર્યું કે,આ બીજો લાયક છે. પહેલો કથા કરેછેપણ ઈશ્વરના વ્યાપક સ્વરૂપને સમજ્યો નથી. કથા કરવી સહેલી છે,પણ ઈશ્વર સર્વમાં છે તેમ સમજી વ્યવહાર કરવો કઠણ છે.પ્રહલાદજીની દૃઢનિષ્ઠા છે કે,ઈશ્વર સર્વમાં છે. અનેકમાં એક વસ્તુનાં દર્શન કરે એ ભક્તિ, સર્વમાં એક તત્ત્વને નિહાળે તેનું નામ જ્ઞાન.જ્ઞાન એક વસ્તુમાં અનેકનો લય કરે છે. વૈષ્ણવો અનેકમાં એક વસ્તુને જુએ છે. શબ્દમાં થોડો ફરક છે, પણ જ્ઞાનમાર્ગમાં અને ભક્તિ માર્ગમાં ફરક નથી. હનુમાનજીએ સીતાજીને રામની મુદ્રિકા આપી.માતાજીને મુદ્રિકામાં પણ રામ દેખાય છે.પરમાત્મા સત્ય છે અને અનેકમાં રહેલા છે. શરીર હોય અને શરીરમાં પ્રાણ ન હોય તો શરીરની શું કિંમત?જ્ઞાની ઓ બાહ્ય રૂપરંગ ને જોતા નથી, પરંતુ બાહ્ય રૂપરંગ જેનાથી સુંદર લાગે છે તે ઈશ્વરનું ચિંતન કરે છે. એક સદગૃહસ્થ હતા. તે સાધુ સંતને જમાડયા વગર જમતાનહીં એક વખત એવું થયું કે,એક મહાત્મા ફરતાં ફરતાં આવ્યા. મહાત્માની પૂજા કરી જમવા માટે બેસાડયા.ઘરમાં દૂધ ન હતું. નોકરને કહ્યું, જલદી જા અને દૂધ લઈ આવ. નોકર દૂધ લેવા ગયો પણ તરત પાછો આવ્યો.શેઠને પૂછે છે કે, કાળી ગાયનું દૂધ લાવું કે ધોળી ગાયનું લાવું? શેઠ કહે છે ગમે તે ગાયનું, પણ દૂધ લાવ! નોકર ગયો વળી પાછો આવ્યો. પૂછે છે,દૂધ ઘરડી ગાયનું લાવું કે જુવાન ગાયનું?ક્રોધમાં શેઠે નોકર ને મારવા લીધો.હું દૂધ લાવવાનું કહું છું ત્યારેએ કાળી-ધોળીને જુવાન-ઘરડી ગાયની વાત કરેછે! પણ આપણે બધાયે આ શેઠ જેવા છીએ.દૂધ એટલે કે આપણ ને પરમાત્માની જરૂર છે.

## આઈકોનિક અટલ બ્રિજ : છેલ્લા ત્રણ વર્ષમાં 77.71 લાખથી વધુ મુલાકાતીઓએ મુલાકાત લીધી, ₹27 કરોડથી વધુની આવક

### એપ્રિલ 2025 થી ઓક્ટોબર 2025 દરમિયાન ફક્ત 7 મહિનામાં જ 8.50 લાખથી વધુ પ્રવાસીઓએ લીધી અટલ બ્રિજની મુલાકાત

ગાંધીનગર, તા. 04

ગાંધીનગર, 4 નવેમ્બર, 2025: ભારતના પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદમાં સાબરમતી નદી પર નિર્મિત આઈકોનિક અટલબ્રિજ આજે અમદાવાદના નગરવાસીઓ સહિત દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. દિવાળી વેકેશન હોય કે ઉનાળાનું વેકેશન, આ અટલ ફૂટ ઓવર બ્રિજ લોકો માટે ફરવાનું ફેવરિટ ડેસ્ટિનેશન બની ગયો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 27 ઓગસ્ટ, 2022ના રોજ અટલબ્રિજને જાહેર જનતા માટે ખુલ્લો મૂક્યો હતો. SRFDCL (સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિ.) દ્વારા આપવામાં આવેલા તાજેતરના આંકડા મુજબ, 31 ઓગસ્ટ, 2022 થી ઓક્ટોબર 2025 સુધીના સમયમાં કુલ 77,71,269 લોકોએ અટલ બ્રિજની મુલાકાત લીધી છે. આ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને 27.70 કરોડથી વધુની આવક પણ થઈ છે, જે અમદાવાદના ટુરિઝમ ક્ષેત્ર માટે ગૌરવની બાબત છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ગુજરાતનું સૌથી અદ્યતન શહેર છે, જે આધુનિકીકરણ સાથે જૂના વારસાને પણ સાચવીને બેઠું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અમદાવાદ શહેરની મુલાકાતે આવતા પ્રવાસીઓને એક અભૂતપૂર્વ અનુભવ પ્રદાન કરવા માટે વિવિધ પ્રવાસન આકર્ષણોનો વિકાસ કરવામાં આવ્યો છે. ગાંધી આશ્રમ, સાબરમતી રિવરફ્રન્ટ, કાંકરિયા લેકફ્રન્ટ, વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ શહેરની જૂની પોળ સંસ્કૃતિ, અમદાવાદ હેરિટેજ વૉક વગેરે પ્રવાસન આકર્ષણોની મુલાકાત લેવા લાખો પ્રવાસીઓ અમદાવાદ આવે છે. તેમાં પણ અટલ ફૂટઓવર બ્રિજ આધુનિક આર્કિટેક્ચર, ગુજરાતી સંસ્કૃતિ અને નગરસૌંદર્યનું જીવંત પ્રતીક છે. અટલ બ્રિજની મુલાકાત લેનાર પ્રવાસીઓની વર્ષવાર આંકડાકીય વિગત SRFDCL (સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ) એ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન (AMC)ની કંપની છે, અને અટલ બ્રિજનું બાંધકામ આ કંપની દ્વારા કરવામાં આવ્યું છે. SRFDCL દ્વારા આપવામાં આવેલા વર્ષવાર આંકડાઓની વિગતવાર વાત કરીએ તો, 31 ઓગસ્ટ 2022 થી માર્ચ 2023 દરમિયાન 21.62 લાખ પ્રવાસીઓએ અટલ બ્રિજની મુલાકાત લીધી હતી, જેનાથી 6.44 કરોડ આવક થઈ હતી. એપ્રિલ 2023 થી માર્ચ 2024 દરમિયાન 26.89 લાખ મુલાકાતીઓ થકી 8.24 કરોડની તેમજ એપ્રિલ 2024 થી માર્ચ 2025 દરમિયાન 20.67 લાખ મુલાકાતીઓ થકી 8.19 કરોડની આવક થઈ હતી. એપ્રિલ 2025 થી ઑક્ટોબર 2025 સુધીમાં 8.51 લાખ મુલાકાતીઓ અટલ બ્રિજની મુલાકાત લઈ ચૂક્યા છે, જેનાથી અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશનને 4.82 કરોડની આવક થઈ છે. આ આઈકોનિક અટલ બ્રિજ અંદાજે 74 કરોડનો ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. અત્યારસુધીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અટલ બ્રિજ થકી 27.70 કરોડની આવક થઈ ચૂકી છે. આમ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને અટલબ્રિજ પાછળ કરેલા કુલ ખર્ચના 37 ટકાથી વધુ રકમ વસૂલ થઈ ગઈ છે.





# દેશ ભારતીય મહિલા ટીમના ઐતિહાસિક જીતની ઉજવણી:PM મોદીથી લઈને સચિન તેંડુલકર અને વિરાટ સુધી બધાએ અભિનંદન આપ્યા

**રવિવારે મુંબઈમાં રમાયેલી ODI વર્લ્ડ કપ ફાઇનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ભારતીય મહિલા ટીમ પહેલી વાર વર્લ્ડ ચેમ્પિયન બની. આ જીતથી સમગ્ર દેશમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને ભૂતપૂર્વ ખેલાડીઓ સુધી, બધાએ ટીમને અભિનંદન પાઠવ્યા.**

મુંબઈ

છોકરીઓએ ભારતને ગૌરવ અપાવ્યું છે- રાષ્ટ્રપતિ મુર્મુ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લખ્યું, 'ભારતીય મહિલા ક્રિકેટ ટીમના તમામ સભ્યોને ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2025 જીતવા બદલ મારા હૃદયપૂર્વક અભિનંદન. તેમણે પહેલી વાર જીતીને ઈતિહાસ રચ્યો છે. તેઓ સારું રમી રહ્યા છે, અને આજે તેમને તેમની પ્રતિભા અને પ્રદર્શનના અનુરૂપ પરિણામ મળ્યું છે. આ નિર્ણાયક ક્ષણ મહિલા ક્રિકેટને વધુ ઊંચાઈએ લઈ જશે. આ છોકરીઓએ ભારતને જે રીતે ગૌરવ અપાવ્યું છે તેની હું પ્રશંસા કરું છું

' વિરાટ કોહલીએ અભિનંદન પાઠવ્યા વિરાટ કોહલીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'આ છોકરીઓએ ઈતિહાસ રચ્યો છે, અને એક ભારતીય તરીકે, મને ખૂબ ગર્વ છે કે આટલા વર્ષોની મહેનત રંગ લાવી છે. તેઓ બધા અભિનંદનને પાત્ર છે, અને આ ઐતિહાસિક સિદ્ધિ માટે હરમનપ્રીત અને સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન. પડદા પાછળના કાર્ય માટે સમગ્ર ટીમ અને મેનેજમેન્ટને પણ અભિનંદન. શાબાશ, ભારત. આ ક્ષણનો સંપૂર્ણ આનંદ માણો. આ આપણા દેશની અસંખ્ય છોકરીઓને રમતગમતમાં જોડાવા માટે પ્રેરણા આપશે. જય હિન્દ.'

સચિને ટ્વિટ કર્યું સચિન તેંડુલકરે X પર લખ્યું, '1983 એ આખી પેઢીને મોટા સપના જોવા અને તે સપનાઓને સાકાર કરવા પ્રેરણા આપી. આજે, આપણી મહિલા ક્રિકેટ ટીમે ખરેખર કંઈક ખાસ સિદ્ધ કર્યું છે. તેમણે દેશભરની અસંખ્ય યુવાન છોકરીઓને બેટ અને બોલ ઉપાડવા, મેદાનમાં ઉતરવા અને વિશ્વાસ કરવા માટે પ્રેરણા આપી છે કે તેઓ પણ એક દિવસ આ ટ્રોફી ઉપાડી શકે છે. ભારતીય મહિલા ક્રિકેટની સફરમાં આ એક નિર્ણાયક ક્ષણ છે. શાબાશ, ટીમ ઈન્ડિયા. તમે સમગ્ર રાષ્ટ્રને ગર્વ અપાવ્યો છે.'

આ ક્રિકેટરોએ પણ અભિનંદન પાઠવ્યા યુવરાજ સિંહે કહ્યું કે, ટીમે સમગ્ર વર્લ્ડ કપ દરમિયાન પોતાનું સર્વસ્વ આપ્યું અને ઉતાર-ચઢાવ દરમિયાન સાથે રહી.

મોહમ્મદ કૈફે પોતાના X એકાઉન્ટ પર લખ્યું, 'આ એક સ્વપ્ન જેવી રાત હતી જ્યારે હરમનપ્રીતની ટીમને ઓળખ મળી અને અબજો ચાહકોએ આનંદ કર્યો. આ વર્લ્ડ કપ જીત લાખો લોકોને પ્રેરણા આપશે. આ દેશની દીકરીઓને સલામ.'

રવિવારે વુમન્સ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતે સાઉથ આફ્રિકાને 52 રનથી હરાવ્યું. ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર ટ્રોફી લેવા પહોંચતાં જ ભાંગડામાં કરવા લાગી. ઈજાગ્રસ્ત પ્રતિકા રાવલ વ્હીલચેરમાં જીતની ઉજવણી કરવા પહોંચી. તેણે તેના સાથી ખેલાડીઓ સાથે ડાન્સ કર્યો.

વર્લ્ડ કપ ટ્રોફી લેતી વખતે ICC ચેરમેન જય શાહ સ્ટેજ પર ટ્રોફી આપવા ઊભા હતા. ત્યારે કેપ્ટન હરમનપ્રીત કૌર સ્ટેજ પર ટ્રોફી લેવા ગઈ હતી. આ દરમિયાન તેણે પહેલા જય શાહ સાથે હાથ મિલાવ્યા અને પછી અચાનક જ તેને પગે લાગી. જય શાહે તેને રોકી અને પછી ટ્રોફી આપી.

## રિઝવાને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પર સહી કરવાનો ઈનકાર કર્યો

દિલ્હી

પાકિસ્તાન ક્રિકેટ ટીમના વિકેટ કીપર-બેટર મોહમ્મદ રિઝવાને 2025-26 સીઝન માટે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ પર સાઈન કરવાનો ઈનકાર કરી દીધો છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રિઝવાને બોર્ડ સમક્ષ કેટલીક શરતો મૂકી છે, જેના પર PCB હજુ સુધી સંમત થયું નથી. PCB એ બે મહિના પહેલા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ જાહેર કર્યા હતા, જેમાં રિઝવાન અને બાબર આઝમ બંનેને કેટેગરી Aમાંથી કેટેગરી Bમાં ખસેડ્યા હતા. બંને ખેલાડીઓ ગયા સીઝન સુધી પાકિસ્તાનના ટોચના કરાર (કેટેગરી A) ક્રિકેટર હતા. PCBએ આ વખતે કેટેગરી-Aમાં કોઈ ખેલાડીનો સમાવેશ કર્યો નથી, જે બોર્ડની નવી નીતિમાં મોટો ફેરફાર માનવામાં આવે છે. 2025-26 સીઝન માટે જારી કરાયેલા કોન્ટ્રાક્ટમાં ખેલાડીઓની સંખ્યા 27 થી વધારીને 30 કરવામાં આવી હતી.

## ICC અધ્યક્ષ જય શાહ - IOC અધ્યક્ષ કિર્સ્ટી કોવેંટ્રી વચ્ચે મુલાકાત

- **2028 લોસ એન્જેલસ ઓલિમ્પિક્સની તૈયારી અને ઓલિમ્પિક્સની રમતોમાં ક્રિકેટની પુનઃ વાપસી અંગે ચર્ચા થઈ**



સ્વિટ્ઝર્લૅન્ડ,

ICC અધ્યક્ષ જય શાહે આ અઠવાડિયાની શરૂઆતમાં સ્વિટ્ઝર્લૅન્ડમાં યોજાયેલા IOC સત્ર દરમિયાન IOC અધ્યક્ષ કિર્સ્ટી કોવેંટ્રીની મુલાકાત લીધી હતી. બંનેએ 2028 લોસ એન્જેલસ ઓલિમ્પિક્સની તૈયારી કઈ દિશામાં અને ક્રિકેટની ઓલિમ્પિક રમતોમાં વાપસી અંગે ચર્ચા કરી હતી. તેમણે અત્યાર સુધી આ ક્ષેત્રે થયેલી પ્રગતિ અને ઓલિમ્પિક ગેમના વિકાસમાં ક્રિકેટ કેટલી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે એ વિષે ચર્ચા કરી હતી. જય શાહે X પર પોસ્ટ કરીને માહિતી આપી ICCના ચેરમેન જય શાહે X પર પોસ્ટ કરીને આ અંગે માહિતી આપી. તેમણે લખ્યું- 'IOC અધ્યક્ષ કિર્સ્ટી કોવેંટ્રી સાથે મળીને @LA28 ક્ષેત્રે એની તૈયારીઓ અને ક્રિકેટની ઓલિમ્પિક રમતોમાં વાપસી અંગે ચાલી રહેલી ચર્ચાઓને આગળ વધારવાનો આનંદ થયો. અમે અત્યાર સુધી થયેલી પ્રગતિ અને ઓલિમ્પિક ચળવળના વિકાસમાં ક્રિકેટ ભજવી શકે તેવી મહત્વપૂર્ણ ભૂમિકા અંગે ચર્ચા કરી હતી.'

## કેનેડિયન સ્ક્વોશ ઓપનની સેમિફાઇનલમાં અનાહત સિંહ હારી

**વિશ્વની સાતમી ક્રમાંકિત ખેલાડીને હરાવીને સેમિફાઇનલમાં પહોંચી હતી; ઇંગ્લેન્ડની કેનેડીએ તેને 30 મિનિટમાં હરાવી**

બેલ્જિયમ

ભારતની અનાહત સિંહને કેનેડિયન સ્ક્વોશ ઓપન ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં હારનો સામનો કરવો પડ્યો. ટોરોન્ટોમાં, તેને ઈંગ્લેન્ડની નંબર 1 ખેલાડી, ગિના કેનેડીએ સીધી રમતોમાં 11-5, 11-8, 12-10 થી હરાવી હતી. આ મેચ ફક્ત 30 મિનિટ ચાલી હતી. ટુર્નામેન્ટની ઈનામી રકમ 96,250 યુએસ ડોલર (આશરે 80 લાખ રૂપિયા) છે. ઈંગ્લેન્ડની નંબર વન ખેલાડી ગિના કેનેડીએ સેમિફાઈનલમાં અનાહત સિંહને સીધી ગેમમાં 11-5, 11-8, 12-10થી હરાવ્યો. ઈંગ્લેન્ડની નંબર વન ખેલાડી ગિના કેનેડીએ સેમિફાઈનલમાં અનાહત



સિંહને સીધી ગેમમાં 11-5, 11-8, 12-10થી હરાવ્યો. વિશ્વની સાતમી ક્રમાંકિત ખેલાડીને હરાવીને સેમિફાઈનલમાં પહોંચી હતી દિલ્હીની 17 વર્ષીય નેશનલ ચેમ્પિયન અનાહત સિંહ વિશ્વમાં 43મા ક્રમે છે. તેણે ક્વાર્ટર ફાઈનલમાં વિશ્વની સાતમી ક્રમાંકિત અને બીજા ક્રમાંકિત બેલ્જિયમની ટાઈન ગિલિસને સીધી રમતોમાં 12-10, 11-9, 11-9 થી હરાવી. મેચ ફક્ત 36 મિનિટમાં સમાપ્ત થઈ ગઈ. ટાઈન ગિલિસ ડિફેન્ડિંગ ચેમ્પિયન હતી. અનાહતે તેની કારકિર્દીમાં પહેલીવાર ટૉપ-10 ખેલાડીને હરાવી.

# બોલિવૂડ બાર્બી ગર્લ @ 42

**કેટરીના કૈફે માત્ર 14 વર્ષની ઉંમરે મોડેલિંગ શરૂ કર્યું. આ પછી, તેને ઘણા મોડેલિંગ પ્રોજેક્ટ્સ મળવા લાગ્યા. આ સમય દરમિયાન, કેટરીના તેના મિત્રો સાથે ભારત આવી. ભલે તે એક સામાન્ય સફર હતી**

બોલિવૂડની બાર્બી ગર્લ કેટરીના કૈફ આજે ઈન્ડસ્ટ્રીની ટોચની એક્ટ્રેસોમાંની એક છે, પરંતુ અહીં સુધી પહોંચવું તેના માટે ક્યારેય સરળ નહોતું. જ્યારે કેટરીના નાની હતી, ત્યારે તેના માતા-પિતાના છૂટાછેડા થઈ ગયા હતા. છૂટાછેડા બાદ, પિતાએ કોઈ આર્થિક મદદ કરી નહીં. આવી સ્થિતિમાં, તેમની માતાએ આઠેય બાળકોને એકલા ઉછેર્યા. ઘરની હાલત જોઈને, કેટરીના કૈફે માત્ર 14 વર્ષની ઉંમરે મોડેલિંગ શરૂ કર્યું. આ પછી, તેને ઘણા મોડેલિંગ પ્રોજેક્ટ્સ મળવા લાગ્યા. આ સમય દરમિયાન, કેટરીના તેના મિત્રો સાથે ભારત આવી. ભલે તે એક સામાન્ય સફર હતી, પરંતુ તેણે ખબર નહોતી કે આ સફર તેના જીવનની દિશા બદલી નાખશે. ભારત આવ્યા પછી, કેટરીનાએ ફિલ્મ 'બૂમ' થી ડેબ્યૂ કર્યું, પરંતુ તે ખરાબ રીતે ફ્લોપ ગઈ. મહેશ ભટ્ટે પણ તેને રાતોરાત પોતાની ફિલ્મમાંથી કાઢી મૂકી. આવી સ્થિતિમાં, કેટરીનાને લાગ્યું કે તેનું ફિલ્મી કરિયર પૂરું થઈ ગયું છે, પરંતુ સલમાન ખાન તેના જીવનમાં આવ્યા પછી તેનું નસીબ બદલાઈ ગયું. એક્ટ્રેસની માતાએ આઠેય બાળકોનો ઉછેર કર્યો કેટરીનાના પિતા મોહમ્મદ કૈફ કશ્મીરી મૂળના હતા, જ્યારે તેની માતા સુઝાન ટર્કોટ બ્રિટિશ નાગરિક હતા. લગ્ન પછી, કેટરીનાના માતા-પિતા હોંગકોંગમાં સ્થાયી થયા. કેટરીનાનો જન્મ તેના મોટા ભાઈ સેબેસ્ટિયન અને ત્રણ મોટી બહેનો સ્ટેફની, ક્રિસ્ટીન અને નતાશા પછી થયો હતો. કેટરીના પછી, ત્રણ વધુ નાની બહેનો મેલિસા, સોનિયા અને ઈસાબેલનો જન્મ થયો.

**મહેશ ભટ્ટે રાતોરાત ફિલ્મમાંથી કાઢી મૂકી, સલમાને એક્ટ્રેસનું નસીબ બદલી નાખ્યું; રણબીર સાથે લિવ-ઈનમાં રહી**



## દુનિયાની સૌથી મોંઘી ફિલ્મ 'રામાયણમ્': અધધધ ₹4000 કરોડમાં બની

**પહેલી જ વાર AI-SW ટેકનોલોજીનો ઉપયોગ; એક્ટર્સની ફીમાં ₹2000 કરોડ ખર્ચાઇ જશે**



રણબીર કપૂર, યશ અને સાઈ પલ્લવી સ્ટારર ફિલ્મ 'રામાયણમ્'ની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. થોડા દિવસો પહેલા, ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ થયો જેણે લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. વીડિયોના અંતે રણબીર કપૂર અને યશનો લુક જોયા પછી, લોકોનો ઉત્સાહ ફિલ્મને લઈ ખૂબ જ વધી ગયો છે. હવે 'રામાયણમ્'ના નિર્માતા નમિત મલ્હોત્રાએ આ ગ્રાન્ડ પ્રોજેક્ટનું બજેટ જાહેર કર્યું છે. 'રામાયણમ્' ફિલ્મનું બજેટ 4000 કરોડ નમિત મલ્હોત્રા તાજેતરમાં પ્રખર ગુપ્તાના પોડકાસ્ટ પર દેખાયા હતા અને આ દરમિયાન તેમણે ફિલ્મ વિશે ઘણી વાતો શેર કરી હતી. આ જ વાતચીતમાં તેમને 'રામાયણમ્' વિશે પણ એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આના જવાબમાં તેમણે કહ્યું કે- તેઓ પોતે આ ફિલ્મ માટે ભંડોળ પૂરું પાડી રહ્યા છે અને કોઈ પાસેથી પૈસા લીધા નથી. તેમણે કહ્યું કે- તેઓ છેલ્લા 6-7 વર્ષથી તેના પર કામ કરી રહ્યા છે અને ત્યારથી તેઓ આ ફિલ્મ પ્રત્યે ગંભીર બન્યા છે. આ જ વાતચીતમાં નિર્માતાએ જણાવ્યું કે- ફિલ્મના બંને ભાગનું બજેટ 500 મિલિયન ડોલર એટલે કે 4000 કરોડ જેટલું છે. ભારતીય સિનેમાના ઈતિહાસમાં આવું પહેલીવાર થઈ રહ્યું છે, જ્યારે કોઈ ફિલ્મ આટલા મોટા પાયે બની રહી છે. એક રિપોર્ટ અનુસાર, એક્ટર્સની ફીમાં જ 2000 કરોડ ખર્ચો થઈ જશે.

## કિયારા-સિદ્ધાર્થના ઘરે લક્ષ્મીજીની પધરામણી !

**એક્ટ્રેસની નોર્મલ ડિલિવરી થઈ; કપલે પોસ્ટ કરી કહ્યું, દીકરીના આગમનથી દુનિયા કાયમ માટે બદલાઈ ગઈ**

કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રા માતા-પિતા બન્યાં છે. કિયારાએ મંગળવારે રાત્રે મુંબઈની એચ.એન. રિલાયન્સ હોસ્પિટલમાં પુત્રીને જન્મ આપ્યો. કિયારાને સોમવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેની નૉર્મલ ડિલિવરી થઈ હતી. કિયારા અડવાણી અને બાળક બંને સ્વસ્થ છે. NDTVના અહેવાલ મુજબ, કિયારાની ડિલિવરી ઓગસ્ટમાં થવાની હતી, પણ એ જુલાઈમાં થઈ છે. ગુડ ન્યૂઝ સાંભળ્યા પછી ફેન્સ પુત્રીની પહેલી ઝલકની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણીએ બુધવારે ઑફિશિયલ જાહેરાત કરી છે. એક પોસ્ટ શેર કરતાં દંપતીએ લખ્યું, 'અમારું દિલ ખુશીથી



ગદગદ થયું છે અને અમારી દુનિયા હંમેશાં માટે બદલાઈ ગઈ છે. પુત્રીનો આશીર્વાદ મળ્યો છે.' સિદ્ધાર્થ અને કિયારાએ ફિલ્મ 'શેરશાહ'માં સાથે કામ કર્યું હતું. બંનેએ શૂટિંગ સેટ પર એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યું હતું. સિદ્ધાર્થ અને કિયારાએ 7 ફેબ્રુઆરી 2023ના રોજ જેસલમેરના સૂર્યગઢ પેલેસમાં લગ્ન કર્યાં હતાં.




## જોન અબ્રાહમની તહેરાન થિયેટરને બદલે સીધી ઓટીટી પર આવશે

- **જોનને ફિલ્મ ફલોપ થવાની બીક લાગી**
- **સિરિયસ સબ્જેક્ટ હોવાથી ટિકિટબારી પર દર્શકો નહિ મળે તેવી આશંકા**



જોન અબ્રાહમની 'તહેરાન' ફિલ્મ થિયેટરને બદલે સીધી ઓટીટી પર રીલિઝ થવાની છે. ફિલ્મનો સબ્જેક્ટ બહુ સિરિયસ હોવાથી આ ફિલ્મ ટિકિટબારી પર નહિ ચાલે તેવી તેના નિર્માતાઓને શંકા છે. આ ફિલ્મ 'સ્ત્રી' તથા 'છાવા' જેવી સુપરહિટ ફિલ્મો બનાવનારા દિનેશ વિજનની છે. તેમણે તાજેતરમાં રાજકુમાર રાવ અને વામિકા ગબ્બી જેવા કલાકારોની 'ભૂલચૂક માફ' થિયેટર રીલિઝના બે જ સપ્તાહમાં ઓટીટી પર રીલિઝ કરી દેવાનો નિર્ણય કર્યો હતો. હવે કદાચ તેમને 'તહેરાન'ના કિસ્સામાં પણ તેની બોક્સ ઓફિસ પર કમર્શિઅલ સકસેસની બહુ ક્ષમતા નહિ હોવાનો અંદાજ આવી ગયો છે. જોનની એક મુખ્ય એક્ટર તરીકેની આ પહેલી ફિલ્મ એવી હશે જે થિયેટરને બદલે સીધી ઓટીટી પર રીલિઝ થવાની છે. તેની લગભગ આવા જ વિષય પરની ફિલ્મ 'ધી ડિપ્લોમેટ' ૨૦ કરોડના બજેટમાં બન્યા પછી ટિકિટબારી પર ૪૦ કરોડ કમાઈ હોવાનો દાવો કરાયો હતો. જોકે, બાદમાં આ ફિલ્મને ઓટીટી પ્લેટફોર્મ મળવાના ફાંફા પડી ગયા હતા.

### જે સ્ટ્રીટ અંદાજ કરતાં વધુ છે. બ્રોકરેજને 17% સુધીના ઘટાડાની અપેક્ષા હતી

# સ્ટેન્ડઅલોન નફો વાર્ષિક ધોરણે 10% વધીને ₹20,160 કરોડ થયો

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ વાર્ષિક ધોરણે સ્ટેન્ડઅલોન Q2 ચોખ્ખા નફામાં 10% નો વધારો નોંધાવ્યો છે

**મુંબઇ, તા. 04**

5% વાર્ષિક વધારા સાથે રૂ. 1,19,654 કરોડની ઊંચી વ્યાજ આવકે દબાણને દૂર કરવામાં મદદ કરી, જે ધિરાણકર્તાના મુખ્ય કામગીરીમાં સ્થિતિસ્થાપકતા દર્શાવે છે.ભારતની સૌથી મોટી જાહેર ધિરાણકર્તા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ મંગળવારે તેના સ્ટેન્ડઅલોન Q2 ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે 10% વૃદ્ધિ નોંધાવી છે અને તે 20,160 કરોડ થયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 18,331 કરોડ હતો.

બ્રોકરેજિસે SBI ના Q2 ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે 17% સુધીનો ઘટાડો થવાનો અંદાજ લગાવ્યો હતો, જે તેને 17,700 કરોડથી 18,800 કરોડની રેન્જમાં અંદાજે છે.

Q2FY26 માટે ચોખ્ખી વ્યાજ આવક (NII) વાર્ષિક ધોરણે 3.3% વધીને રૂ. 42,984 કરોડ થઈ, જે Q2FY25 માં રૂ. 41,620 કરોડ હતી.

ધિરાણકર્તાએ સમીક્ષા હેઠળના ક્વાર્ટરમાં રૂ. 1,19,654 કરોડની વ્યાજ આવક નોંધાવી હતી, જે પાછલા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં રૂ. 1,13,871 કરોડથી 5% વધુ છે.

દરમિયાન, સમીક્ષા હેઠળના ક્વાર્ટરમાં જાહેર ધિરાણકર્તા દ્વારા વ્યાજ ખર્ચ રૂ. ૭૬,૬૭૦ કરોડ રહ્યો, જે પાછલા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. ૭૨,૨૫૧ કરોડથી ૬% વધુ છે.

SBIનો ચોખ્ખો નફો ક્રમશઃ 5.5% વધીને રૂ. 20,160 કરોડ થયો છે, જે Q1FY26 માં રૂ. 19,160 કરોડ હતો, જ્યારે NII એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં રૂ. 41,072 કરોડથી 4.7% વધીને રૂ. 42,984 કરોડ થયો છે.

Q2FY26 માટે બેંકનો ચોખ્ખો વ્યાજ માર્જિન (NIM) 2.97% હતો, જેમાં સ્થાનિક NIM 3.09% હતો. H1FY26 માટે, એકંદર અને સ્થાનિક NIM અનુક્રમે 2.93% અને 3.05% હતા. Q2FY26 માટે SBIનો કાર્યકારી નફો વાર્ષિક ધોરણે 8.9% વધીને રૂ. 31,904 કરોડ થયો. Q2FY26 માટે SBIનો કાર્યકારી નફો વાર્ષિક ધોરણે 8.9% વધીને રૂ. 31,904 કરોડ થયો. બેંકના કુલ ધિરાણ વાર્ષિક ધોરણે ૧૨.૭% વધ્યા છે, જેમાં સ્થાનિક ધિરાણ ૧૨.૩% વધ્યા છે. આમાં, રિટેલ ધિરાણ વાર્ષિક ધોરણે ૧૫.૧% વધ્યા છે, જેમાં SME ધિરાણ ૧૮.૮%, કૃષિ ધિરાણ ૧૪.૨% અને છૂટક વ્યક્તિગત ધિરાણ ૧૪.૧% વધ્યા છે. કોર્પોરેટ ધિરાણમાં વાર્ષિક ધોરણે ૭.૧% વૃદ્ધિ નોંધાઈ છે, જ્યારે વિદેશી કચેરીઓ તરફથી ધિરાણ ૧૫% વધ્યું છે.

કુલ થાપણો વાર્ષિક ધોરણે ૯.૩% વધી છે, જેમાં CASA થાપણો ૮.૧% વધી છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં CASA રેશિયો ૩૯.૬૩% હતો. ગ્રોસ એનપીએ રેશિયો 40 બીપીએસ વાર્ષિક ધોરણે સુધરીને 1.73% થયો છે, જ્યારે નેટ એનપીએ રેશિયો 11 બીપીએસ વધીને 0.42% થયો છે.

પ્રોવિઝન કવરેજ રેશિયો (PCR) 13 બીપીએસ વાર્ષિક ધોરણે વધીને 75.79% થયો છે, અને AUCA સહિત PCR 8 બીપીએસ સુધરીને 92.29% થયો છે.




## સોનું ₹861 ઘટીને ₹1.20 લાખ પ્રતિ 10 ગ્રામ થયું

### ચાંદી ₹3,500 ઘટીને ₹1.46 લાખ પ્રતિ કિલો થઈ

**નવી દિલ્હી, તા. 04**

4 નવેમ્બરના રોજ સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો થયો હતો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, સોનાનો ભાવ 861 ઘટીને 1,19,916 પ્રતિ 10 ગ્રામ થયો હતો. અગાઉ, ભાવ 1,20,777 પ્રતિ 10 ગ્રામ હતો.

આ દરમિયાન ચાંદી 3,500 ઘટીને 1,45,800 પ્રતિ કિલોગ્રામ થઈ ગઈ છે. અગાઉ, તેનો ભાવ 1,49,300 પ્રતિ કિલોગ્રામ હતો. 17 ઓક્ટોબરે, સોનાનો ભાવ 1,30,874 અને ચાંદીનો ભાવ 1,78,100ની ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચ્યો હતો.

IBJA સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દર શહેરોમાં અલગ અલગ હોય છે. આ દરોનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ



માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 44,951નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024 ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,21,113 થયો છે.

## સેન્સેક્સમાં 200 પોઈન્ટથી વધુનો કડાકો : તે 83,750 પર કારોબાર કરી રહ્યો

### નિફ્ટી 70 પોઈન્ટ ગગડ્યો, ઓટો-આઈટી શેરોમાં વેચવાલી

**મુંબઈ, તા. 04**

શેરબજારમાં, 4 નવેમ્બરના રોજ ઘટાડો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ 200 પોઈન્ટથી વધુ ઘટીને 83,750 પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી પણ લગભગ 70 પોઈન્ટ ઘટીને 25,650 પર ટ્રેડ કરી રહ્યો છે.

સેન્સેક્સના 30 શેરમાંથી 19 શેર ઘટ્યા અને 11 શેરો વધ્યા. બેંકિંગ, ઓટો અને આઈટી શેરોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ફાર્મા અને રિયલ્ટી શેરોમાં ખરીદી જોવા મળી રહી છે. બ્રોકરેજ ટ્રેડિંગ પ્લેટફોર્મ ગ્રોવનો આઈપીઓ આજે ખુલ્યો. એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.096% ઘટીને 52,361 પર અને કોરિયાનો કોસ્પી 1.59% ઘટીને 4,154 પર ટ્રેડ કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.21% વધીને 26,213 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.19% ઘટીને 3,969 પર ટ્રેડ કરી રહ્યો છે. 3 નવેમ્બરના રોજ, યુએસ ડાઉ જોન્સ 0.48% ઘટીને 47,336પર બંધ થયો. આ દરમિયાન, નાસ્ડેક કમ્પોઝિટ 0.46% અને S&P 500 0.17% વધીને બંધ થયો. 3 નવેમ્બરના રોજ, DIIએ 3,273 કરોડના શેર ખરીદ્યા ૩ નવેમ્બરના રોજ, FII એ 1,686 કરોડના શેર વેચ્યા.




DIIએ 3,273 કરોડના શેર ખરીદ્યા.

ઓક્ટોબરમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs)એ 14,610 કરોડનું રોકાણ કર્યું. વિદેશી રોકાણકારોએ સપ્ટેમ્બરમાં 35,301.36 કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ દરમિયાન 65,343.59 કરોડની નેટ ખરીદી કરી હતી.

## વીજ માગમાં ઘટાડો જ્યારે પેટ્રોલનો વપરાશ વધ્યો

**નવી દિલ્હી, તા. 04**

વર્તમાન વર્ષમાં ચોમાસુ લાંબુ ચાલતા દેશની વીજ માગ કોરોના બાદ પહેલી વખત ઝડપથી ઘટી છે. ઓકટોબરમાં વરસાદને કારણે કુલિંગ સાધનોનો વપરાશ ઓછો રહેતા વીજ માગ નબળી રહ્યાનું સરકારી ડેટા જણાવે છે. જ્યારે બીજી બાજુ દિવાળીની રજાઓને કારણે પેટ્રોલની માગમાં વૃદ્ધિ જોવા મળી હતી. વીજ વાહનોને કારણે ડીઝલના વેચાણ પર અસર પડવાના સંકેત મળી રહ્યા છે. ઓકટોબરમાં દેશમાં કુલ વીજ ઉત્પાદન વાર્ષિક ધોરણે ૬ ટકા ઘટી ૧૪૨.૪૫ બિલિયન કિલોવોટ-અવર્સ રહ્યું હતું. દેશના મોટાભાગના વિસ્તારોમાં ઓકટોબરમાં પણ સતત વરસાદ ચાલુ રહેતા વીજની માગ નીચી રહી હતી. આ ઉપરાંત ઓકટોબરમાં દશેરા-દિવાળીના તહેવારોની રજાઓને કારણે વ્યવસાયીક કામકાજ પણ ઓછા રહ્યા હતા. વરસાદને કારણે તાપમાન નીચુ રહેતા એસી જેવા કુલિંગ સાધનોનો વપરાશ ઘટયો હોવાનો સરકારી સુત્રોએ દાવો કર્યો હતો. દરમિયાન દિવાળીની રજાઓને કારણે વાહનોવા વપરાશમાં વધારો થતા ગયા મહિને પેટ્રોલના વપરાશમાં વધારો જોવા મળ્યો હતો. પેટ્રોલની માગ વાર્ષિક ધોરણે ૭.૦૩ ટકા વધુ રહી હોવાનું ઓઈલ મિનિસ્ટ્રીના પ્રાથમિક ડેટા જણાવે છે. ઓકટોબરમાં પેટ્રોલનો વપરાશ ૩૬.૫૦ લાખ ટન રહ્યો હતો જે ગયા વર્ષના ઓકટોબરમાં ૩૪.૧૦ લાખ ટન જોવા મળ્યો હતો.

## બજેટ પહેલા, ઉદ્યોગોની કર વિવાદોના ઝડપી નિરાકરણ માટે રજુઆત.....

### તાજેતરના પ્રત્યક્ષ કર સુધારાઓ પર પણ સ્પષ્ટતા કરવી ખુબ જ જરૂરી

**અમદાવાદ, તા. 04**

મુખ્ય ઉદ્યોગ સંસ્થાઓએ કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ની રજુઆત પહેલાં એક સામાન્ય કર દરખાસ્ત રજૂ કરી છે. તે સરળ પાલન આવશ્યકતાઓ અને કર વિવાદોના ઝડપી નિરાકરણ માટે સુચન કરે છે. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ), ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ફિક્કી), એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા (એસોચેમ), અને PHD ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ આવકવેરા અપીલો માટે કાનૂની સમય મર્યાદા અને ફેસલેસ અપીલ સિસ્ટમમાં સુધારો કરવાની ભલામણ કરી છે. આ વિવિધ ચેમ્બરો અનુસાર, આવકવેરા કમિશનર (અપીલ) સમક્ષ રૂા. ૫.૪ લાખ કરોડથી વધુની અપીલો પેન્ડિંગ છે, જેમાં કર માંગણીઓ રૂા. ૧૮ લાખ કરોડથી વધુ છે. ચેમ્બરોના જણાવ્યા અનુસાર આ વિલંબ મૂડીને અવરોધિત કરી રહ્યો છે અને વ્યવસાયો પર અસર કરી રહ્યો છે. સૂચવેલા પગલાંમાં ઉચ્ચ-મૂલ્યના કેસોને પ્રાથમિકતા આપવા, જ્યાં જરૂરી હોય ત્યાં




વર્ચ્યુઅલ સુનાવણીને મંજૂરી આપવા અને તથ્યપૂર્ણ ભૂલોને સુધારવા માટે ડ્રાફ્ટ ઓર્ડર શેર કરવાનો સમાવેશ થાય છે. એક મુખ્ય ભલામણ એ છે કે સ્રોત પર કર કપાતને તર્કસંગત બનાવવી. હાલમાં, ૩૫ થી વધુ ટીડીએસ દર છે, અને ઉદ્યોગ સંસ્થાએ તેને બે થી ત્રણ સ્લેબમાં ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમણે રોકડ પ્રવાહના દબાણ અને પાલનના બોજને ઘટાડવા માટે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)- રજિસ્ટર્ડ એન્ટિટીઓ વચ્ચેના વ્યવહારો માટે ટીડીએસમાંથી મુક્તિની પણ માંગ કરી છે. એક મુખ્ય દરખાસ્ત આવકવેરા વિભાગને કોર્પોરેટ મર્જર અને સ્પ્લિટ માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) જેવી જરૂરી મંજૂરીઓ આપવા માટે એક વૈધાનિક સમયમર્યાદા પૂરી પાડવાની છે. કર વિભાગ તરફથી આ મંજૂરીઓ મેળવવામાં વિલંબ કોર્પોરેટ પુનર્ગઠનમાં ૩ થી ૬ મહિનાનો વિલંબ કરી શકે છે. તેવી જ રીતે, તેમણે અપીલ દરમિયાન મૂલ્યાંકન અધિકારી દ્વારા રિમાન્ડ રિપોર્ટ સબમિટ કરવા માટે સમય-બાઉન્ડ પ્રક્રિયાની હિમાયત કરી, જે ફેસલેસ અપીલ સિસ્ટમમાં વિલંબનું મુખ્ય કારણ છે. ઉદ્યોગે હાલના આવકવેરા કાયદા, ૧૯૬૧ માં તાજેતરના પ્રત્યક્ષ કર સુધારાઓ પર પણ સ્પષ્ટતા માંગી છે. કોર્પોરેટ મર્જર અને વિભાજન દરમિયાન લઘુત્તમ વૈકલ્પિક કર (મેટ) ક્રેડિટના કેરી ફોરવર્ડ અંગે લાંબા સમયથી ચાલતી અસ્પષ્ટતાનો પણ સમાવેશ થાય છે.

# દેશમાં નવી હ્યુન્ડાઇ વેન્યુ કાર લોન્ચ

### કિંમતો ₹ 7.90 લાખથી શરૂ થાય છે : આઠ રંગો અને આઠ પ્રકારોમાં ઉપલબ્ધ, ત્રણ એન્જિન વિકલ્પોમાં ઓફર કરવામાં આવે છે

### નવી પેઢીનું વેન્યુ કાર લોન્ચ : 1.2-લિટર, 82bhp/114Nm NA પેટ્રોલ એન્જિન, પાંચ-સ્પીડ મેન્યુઅલ ગિયરબોક્સ સાથે જોડાયેલું છે

**મુંબઈ, તા. 04**

છેલ્લા કેટલાક અઠવાડિયામાં અનેક ટીઝર અને ડ્રિપ ફીડિંગ વિગતો પછી, હ્યુન્ડાઇ ઈન્ડિયાએ આખરે નવી પેઢીનું વેન્યુ લોન્ચ કર્યું છે , જેની કિંમત રૂ. 7.90 લાખ (એક્સ-શોરૂમ) થી શરૂ થાય છે. આ મોડેલ આઠ વેરિયન્ટ્સ અને આઠ રંગોમાં ઉપલબ્ધ છે, અને ગ્રાહકો ત્રણ પાવરટ્રેન વિકલ્પોમાંથી પણ પસંદગી કરી શકે છે.

બહારની બાજુએ, 2025 હ્યુન્ડાઇ વેન્યુમાં નવા ફ્રન્ટ અને રીઅર બમ્પર, ફ્રેશ LED હેડલેમ્પ્સ, DRLs, ટેલ લાઇટ્સ, બિલકુલ નવી ગ્રિલ, નવા 17-ઈંચ ડ્યુઅલ-ટોન એલોય વ્હીલ્સ અને ટેલગેટ પર વેન્યુ લેટરિંગ સાથે LED લાઈટ બાર છે. ઓફર પર આઠ રંગો છે, જેમ કે હેઝલ બ્લુ, મિસ્ટિક સેફાયર, એટલાસ વ્હાઈટ, ટાઈટન ગ્રે, ડ્રેગન રેડ, એબિસ બ્લેક, એબિસ બ્લેક રૂફ સાથે હેઝલ બ્લુ, અને એબિસ બ્લેક રૂફ સાથે એટલાસ વ્હાઈટ.

સેકન્ડ-જનરેશન વેન્યુના ઈન્ટિરિયરમાં નવા ડેશબોર્ડ પર ડ્યુઅલ 12.3-ઈંચ કર્વ્ડ સ્ક્રીન, સેન્ટર કન્સોલ માટે નવી ડિઝાઈન, લેવલ 2 ADAS, વેન્ટિલેટેડ ફ્રન્ટ સીટ્સ, ઈલેક્ટ્રિક સનરૂફ, નવું થ્રી-સ્પોક સ્ટીયરિંગ વ્હીલ, OTA અપડેટ્સ, ડ્રાઈવ અને ટ્રેક્શન મોડ્સ, છ એરબેગ્સ, 360-ડિગ્રી કેમેરા, બ્લાઈન્ડ સ્પોટ મોનિટર, બ્લુલિંક કનેક્ટિવિટી અને વાયરલેસ એપલ કારપ્લે અને એન્ડ્રોઈડ ઓટોનો સમાવેશ થાય છે. HX2, HX4, HX5, HX6, HX6T, HX7, HX8 અને HX10 સહિત આઠ વેરિયન્ટ્સ પસંદ કરવા માટે ઉપલબ્ધ છે.

### હ્યુન્ડાઇ નવી વેન્યુમાં પણ છ-સ્પીડ ટોર્ક કન્વર્ટર

ઓટોમેટિક યુનિટના ઉમેરા સિવાય, આઉટગોઈંગ કાર જેવી જ પાવરટ્રેન ઓફર કરવાનું ચાલુ રાખે છે. 1.2-લિટર, 82bhp/114Nm NA પેટ્રોલ એન્જિન, પાંચ-સ્પીડ મેન્યુઅલ ગિયરબોક્સ સાથે જોડાયેલું છે, જ્યારે 1.0-લિટર ટર્બો-પેટ્રોલ મોટર (118bhp/172Nm) છ-સ્પીડ મેન્યુઅલ અને સાત-સ્પીડ DCT યુનિટ દ્વારા આગળના વ્હીલ્સને પાવર મોકલે છે.

### 1.5-લિટર ડીઝલ મિલ ઓફર કરવામાં આવી રહી છે

જે છ-સ્પીડ મેન્યુઅલ અને ઓટોમેટિક ગિયરબોક્સ સાથે જોડાયેલી છે, જે 114bhp અને 250Nm જનરેટ કરવા માટે ટ્યુન થયેલ છે. નવી પેઢીની Hyundai Venue, Kia Sonet, Maruti Brezza, Tata Nexon, Skoda Kylaq, Renault Kiger, Nissan Magnite અને Mahindra XUV 3XO ને ટક્કર આપે છે. 2025 Hyundai Venue ના વેરિઅન્ટ મુજબના ફીચર્સ નીચે મુજબ છે. નવા 17-ઈંચ ડ્યુઅલ-ટોન એલોય વ્હીલ્સ અને ટેલગેટ પર વેન્યુ લેટરિંગ સાથે LED લાઈટ બાર છે. ઓફર પર આઠ રંગો છે, જેમ કે હેઝલ બ્લુ, મિસ્ટિક સેફાયર, એટલાસ વ્હાઈટ, ટાઈટન ગ્રે, ડ્રેગન રેડ, એબિસ બ્લેક, એબિસ બ્લેક રૂફ સાથે હેઝલ બ્લુ, અને એબિસ બ્લેક રૂફ સાથે એટલાસ વ્હાઈટ.




## વધુ ચેટ્સ અને ઈમેજ જનરેટ કરી શકાશે, 4788નું ChatGPT Go સબ્સ્ક્રિપ્શન ફ્રી

**નવી દિલ્હી, તા. 04**

ભારતમાં OpenAI નો ‘ChatGPT Go‘ સબ્સ્ક્રિપ્શન પ્લાન એક વર્ષ માટે મફતમાં ઉપલબ્ધ છે. ગઈકાલ સુધી આ સબ્સ્ક્રિપ્શનનો ખર્ચ દર મહિને 399 હતો. આનો અર્થ એ થયો કે હવે યૂઝર્સ દર વર્ષે 4,788 નો ફાયદો થશે. આ ChatGPT પ્લાન વધુ ચેટ્સ અને ઈમેજ બનાવવાની મંજૂરી આપે છે. ChatGPT Go એ OpenAI નો મિડ-લેવલ પ્રીમિયમ પ્લાન છે. કંપની કહે છે કે ભારત તેનું બીજું સૌથી મોટું અને સૌથી ઝડપથી વિકસતું બજાર છે. ChatGPT Go એ OpenAI નું પ્રીમિયમ સબ્સ્ક્રિપ્શન છે, જે ChatGPT નું એડવાન્સ્ડ વર્ઝન છે. જ્યારે સામાન્ય ફ્રી વર્ઝનમાં મેસેજ મર્યાદા ઓછી હોય છે, જનરેટ કરેલી ઈમેજિસની સંખ્યા મર્યાદિત હોય છે અને વ્યક્તિગત ચેટ્સ માટે મેમરી ઓછી હોય છે, ત્યારે Go વર્ઝન સુપરચાર્જ્ડ છે.હાલમાં, ભારતમાં આ સબ્સ્ક્રિપ્શનનો ખર્ચ 399 પ્રતિ મહિને છે, પરંતુ 4 નવેમ્બરથી શરૂ કરીને, તે એક વર્ષ માટે મફત રહેશે. તે 4,788 નો લાભ છે. આ ઓફર હાલના Go સબ્સ્ક્રાઈબર્સને પણ લાગુ પડે છે. મતલબ કે, જો તમે પહેલાથી જ ચૂકવણી કરી રહ્યા છો, તો તમને તે રકમ માટે રિફંડ અથવા ક્રેડિટ મળી શકે છે. ChatGPT Go લોન્ચ થયા પછી ભારતમાં પેઈડ સબ્સ્ક્રિપ્શન્સ બમણાથી વધુ થયા છે. આ મફત ઓફરનો ઉદ્દેશ્ય યુઝર એંગેજમેન્ટ વધારવા અને મેટ્રો શહેરોની બહાર AIનો વિસ્તાર કરવાનો છે. કંપનીનો 'ઇન્ડિયા-ફર્સ્ટ' અભિગમ તેના ઈન્ડિયા AI મિશન સાથે સુસંગત છે. ‘અમે આ ટૂલ્સ વડે યુઝર્સ શું બનાવશે, શીખશે અને શું પ્રાપ્ત કરશે તે અંગે ઉત્સાહિત છીએ,‘ નિક ટર્લીએ જણાવ્યું.

## GSTમાં ઘટાડા તથા તહેવારોની માંગને પગલે ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં વધારો

**મુંબઈ, તા. 04**

સપ્ટેમ્બરમાં ૫૭.૭૦ રહ્યા બાદ દેશનો એચએસબીસી મેન્યુફેકચરિંગ પરચેઝિંગ મેનેજર્સ’ ઈન્ડેક્સ (પીએમઆઈ) ઓકટોબરમાં વધી ૫૯.૨૦ રહ્યો છે. તહેવારો નિમિત્તેની માગ અને સરકાર દ્વારા ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં કપાતને કારણે માગમાં વધારો થયાનું ઓકટોબરના ઉત્પાદન ક્ષેત્રના પીએમઆઈ પરથી કહી શકાય એમ છે. છેલ્લા સાત મહિનામાં ઓકટોબર સતત પાંચમો મહિનો એવો છે જેમાં પીએમઆઈ ૫૮ના સ્તરની ઉપર રહેવા પામ્યો છે, જે



ભૌગોલિકરાજકીય અનિશ્ચિતતા વચ્ચે પણ દેશનું ઉત્પાદન ક્ષેત્ર સ્થિતિસ્થાપક રહી શક્યું હોવાનું સૂચવે છે. ૫૦થી ઉપરના પીએમઆઈને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. ઓકટોબરમાં ઉત્પાદન ક્ષેત્રની મજબૂત સ્થિતિનો અર્થ વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાનો પ્રારંભ મજબૂતાઈ સાથે થયો હોવાનું સંકેત મળે છે.વિતેલા મહિનામાં જીએસટીમાં કપાત ઉપરાંત, મજબૂત ઘરેલુ માગ અને ટેકનોલોજી ઈન્વેસ્ટમેન્ટમાં વૃદ્ધિ પીએમઆઈમાં વધારો થવા માટેના કારણો રહ્યા હોવાનું તૈયાર કરાયેલા સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું.

## એર ટિકિટ બુકિંગના 48 કલાકની અંદર ફ્રી કેન્સલેશન

### DGCA ટૂંક સમયમાં હવાઈ મુસાફરી માટે નવા નિયમો રજૂ કરી શકે છે, જાણો વધુ માહિતી

હવાઈ મુસાફરો હવે બુકિંગના 48 કલા ક ની અંદર કોઈપણ વધારાના ચાર્જ વિના તેમની ટિકિટ રદ કરી શકે છે અથવા બદલી શકે છે. નાગ રિ ક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA)એ આ નવા નિયમોનો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે. હાલમાં આ ફક્ત એક ડ્રાફ્ટ પ્રસ્તા વ છે. DGCAએ 30 નવે મ્બ ર સુધી જનતા પાસેથી સૂચનો માગ્યા છે. જો બધું બરાબર રહેશે તો નિયમો ટૂંક સમયમાં ઘડવા માં આવશે, પરંતુ એના અમલીકરણની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. આ સુવિધા ચોક્કસ શરતોને આધીન ઉપલબ્ધ રહેશે . બુકિંગ કર્યા પછી તમારી પાસે 48 કલાકનો લુક-ઈન પિરિયડ




હશે. આનો અર્થ એ છે કે જો તમને તમારી ટિકિટ પસંદ ન હોય તો તમે કાળજીપૂર્વક વિચારી શકો છો અને રદ કરી શકો છો. નામની કોઈપણ ભૂલ 24 કલાકની અંદર મફતમાં સુધા રી શકાય છે. તબીબી કટોક ટી ના કિસ્સામાં એરલાઇન રિફંડ પણ આપી શકે છે.

મુસા ફ રે ટિકિટ સીધી એરલાઇનની વેબસાઇટ દ્વારા બુક કરાવી હોય કે ટ્રાવેલ એજન્ટ અથવા પોર્ટલ દ્વારા, રિફંડ માટે એરલાઇન જવાબદાર રહેશે, કારણ કે એજન્ટ તેમ ની એ રલાઈનનો એક એક્સ્ટેન્શન છે. રિફંડ 21 કાર્યકારી દિવસોમાં જારી કરવું આવશ્યક છે.

જો તમે ટિકિટમાં સુધારો કરી રહ્યા છો તો ફક્ત નવી ફ્લાઈટ માટે ભાડાનો તફાવત લાગુ થશે, જોકે આ સુવિધા ફક્ત ત્યારે જ ઉપલબ્ધ છે જો ફ્લાઈટની પ્રસ્થાન તારીખ બુકિંગ તારીખથી ઓછામાં ઓછી 5 દિવસ (ઘરેલુ) અથવા 15 દિવસ (આંતરરાષ્ટ્રીય) હોય.

હાલમાં ભારતમાં એર ટિકિટ રદ કરવા માટે 48 કલાકનો કોઈ પ્રમાણભૂત ગ્રેસ પિરિયડ નથી. મોટા ભાગની એરલાઈન્સ તેમની પોતાની નીતિઓના આધારે ફી વસૂલ કરે છે.

### ધી ગુજરાત સચિવાલય ફેડરેશનની CMને રજુઆત

# ફિક્સ પગારની નીતિ અંતર્ગત જોડાયેલ કર્મચારીઓને નિયમિત સેવા લાભ આપવા માગ

- ફિક્સ પગારની નીતિના કારણે પૂર્વ સેવાકાળ ગણાતો નથી
- ધી ગુજરાત સચિવાલય ફેડરેશને રાજ્ય સરકારને વિનંતી કરી છે
- હજારો કર્મચારીઓ આ નીતિની અસરોને કારણે વેતન અને નિવૃત્તિ લાભોથી વંચિત છે



તસ્વીર પ્રતિકાત્મક છે

**ગાંધીનગર, તા.04**

ધી ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા રાજ્ય સરકારને રજુઆત કરવામાં આવી છે. જેમાં તેને ફિક્સ પગારની નીતિ અંતર્ગત એક વિભાગમાંથી બીજા વિભાગમાં જોડાયેલા કર્મચારીઓને તેમની અગાઉની સેવાકાળનો લાભ આપવામાં આવે. ધી ગુજરાત સચિવાલય ફેડરેશને રાજ્ય સરકારને વિનંતી કરી છે કે, ફિક્સ પગારની નીતિ અંતર્ગત એક વિભાગમાંથી બીજામાં જોડાયેલા કર્મચારીઓને તેમની સંપૂર્ણ સેવા દરમિયાનના સમયગાળાનો લાભ (રજા, પેન્શન, વેતન) મળવો જોઈએ અને તે માટે યોગ્ય માર્ગદર્શિકા બહાર પાડવી જોઈએ.

ફેડરેશનના પ્રમુખ કીર્તિ એલ. પટેલ અને મહામંત્રી હિરેન આર. પટેલે રજૂઆતમાં જણાવ્યું છે કે, હાલ સરકારી વિભાગોમાં વિવિધ ભરતી વર્ગ-૩ હેઠળ નિમણૂક પામેલા કર્મચારીઓમાંથી કેટલાક કર્મચારીઓ પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર પર સેવા પૂરી કર્યા બાદ વિવિધ પરિસ્થિતિઓને કારણે બીજા વિભાગમાં જોડાય છે. પરંતુ નવી જગ્યાએ તેઓને પૂર્વ સેવા સમયગાળો માન્ય કરવામાં આવતો નથી, જેના કારણે તેમનું વેતન, રજા, પેન્શન સહિતના લાભોમાં મોટું નુકસાન થાય છે. ફેડરેશનના જણાવ્યા અનુસાર, આ સમસ્યા ખાસ કરીને તેઓને અસર કરે છે જેઓએ એક વિભાગમાં ફરજ બજાવી સરકારની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી છે અને પછી અન્ય વિભાગમાં નવી ભરતી હેઠળ જોડાયા છે. પરંતુ ફિક્સ પગારની નીતિની ટેકનિકલ મર્યાદાઓને કારણે તેમનો પૂર્વ સેવાકાળ ગણાતો નથી.

#### કર્મચારીઓને ન્યાય મળે તે માટે સરકારને અપીલ

ફેડરેશને આ પ્રશ્નને મહત્ત્વપૂર્ણ ગણાવતા જણાવ્યું છે કે, હજારો કર્મચારીઓ આ નીતિની અસરોને કારણે વેતન અને નિવૃત્તિ લાભોથી વંચિત છે. તેથી તાત્કાલિક યોગ્ય નિર્ણય લઈ કર્મચારીઓને ન્યાય મળે તે માટે સરકારને અપીલ કરવામાં આવી છે.

#### યોગ્ય માર્ગદર્શિકા બહાર પાડવા માગ

ધી ગુજરાત સચિવાલય ફેડરેશને રાજ્ય સરકારને વિનંતી કરી છે કે, ફિક્સ પગારની નીતિ અંતર્ગત એક વિભાગમાંથી બીજામાં જોડાયેલા કર્મચારીઓને તેમની સંપૂર્ણ સેવા દરમિયાનના સમયગાળાનો લાભ (રજા, પેન્શન, વેતન) મળવો જોઈએ અને તે માટે યોગ્ય માર્ગદર્શિકા બહાર પાડવી જોઈએ.

**નિયમનો અમલ થતો નથી :** ફેડરેશને ઉલ્લેખ કર્યો છે કે સામાન્ય વહીવટ વિભાગે 1988 અને 2005ના વિવિધ ઠરાવોમાં ફિક્સ પગારના કર્મચારીઓને જોડાણ સમયે અગાઉના સેવાકાળનો લાભ આપવાની સ્પષ્ટતા કરી છે, પરંતુ હાલની ભરતી પ્રણાલીમાં આ નિયમનો અમલ થતો નથી.

# સેવન્થ ડે સ્કૂલ દ્વારા વાલીઓને લખાયેલા પત્રથી વિવાદ સર્જાયો

### તપાસ કમિટીએ તૈયાર કરેલો રિપોર્ટ ખોટો હોવાનો દાવો, DEOએ કહ્યું- રિપોર્ટ ખોટો હોય તો પુરાવા કેમ આપ્યા નથી?




**અમદાવાદ, તા.04**

સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યા બાદ તપાસ કમિટીએ શિક્ષણ વિભાગને રિપોર્ટ સબમિટ કર્યો છે. જેમાં શાળાઓમાં અનેક પ્રકારની ખામીઓ હોવાથી શાળાને સરકાર હસ્તક લેવા માટે તપાસ કમિટીએ ભલામણ કરી છે. જેને લઈને તપાસ કમિટીના રિપોર્ટ સામે સેવન્થ ડે સ્કૂલે વાંધો ઉઠાવ્યો છે. તપાસ કમિટીના રિપોર્ટ બાદ સ્કૂલ દ્વારા વાલીઓને એક પત્ર લખવામાં આવ્યો છે. જેમાં તપાસ કમિટીએ જે રિપોર્ટ બનાવ્યો છે તે ખોટો હોવાનો શાળા દ્વારા દાવો કરવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગની તપાસ કમિટી શાળાનું કાર્ય ના સમજી શકી હોવાનો પણ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેને લઈને અમદાવાદ શહેર DEOએ કહ્યું કે જો તપાસ કમિટીનો રિપોર્ટ ખોટો હોય તો શાળાએ તમારા પુરાવા વાલીઓ જોઈ શકે તે રીતે જાહેર કરવા જોઈએ.

સેવન્થ ડે સ્કૂલ દ્વારા વાલીઓને જે પત્ર કરવામાં આવ્યો છે તેમાં તપાસ કમિટીનો રિપોર્ટ ખોટો હોવાનો શાળા દ્વારા દાવો કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર DEO ની તપાસ કમિટી શાળાની કાર્યપ્રણાલી અને સંગઠનાત્મક માળખાને સમજી શક્યા ના હોવાનો પણ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 40 વર્ષથી શાળા ચાલુ હોવા હોય તો ખોટા ડોક્યુમેન્ટના આધારે આટલા વર્ષો સુધી કઈ રીતે ચાલી શકે તેવો તર્ક શાળા દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, સેવન્થ ડે સ્કૂલમાં તપાસ કમિટી રચવામાં આવી છે અને શિક્ષણ નિરીક્ષક દ્વારા તપાસ રિપોર્ટ જમા કરાવવામાં આવ્યો છે. જેમાં શાળામાં ખૂબ જ ગંભીર પ્રકારની અનિયમિતતાઓ ધ્યાને આવી છે. જેના આધારે શિક્ષણ વિભાગની વડી કચેરીમાં રિપોર્ટ સબમિટ કરવામાં આવ્યો છે. અત્યારે શાળા જે જગ્યાએ ચાલે છે ત્યાંના જરૂરી આધાર પુરાવા રજૂ કરવા પૂરતો સમય આપવામાં આવ્યો હતો, છતાં શાળા મંડળ દ્વારા જરૂરી પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. આશ્લોક ટ્રસ્ટ દ્વારા પ્રાઈમરી શાળા ત્યાં ચાલે છે તેની મંજૂરી આધાર પુરાવો શાળા મંડળ દ્વારા રજૂ કરવામાં આવ્યો નથી. જો કે હમણાં શાળાના પ્રિન્સીપાલ દ્વારા વાલીઓને એક મેસેજ કરવામાં આવ્યો છે કે શાળા દ્વારા પૂરતા ડોક્યુમેન્ટ આપવામાં આવ્યા છે પરંતુ જે ડોક્યુમેન્ટ આપવા જોઈએ તે આપ્યા જ નથી.

વધુમાં DEO રોહિત ચૌધરીએ જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓના વાલીઓએ ચિંતિત થવાની જરૂર નથી. વિદ્યાર્થીઓનું શૈક્ષણિક હિત ના જોખમાય તે માટેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓની સલામતી રહે તે અમારા માટે ખૂબ જરૂરી છે. એટલા માટે ઓબ્ઝર્વર પણ મૂકવામાં આવ્યા છે. આગામી સમયમાં સરકાર હસ્તક વહીવટ લેવામાં આવે તો પણ શૈક્ષણિક કાર્યમાં કોઈપણ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં. શાળા દ્વારા વાલીઓને જે જણાવવામાં આવ્યું છે, તો અત્યારે શાળા જે જગ્યાએ ચાલે છે તેની મંજૂરી અને જેટલા પણ ડોક્યુમેન્ટ માંગ્યા છે તે આપવામાં આશ્લોક ટ્રસ્ટ દ્વારા હજુ સુધી આપવામાં આવ્યા નથી. જેથી સ્પષ્ટ થાય છે કે અત્યારે જ્યાં શાળા ચાલે છે તેની મંજૂરીના ડોક્યુમેન્ટ શાળા મંડળ પાસે નથી.

## અમદાવાદ ડિવિઝનના નિવૃત્ત કર્મચારીઓ માટે 15 ડિસેમ્બરે પેન્શન અદાલત.....

**અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખ 21 નવેમ્બર, પેન્શન સંબંધિત પ્રશ્નો-ફરિયાદોના ઝડપી નિકાલ માટે આયોજન**

**અમદાવાદ, તા.04**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા નિવૃત્ત કર્મચારીઓ માટે પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. રેલવે બોર્ડના નિર્દેશ અનુસાર પેન્શન સંબંધિત પ્રશ્નો અને ફરિયાદોના ઝડપી નિકાલ માટે આ ખાસ અદાલત 15 ડિસેમ્બર, 2025ના રોજ, સોમવારના દિવસે યોજાશે. આ પેન્શન અદાલત અમદાવાદ સ્થિત ડિવિઝનલ રેલવે મેનેજરની કચેરી ખાતે યોજાશે. અમદાવાદ ડિવિઝનમાંથી રેલવે સેવામાંથી નિવૃત્ત થયેલા તમામ પેન્શનરો અને ફેમિલી પેન્શનરો આ કાર્યક્રમનો લાભ લઈ શકશે. નિવૃત્ત કર્મચારીઓ તેમની પેન્શન સંબંધિત કોઈપણ ફરિયાદો માટે અરજી ત્રણ નકલમાં સબમિટ કરી શકશે. અરજીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ 21 નવેમ્બર, 2025 નક્કી કરવામાં આવી છે. અરજી ડિવિઝનલ રેલવે મેનેજર (સ્થાપના) કચેરી, પશ્ચિમ રેલવે, અમદુપુરા, અમદાવાદ ખાતે જમા કરવાની રહેશે.




અરજી સાથે પેંશનરને પોતાની વ્યક્તિગત વિગતો જેવા કે નામ, હોદ્દો, છેલ્લો પગાર, ભરતી અને નિવૃત્તિની તારીખ, PPOની નકલ તથા ફરિયાદનો પ્રકાર ફરજિયાત રીતે ઉમેરવાનું રહેશે. આ પેન્શન અદાલત નિવૃત્ત રેલવે કર્મચારીઓની મુશ્કેલીઓનું ઝડપી નિરાકરણ લાવવા મદદરૂપ થશે.

# ગુજરાતમાં ફેમિલી કોર્ટના કેસમાં એક વર્ષમાં બમણો વધારો, 62000થી વધુ કેસ

**અમદાવાદ, તા.04**



ગુજરાતની ફેમિલી કોર્ટમાં નોંધાતા કેસમાં એક વર્ષમાં બમણો વધારો નોંધાયો છે. વર્ષ 2023માં 27194 સામે વર્ષ 2024માં 62146 જેટલા કેસ ફેમિલી કોર્ટમાં નોંધાયા હતા. એક વર્ષમાં ફેમિલી કોર્ટમાં સૌથી વધુ કેસ નોંધાયા હોય તેવા રાજ્યમાં ગુજરાત ચોથા સ્થાને છે. વર્ષ 2024માં ગુજરાતની ફેમિલી કોર્ટમાં 62146 કેસ નોંધાયા હતા. જેના ઉપરથી કહી શકાય કે, દરરોજ સરેરાશ 170 જેટલા કેસ ફેમિલી કોર્ટમાં નોંધાય છે. વર્ષ 2024ના અંતે ગુજરાતની ફેમિલી કોર્ટમાં 51999 કેસ પેન્ડિંગ હતા.

વર્ષ 2024 સમગ્ર દેશની વાત કરવામાં આવે તો સૌથી વધુ કેસ નોંધાયા હોય તેમાં ઉત્તર પ્રદેશ 1.88 લાખ સાથે મોખરે, પંજાબ 55547 સાથે બીજા, કેરળ 45628 સાથે ત્રીજા, ગુજરાત ચોથા સ્થાને છે. અન્ય મોટા રાજ્યમાંથી મહારાષ્ટ્રમાં 30236, મધ્ય પ્રદેશમાં 32874, રાજસ્થાનમાં 34174 કેસ નોંધાઈ ચૂક્યા છે. ઉત્તર પ્રદેશમાંથી સૌથી વધુ 3.98 લાખ, કેરળમાં 1.09 લાખ, પંજાબમાં 77604 જેટલા પેન્ડિંગ કેસ છે. સમગ્ર દેશની 848 ફેમિલી કોર્ટમાં 6.43 લાખ કેસ નોંધાયા છે, 12.42 લાખ પેન્ડિંગ છે જ્યારે 6.85 લાખ કેસનો નિકાલ થયેલો છે.

નિષ્ણાતોને મતે, છેલ્લા કેટલાક સમયથી દંપતીમાં નાની તકરાર મોટું સ્વરૂપ ધારણ કરવા લાગે છે અને તે છેવટે છૂટાછેડામાં પરિણમે છે. દંપતીમાં સમજણનો સેતુ સતત તૂટી રહ્યો છે અને બંનેમાંથી જાણે કોઈ અહમની દીવાલ તોડવા માટે તૈયાર નથી. વર્તમાન સમયમાં મહિલા અને પુરુષની પ્રાથમિકતા બદલાઈ છે. મોબાઈલ, સોશિયલ મીડિયામાં વધુ પડતો સમય તણાવનું કારણ છે. નાની-નાની વાતોમાં સાસુ-સસરા સાથે અણબનાવના કિસ્સા વધ્યા છે.

છેલ્લા પાંચથી દસ વર્ષમાં આવતાં કેસમાં 30થી 40 ટકા કેસ 40થી 50 વર્ષની વયજૂથના લોકોના છે. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષિત વર્ગમાં છૂટાછેડાના પ્રમાણમાં વધારો થયો છે. શહેરની ફેમિલી કોર્ટ પડતર છૂટાછેડાના કેસમાં અરજી કરનારા 50થી 65 ટકા પતિ છે. ફેમિલી કોર્ટમાં પેન્ડિંગ કુલ કેસમાંથી 60 હજારમાં તો પતિએ છૂટાછેડા માગ્યા છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

सत्यमेव जयते





રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત નવેમ્બર - ૨૦૨૫ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

નવેમ્બર -૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ (ઉપલબ્ધિ મુજબ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| 3 | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration " મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# અમદાવાદના મણિનગરમાં ચાલતા દેહવેપારના રેકેટનો પર્દાફાશ, મેનેજરની ધરપકડ, પાંચ મહિલાઓને મુક્ત કરાઈ

**અમદાવાદ, તા.04**

અમદાવાદના મણિનગર વિસ્તારમાં બોડી મસાજ પાર્લરની આડમાં ચાલતા હાઈ-પ્રોફાઈલ દેહવ્યાપારના રેકેટનો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની એન્ટી-હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે (AHTU) પર્દાફાશ કર્યો છે. સોમવારે સાંજે 'ઓશનિક સ્પા' પર પાડવામાં આવેલા દરોડામાં પોલીસે સ્પાના મેનેજરની ધરપકડ કરી હતી અને અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવેલી પાંચ મહિલાઓને બચાવી લીધી હતી.




પ્રાપ્ત માહિતી અનુસાર AHTUને બાતમી મળી હતી કે મણિનગરના કાંકરિયા તળાવ પાસે આવેલા રાજદીપ ડ્રીમ કોમ્પ્લેક્ષના ત્રીજા માળે ચાલતા 'ઓશનિક સ્પા'માં પૈસાના બદલામાં ગ્રાહકોને જાતીય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આ બાતમીના આધારે પોલીસે એક ડમી ગ્રાહક તૈયાર કરી ઓપરેશન ગોઠવ્યું હતું. એક પોલીસ અધિકારી અને ટીમે ડમી ગ્રાહકને રૂ.500ના દરની ચિહ્નિત નોટો આપીને સ્પામાં મોકલ્યો હતો. ગ્રાહકને સૂચના આપવામાં આવી હતી કે તે જાતીય સેવાઓ માટે વાટાઘાટ કરે અને સોદો નક્કી થતાં જ પોલીસને સંકેત આપે. ડમી ગ્રાહકનો સંકેત મળતા જ પોલીસ ટીમે તાત્કાલિક સ્પામાં દરોડો પાડ્યો હતો અને મેનેજર રાજેશ મનીશેખ શેખ (ઉંમર 32) ને ઝડપી પાડ્યો હતો. રાજેશ મૂળ પશ્ચિમ બંગાળનો વતની છે અને છેલ્લા ત્રણ વર્ષથી આ સ્પા ચલાવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. પૂછપરછમાં તેણે કબૂલ્યું કે સ્પાનો માલિક મહારાષ્ટ્રના નવી મુંબઈ (વાશી) ખાતે રહેતો ભીમસિંહ કબીર નાયક છે.

## દારૂ પીધેલા કાર ચાલકે ટેમ્પોને અડફેટે લીધો : પરિવારના પાંચ સભ્યો ઘાયલ

**ગાંધીનગર, તા.04**

ગાંધીનગર શહેરના ગ માર્ગ ઉપર સેક્ટર ૧૬ના કટ પાસે ગઈકાલે મોડી સાંજે ટેમ્પોમાં સેક્ટર ૨૪નો પરિવાર સિવિલમાં દાખલ સગાને ટિફિન આપવા જઈ રહ્યો હતો તે દરમિયાન દારૂ પીધેલા કાર ચાલકે તેમના ટેમ્પોને અડફેટે લીધો હતો. જેમાં પરિવારના પાંચ સભ્યોને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પાટનગર ગાંધીનગર શહેરમાં છેલ્લા થોડા સમયથી અકસ્માતોના બનાવો ગંભીર રીતે વધી રહ્યા છે અને તેમાં પણ ડ્રિન્ક એન્ડ ડ્રાઈવની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિમાં ગઈકાલે ગાંધીનગર શહેરના સેક્ટર ૨૪માં રહેતો પરિવાર ટેમ્પોમાં બેસીને પરિવારને ટિફિન આપવા જઈ રહ્યો હતો તે સમયે દારૂ પીધેલા કાર ચાલકે અકસ્માત સર્જી દીધો હતો. જે ઘટના સંદર્ભે પોલીસે સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ઈન્દિરાનગર ખાતે રહેતા મફાજી ચેલાજી ભીલ તેમના પરિવારના બે ભત્રીજા વહુ રોશનીબેન શંકરભાઈ ગોહિલ અને રમીલાબેન મોહનભાઈ ગોહિલ તેમજ કુટુંબીબેન શાંતાબેન સોમાભાઈ અને ભાઈ સોમાજી વેલાજી ભીલ સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ તેમના જમાઈને ટિફિન આપવા માટે જઈ રહ્યા હતા. આ પાંચે સભ્યો ટેમ્પોમાં સવાર હતા તે દરમિયાન તેમનો ટેમ્પો ગ માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યો હતો.

ચેનલ લાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599